સરસ્વતી વિદ્યામંડળ


સ્થાપના : ૧૯૪૪

આપણા કૌટુંબિક જીવનની માવજત કરી
આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને વ્યક્તિ ઘડતર દ્વારા
સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂ. ૨૦/-● વાર્ષિક લવાજમઃ રૂ. ૧૫૦/-
PUBLICATION : 2ND DATE OF MONTH

# ઘરશાળા

વર્ષ : ૪૦ | સળંગ અંક : ૪૮૭ | અંક : ૮ | સપ્ટેમ્બર - ૨૦૧૭




અન્સારી નૌસરીનબાનુ
(ધો.૧૧-ખ, જે.એન. બાલિકા વિદ્યાલય)

# સરસ્વતી વિદ્યામંડળની શાળાઓમાં ૧૫મી ઓગસ્ટની ઉજવણી

















# ઘરશાળા

**સપ્ટેમ્બર - ૨૦૧૭**

**વર્ષ : ૪૦ સળંગ અંક : ૪૮૭**


સ્થાપક તંત્રીઓ : **હરભાઈ ત્રિવેદી**
**રઘુભાઈ નાયક**

તંત્રીઓ : **જશીબહેન નાયક**
**જ્યોતીન્દ્રભાઈ દવે**
**સજુભા ઝાલા**

પરામર્શ : **મૃદુલાબહેન ત્રિવેદી**
**અમીતાબહેન પાલખીવાલા**
**અશોકભાઈ સોમપુરા**
**હેતલબહેન શાસ્ત્રી**

લે-આઉટ - ડિઝાઈન : **મનીષ પટેલ**


**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતિ ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**

| લવાજમ : | ભારત | પરદેશ | |
|---|---|---|---|
| વાર્ષિક : | ૧૫૦/- | ૪૦ $ | ૨૫ £ |
| આજીવન (૨૦ વર્ષ) | ૨,૦૦૦/- | ૨૦૦ $ | ૧૦૦ £ |

**કાર્યાલય :**
**'ઘરશાળા' શૈક્ષણિક માસિક**
**સરસ્વતી વિદ્યામંડળ**
**ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ,**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૮.**
**ફોન : ૨૨૯૨૦૫૩૭, ૨૨૯૨૫૫૭૦**
Email : gharashala@saraswatividyamandal.org
website : saraswatividyamandal.org


## અનુક્રમ

| | |
|---|---|
| મારી શૈક્ષણિક વિભાવનાઓ | ડૉ. મોહનભાઈ પંચાલ / ૪ |
| સંપાદકીય | હેતલ શાસ્ત્રી / ૫ |
| સ્મરણયાત્રા | જશીબહેન નાયક / ૬ |
| શિક્ષકના વ્યવસાયને ઉજાળીએ | મનસુખ સલ્લા / ૧૩ |
| અંગ્રેજી ભાષાનું શિક્ષણ | હરભાઈ ત્રિવેદી / ૧૫ |
| મારી જાદુઈ શાળા | ડૉ. અભય બંગ / ૨૧ |
| નિર્વ્યાજ પ્રેમનો ચમત્કાર (સત્ય ઘટના) | હીરજીભાઈ નાકરાણી / ૨૬ |
| સ્નેહ અને સંપત્તિનો સહવાસ | રણછોડ શાહ / ૩૧ |
| ભારતનું ગૌરવ મહારાણા પ્રતાપ | ભગવાનભાઈ કાનાણી / ૩૩ |
| વલ્લભભાઈ પટેલ : કેળવણી એટલે તન, મન અને આત્મ વિકાસની ગુરુ ચાવી | પ્રવીણ મકવાણા / ૩૫ |
| **વિદ્યાર્થી આલમ** | |
| શ્રી બંસીભાઈ કાર્ટૂનિસ્ટ | મિતાલી વિનોદભાઈ જાદવ / ૩૬ |
| પ્રદૂષણ - એક સાર્વત્રિક સમસ્યા | વંદના એ. હટોજા / ૩૭ |
| મનગમતો આ અમારો ક્લાસ... | નાગર નેન્શી એમ. / ૩૮ |
| "વરસાદની મજા" | ડાભી નુપૂર મહેશકુમાર / ૩૮ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા / ૩૯ |
| સંસ્થા સમાચાર : | સ્વૈચ્છિક રક્તદાન શિબિર / ૪૧ |


## "ઘરશાળા"
## શૈક્ષણિક માસિક
## લેખક જોગ - વાચકો જોગ
## માહિતી મોકલવા માટે ઈ-મેઈલ
**gharashala@saraswatividyamandal.org**
## વાંચવા માટે
**www.saraswatividyamandal.org/publication**

# મારી શૈક્ષણિક વિભાવનાઓ

**ડૉ. મોહનભાઈ પંચાલ**

મંથન, ૪૦, જનવિશ્રામ સોસાયટી, સહજાનંદ કૉલેજ પાછળ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

## ક્રોધથી લડાયકવૃત્તિ જન્મે છે


દરેક બાળક વત્તાઓછા અંશે ક્રોધ વા ગુસ્સો ધરાવે છે. પ્રસંગોચિત બાળકનો ગુસ્સો પ્રગટે છે, ત્યારે તે માબાપ કે શિક્ષકને ગમતો નથી. ક્રોધથી પ્રેરાઈને બાળક સામી વસ્તુ કે વ્યક્તિ વા પરિસ્થિતિ પર આક્રમક બનીને નુકસાન પહોંચાડે છે.

કોઈ પણ બાળકનું આવું વર્તન વાંધાજનક તો લેખાય. વળી, તેનાથી સામી વ્યકિતને પણ ગુસ્સો આવે, અને તે પણ ઉત્તેજનામાં આક્રમક બની જાય, તો એ બંને વચ્ચે એક પ્રકારનું નાનું યુદ્ધ ખેલાય !

ક્રોધ પેદા થવાનાં કારણો પૈકીનું એક છે, વ્યક્તિની નિર્બળતા. નિર્બળ માણસ પોતાની લઘુતાગ્રંથિને કારણે ગુસ્સો દાખવે અને આક્રમક બને છે.

બાળકોમાં આવી ક્રોધની લડાયક લાગણીનો વિકાસ ન થાય તેની માબાપે અને શિક્ષકે તકેદારી રાખવી જોઈએ. એવી ક્રોધ પેદા કરે તેવી પરિસ્થિતિ જ ઊભી ન થવા દેવી ઘટે. ક્રોધની લાગણીને દાબી દેવા કરતાં તેનું માર્ગાન્તરીકરણ કરવાનું યોગ્ય લેખાશે. તે સારુ માબાપ કે શિક્ષકે તત્કાળ બાળકનું મન અન્યત્ર વાળી દઈ, તેની અન્ય ક્ષમતાની ઉચિત પ્રશંસા કરવી ઘટે. બાળકની વિવિધ શક્તિઓનો અને કૌશલ્યોનો સકારાત્મક વિકાસ થાય, તેવી પ્રવૃત્તિઓના આયોજનથી બાળકોની ક્રોધ વા ગુસ્સાની લાગણીઓનું નિયંત્રણ થઈ શકે છે.

એક બીજું પરિબળ પણ ક્રોધની લાગણી પેદા કરવામાં ભાગ ભજવે છે, જે વ્યક્તિની શારીરિક અને માનસિક સ્વસ્થતાની ઉણપ અંગેનું છે. આવી અમૂર્તતા શોધી કાઢીને મા-બાપ કે શિક્ષકે તેની તબીબી તપાસ અને ઉપચાર હાથ ધરવા ઘટે.



## સંપાદકીય

**હેતલ શાસ્ત્રી**

# પડકાર

બ્લૂ-વ્હેલ ચેલેન્જ - સંભવત્ આજના પ્રબુદ્ધ સમાજ માટે આ શબ્દ અજાણ્યો નહિ હોય. છેલ્લા કેટલાક સમયથી મોબાઈલ, ઈન્ટરનેટ પરની આ રમત ચર્ચાસ્પદ બની રહી છે. વિશ્વના કેટલાંય દેશોના બાળકોને આ રમતે મૃત્યુ માટેની દુષ્પ્રેરણા આપી છે. તાજેતરમાં સુપ્રીમમાં આ રમતને પડકારની જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી છે. ભારતીય આઈ.ટી. મંત્રાલયે આ ખતરનાક રમતને તમામ પ્લેટફોર્મ પરથી દૂર કરવાના આદેશો આપી દીધા છે. પ્રશ્ન એ ઊભો થાય છે કે બાળકને મોબાઈલ, ઈન્ટરનેટની જરૂરિયાત કેટલી ? અને ક્યારે ? માતા-પિતા પાસે રમતના અમૂલ્ય સાધન તરીકે મોબાઈલ ઈન્ટરનેટ એક માત્ર વિકલ્પ બચ્યો છે ! કે પછી જિંદગીની વ્યવસ્થા વચ્ચે અમારી પાસે અમારા સંતાન માટે સમય જ નથી એવું સિફતથી કહી પોતાની જવાબદારીઓથી પીછો છોડાવવાની વાત છે ! જાણે અજાણે પોતાના અપરિપક્વ સંતાનના હાથમાં મોબાઈલ પકડાવી દેતા હરખઘેલા માતા-પિતા પોતાના બાળકની શારીરિક માનસિક સામાજિક વિકાસની પ્રક્રિયામાં અવરોધો ઊભા કરે છે. બાળકો પણ પોતાની વયજૂથના દબાણને કારણે મોબાઈલ પ્રત્યે આકર્ષણ ધરાવે છે. આધુનિક શિક્ષણમાં ટેકનોલૉજીનો મહત્તમ ઉપયોગ આ સમજ હેઠળ બાળકો મોબાઈલ ઈન્ટરનેટ તરફ સહજતાથી ઢળી જાય છે. અહીં જ સમસ્યા ઉદ્‌ભવે છે. ટેકનોલૉજી વાપરી શકાય છે, તે હાથવગી છે - તે બાળક જાણે છે. પણ તેનો કેવો, કેટલો. કેવી રીતે અને કોની સામે ઉપયોગ કરવો તેનાથી તે તદ્દન અજાણ છે. અહીં માતા-પિતા અને શિક્ષકોની ભૂમિકા શરૂ થાય છે. અમુક વય સુધી સંતાનના હાથમાં મોબાઈલ ન આપી શકાય તેવી સમજ માતા-પિતા એ સ્વયં કેળવવી પડે અને સંતાનને સમજાવવી પડે. સંતાનોના દેખતા સ્વયંના વપરાશ ઉપર પણ લગામ લગાવવી પડે. પોતાના સંતાનો સાથે રમવાનો, વાત કરવાનો, ફરવા જવાનો, જમવાનો સમય સતત આપવો પડે. ઘરની બહાર રમાતી મેદાની રમતોમાં સંતાનો વધુ રસ દાખવે તેવા પ્રયત્નો કરવા જોઈએ. બાળકના ભણતરમાં જો ઈન્ટરનેટના ઉપયોગની શરૂઆત થઈ હોય તો, માતાપિતા એ પોતાના ઘરમાં કમ્પ્યૂટરની ગોઠવણ એવી રીતે કરવી જોઈએ કે જેથી બાળકની ઈન્ટરનેટના વપરાશની ગતિવિધિની સહેલાઈથી જાણકારી મળી શકે. ઘરના બાકીના નિયમોની જેમ ઈન્ટરનેટ વપરાશના નિયમો પણ બનાવી શકાય. બાળકને અભ્યાસમાં જરૂર જેટલી જ ઈન્ટરનેટ-સાઈટ્સ ઘરના કમ્પ્યૂટરમાં આવી શકે, અન્ય નહિ તે પ્રકારના સોફ્ટવેરની ગોઠવણ કરવી જોઈએ.

મોબાઈલ-ઈન્ટરનેટ ટેકનોલૉજીએ માનવીના જીવનને વધુ સરળ અને સુગમ બનાવ્યું છે તેમાં બે મત નથી. કોઈપણ પ્રકારની ટેકનોલૉજી માનવીના જીવન જીવવા માટેની એક સગવડ બની રહેવી જોઈએ. આધુનિક પેઢી ટેકનોલૉજીની ગુલામ ન બને તે આજના અને આવનાર સમય માટેના નવીન પડકારો છે.

'અતિ સર્વત્ર્ વર્જયતે્' — આ સૂક્તિ આધુનિક પેઢીએ આત્મસાત કરવી પડશે.

## સ્મરણયાત્રા

**જશીબહેન નાયક**

મૈત્રી સોસાયટી, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

# શિક્ષકમંડળની સભાઓ આશીર્વાદ બની

હમ સાથ ખાયે - સાથ ખેલે,
સાથ હી બેઠા કરે.
હમ સાથ બઢ લે, સાથ પઢ લે,
સબ જગહ સહયોગ દે.

આપણી પ્રાચીનકાળથી પંક્તિઓ દરેક યુગમાં માર્ગદર્શક બની રહે છે. સહયોગની ભાવના કેવી સનાતન સત્ય જેવી છે ? એ સમજીને જીવનમાં એનું આચરણ કરીએ તો જીવન આશીર્વાદરૂપ બની જાય.

આજે લખતાં લખતાં આ પ્રાચીન પંક્તિઓ યાદ એટલા માટે આવે છે કે અમને આ અનુભવ અમારી શનિવારની શિક્ષકોની સભામાં શાળાના કાર્યક્રમોની વિચારણા થતી. એનાં પરિણામો રોજ-બરોજના કામમાં દેખાવા લાગ્યાં.

શિક્ષકોની શનિવારની સભાઓમાં શાળાનાં નાનાં મોટાં કાર્યોની સમજણને લીધે શિક્ષકોને બરાબર ખબર હતી કે તેઓ શું કરી રહ્યા છે. તેમનો સહકાર ઘણી જ સમજણ સાથે મળવા લાગ્યો. શાળાની પ્રાર્થના એના હેતુ સાથે થતી. અભ્યાસક્રમની યોજનાથી શિક્ષકોને સારામાં સારી રીતે આગળ ધપાવી શકાતા હતા.

**મહેમાન ફાધર શિક્ષકસભામાં :**

એ સમયે સરસપુર, અસારવા અને ગોમતીપુર એમ શહેરના પૂર્વ વિસ્તારમાં આ ત્રણેય લત્તાઓ થઈને માંડ એક લાખની વસ્તી હશે. એમાં આ સરસ્વતી વિદ્યાલય એક જ માત્ર શાળા હતી. અમારી શાળા શરૂ થયા પછી થોડા સમય પછી ગોમતીપુરમાં મિશનરી લોકોએ શાળા શરૂ કરી તે સેવામંદિર.

એક વખત અમને એવો વિચાર આવ્યો કે એ શાળા શરૂ કરનારા (આપણે પૂર્વ વિભાગના કાર્યકરો હોવાથી) ફાધરને આપણી શનિવારની સભામાં બોલાવીએ અને તેમના અનુભવો સાંભળીએ.

વળી, અમારા મનમાં એમ પણ ખરું કે ક્રિશ્ચિયન મિશનરીઓ જે કામ હાથમાં લે તેમાં મુશ્કેલીઓ જોયા વિના પોતે તે પૂરું કરવા આગળ વધતા જાય. વળી તેઓને મિશનરી સ્પિરિટનો ખ્યાલ સૌ શિક્ષકોને સાંભળવા મળે તો સાથે સાથે એ પણ એક જાતનું જ્ઞાન જ મળી રહે. સાથે સાથે મિશનરી ભાવના શિક્ષકોમાં વધતી જાય. જેથી અમારું આ મિશન વિકસાવવાના અમારા પ્રયત્નોમાં અમે સફળ થઈએ. અમારે મન સરસ્વતી એક મિશન કહો કે યજ્ઞ બંને એક જ હતી.

એથી અમારા જ બે શિક્ષક મિત્રો જઈને 'ફાધર સાલાસ'ને શનિવારની શિક્ષક સભામાં બોલવા આમંત્રણ આપી આવ્યા. તેઓ પણ સમાજના પછાત વર્ગમાં કામ કરતા હોવાથી અમારા અને એમના પ્રશ્નો સરખા પણ હોય. એથી ગરીબોની વસ્તીમાં કામ કરવામાં આપણને મદદરૂપ થશે.

એ સેવા વિદ્યાલયના આચાર્ય ફાધર સાલાસને અમે આમંત્રણ આપ્યું.

પછીનો શનિવાર આવ્યો. અમે તેમને જે સમય આપ્યો હતો એ સમય પહેલાં ૧૦ મિનિટે તેઓએ શાળાના કમ્પાઉન્ડમાં પ્રવેશ કર્યો અને અમારી સૌની સાથે હાથ મિલાવ્યા અને અમે અમારી સભા શરૂ કરી. એમની બધી વાતોમાંથી એમની એક વાત અમને ખૂબ જ અગત્યની લાગી. તેઓએ શરૂઆતમાં જ કહ્યું, ''આપણે સૌ શિક્ષણના ક્ષેત્રમાં છીએ. વિદ્યાર્થીઓને સારામાં સારું શિક્ષણ આપવા માટે જરૂરી વાતાવરણનું સર્જન કરવું એ આપણું મુખ્ય કાર્ય છે. વાતાવરણ એ મોટામાં મોટો શિક્ષક છે. જેટલું સારું વાતાવરણ એટલી સારી અસર બાળકોનાં જીવન ઉપર

થાય. તેથી વાતાવરણ એ મોટો શિક્ષક બની જાય.

આપણે શિક્ષક તરીકે જે કંઈ ભણાવવા માગતા હોઈએ તે માટેનું વાતાવરણ વર્ગમાં, શાળામાં સર્જવું જોઈએ.

સારાં પુસ્તકો-શાળાનાં શો કેસમાં મૂકી શકાય. વિષયોને લગતી પ્રવૃત્તિઓ શરૂ કરી શકાય. ઇતિહાસ, ભૂગોળ હોય તો ઇતિહાસમાં આવતી વ્યક્તિઓનાં ચિત્રો, ભૂગોળના નકશાઓ અને એને લગતાં પુસ્તકો વિદ્યાર્થીઓને દેખાડવાં જોઈએ.

આપણા વર્ગોની દીવાલ પર ગણિતશાસ્ત્રીઓ, વૈજ્ઞાનિકો અથવા દેશના નેતાઓ, (જે રાષ્ટ્રભાવના ઊભી કરે છે) સામાજિક કાર્યકરો, રંગ-બેરંગી સરસ ફૂલોના ફોટાઓ વગેરે જરૂર મૂકી શકાય.

પોતાનો વર્ગ સરસ દેખાય એ માટે બાળકોને વર્ગ-શિક્ષકે પ્રેરણા આપવી જોઈએ. નાના બાળકોના વર્ગમાં પ્રાણીઓ, પક્ષીઓના ફોટાઓ પણ મૂકી શકાય. ''ફાધર''ની વાતોમાં સરસ મજાનાં ઉદાહરણો હતાં. તેથી એમની સારીએ વાતો ખૂબ જ અસરકારક બની હતી. આ ફોટાઓને વચ્ચે વચ્ચે બદલવા પણ જોઈએ. તેની ગોઠવણી પણ કલાત્મક બનાવી શકાય. ફાધરે સાથે લાવેલા કેટલાક સુંદર ફોટાઓ દેખાડ્યા પણ ખરા. અમારા ધર્મમાં અમે ઈશુના ફોટાઓ દ્વારા ધાર્મિક ભાવનાઓ ઊભી કરી શકીએ છીએ. ફાધર મિશનરી હોવા છતાં એમની વાતોમાં એક ઉમદા શિક્ષકનાં દર્શન થયાં હતાં. એમની વાતોની અસર સૌના મોં પર દેખાઈ આવતી હતી.

''જ્યારે તમને હું ફોટાઓ બતાવતો હતો ત્યારે મારે જે સમજાવવું હતું તેનું વાતાવરણ ઊભું થયું ખરું ને ?'' ફાધર પોતે ખડખડાટ હસી પડ્યા. અને તેમની વિષયને અસરકારક બનાવવાની એ એક રીત છે, એ સૌને ગળે ઊતરી ગઈ. આ રીતે તે દિવસની અમારી શિક્ષકસભાની વિચારોની આપ-લે સૌને ગમ્ય બની ગઈ. પછી તો ચા પીતાં પીતાં પણ શિક્ષકોએ ઘણા પ્રશ્નો પૂછયા. ત્યારે સૌને થયું કે શિક્ષકો ભેગા થઈને કેળવણીના વિચારો કરે તો પ્રગતિનો માર્ગ જરૂર સરળ થઈ શકે. શિક્ષકપ્રેમી છૂપી શક્તિને છલકાવી દે. આમ, તે દિવસની સભા એક સફળ કેળવણીની સેમિનાર બની ગઈ. સૌ છૂટા પડ્યા. સભા ખંડમાંથી બહાર આવીને પણ ચાલતાં ચાલતાં સૌ એ જ વાતો કરી રહ્યા હતા. 'સંહતી કાર્યાણી : વાત મનમાં આવી ગઈ. ફાધર સાલાસે ફરી ફરી પ્રેમપૂર્વક સૌને 'આવજો' કહ્યું અને ગયા. અમારા આ જ વિચારોને ત્રીજી વ્યક્તિની ઉપસ્થિતિથી વધારે મહત્ત્વ મળ્યું. વાતાવરણ સર્જવા માટે પણ બળ મળ્યું. સૌના વિચારોને કંઈક નવું જોમ મળ્યું. શિક્ષક સભામાં એમને બોલવાનો હેતુ સફળ થતો લાગ્યો. શિક્ષકસભા કેટલી ઉપયોગી છે એ વિચાર ઉમદા વિચાર છે. એવા વિચારના ઘણાં લોકો છે તેથી શિક્ષકસભા દર અઠવાડિયે ગોઠવવામાં અમને સ્વાભાવિક ટેકો મળી રહેતો.

**સભા પૂરી થયા પછી**

જતાં જતાં તે ત્રણ શિક્ષકો તો અમને કહેતા ગયા : એકાદ માસમાં અમે અમારા વિષયોના ખૂબ ચાર્ટસ બનાવીને બાળકો માટે પ્રદર્શન કરવાના છીએ ? અને એમને ઘણો આનંદ થયો. ''અમારો સાથ જરૂર મળી રહેશે, એટલો બધો મળી રહેશે. વાહ વિરેનભાઈ ! તમારો કાર્યક્રમ અને નિર્ણય બાળકોનાં વિકાસમાં થયો ગણાય...'' રઘુભાઈએ તેમના ખભા ઉપર હાથ મૂકીને પ્રેરણા આપી અને કહ્યું કે, ''તમે ત્રણેય શિક્ષકો આ ઘટાદાર વૃક્ષ નીચે ઊભા ઊભા આવી સરસ યોજના ઘડી રહ્યા હતા. અહીં શિક્ષક શાળાના સમય પછી પણ જ્યારે બાળ-વિકાસના વિચારો કરતો થાય ત્યારે શિક્ષકને તો અભિનંદન ઘટે છે. પણ વિરેનભાઈ ! આ યુવાનોનું ભાવિ પણ ઊજળું છે. તે યુવાનો નસીબદાર છે. શિક્ષક અને બાળક ભેગા મળીને જ્યારે પ્રવૃત્તિ કરે છે એ 'ભેગા મળવાનું' જ બાળકના જીવનનાં પ્રેરણા બિંદુઓ બને છે.''

રઘુભાઈ જ્યારે વિરેનભાઈ સાથે વાત કરી રહ્યા હતા. ત્યારે ભાવનગરનો છબીલદાસ, ચલથાણનો હરિજન વિદ્યાર્થી ડૉક્ટર બનીને પ્રતિષ્ઠા મેળવનાર ધૂળો અને સૌથી

પહેલો વિદ્યાર્થી ધીરૂ દરજી તેમજ ભાવનગરનો પ્રિતમ પંડ્યા, રણજિત ચુડાસમા, આવા તો અનેક નામો અમારી કારકિર્દીમાં હરકિશન વોરા, નટુ શાહ વગેરે વિદ્યાર્થીઓ જાણે મારી સામે ઊભા ઊભા હસતા હતા અને અદૃશ્ય થઈ જતા હતા. ત્યારે મેં કહ્યું "વિરેનભાઈ, તમે આ વાતોથી છૂપા હીરા-મોતીઓને જરૂર પ્રકાશમાં લાવી શકશો. બાળકમાં છૂપાયેલી શક્તિઓને બહાર લાવીને તેને વિકસાવવી એ તો શિક્ષકોનું એક અમૂલ્ય દાન છે."

વાત કરતાં કરતાં હું પણ વિરેનભાઈની નજીક જઈને ઊભી રહી. ત્યાં જ રઘુભાઈ થોડા આશ્ચર્યથી ભરેલા અવાજથી બોલી પડ્યાં... "અરે જુઓ, જુઓ, સામે વ્યક્તિ છે." વિરેનભાઈએ પાછા વળીને જોયું તો એ હતો માકો ભાઈ ભરત. એની વિશિષ્ટ શૈલીમાં હસતો હસતો દરવાજામાં પ્રવેશી અમારી તરફ આવતો હતો. અમને બંનેને ખૂબ આશ્ચર્ય થયું, લક્ષ્મણે દોડીને ભરતના ખભા પર હાથ મૂકીને ઊભો રહી ગયો. "કેમ, કેવી સરપ્રાઈઝ આપી."

મારું અને ભરતનું બાળપણ લગભગ સાથે. અમારા બે વચ્ચે માંડ ૩ વર્ષનો ફરક હોવાથી સાથે મોટાં થયેલાં હોવાથી અમારી વચ્ચે આત્મીયતા વધારે હતી. મૈત્રી પણ હતી. ચાલો ઘરે જઈએ.

ભરતભાઈનો હાથ પકડીને અમે બંને ઘર તરફ આવ્યાં. રઘુભાઈ અમારી સાથે જ બે ડગલાં પાછળ ચાલતાં હતા. અમારા ભાઈ-બહેનના મિલનને જોઈ રહ્યા હતા.

હા...શ હવે નિરાંતે બેસીએ. કલકત્તાની મુસાફરી ખૂબ લાંબી હોય છે અને ભૂખ પણ લાગી છે. પ્રશાંતને બહારથી બોલાવ્યો તો રેતીમાં રમીને થોડો ગંદો પ્રશાંત મારા ખોળામાં બેસી ગયો. "પ્રશાંત આ મામા છે." પાંચ-દસ મિનિટમાં તો ભરતમામા, ભરતમામા કરતો પ્રશાંત ગોળગોળ ફરતો જાય અને મામા-મામા કરતો જાય. તે પૂછતો કે "મામા તમે બહુ દૂર રહો છો, નાનાભાઈ રહે છે એનાથી પણ આગળ." ભરત કહે, "હા ભાઈ, ટ્રેનમાં ને ટ્રેનમાં એક રાત તો સૂઈ રહેવું પડે છે." "તમને ટ્રેનમાં સીઆ રહેવું ગમે ?"

'ગમે તો નહિ પણ રાત તો ગાળવી જ પડે ને." ભરત આવ્યો છે એવી ખબર પડતાં બીજા દિવસે ત્રણેય બહેનો ભાવનગરથી આવી પહોંચી - બાએ ત્રણેય બહેનો સાથે અમને બધાને ગમે એવું ખાવાનું મોકલી આપ્યું હતું. તેથી જાણે અમારું વિદ્યાલય શાળા અને પરિવાર બંને બની ગયું. સાંજ પડતાં મેં કહ્યું, "ભરતભાઈ, ચાલો ને નાનાભાઈ અને બાને પણ ભાવનગરથી બોલાવી લઈએ." રઘુભાઈ કહે, બોલાવો ને અમે તો સારું સારું ખાવાની સાથે સાથે સરસ્વતીના વિકાસની યોજના પણ ઘડીશું." ભરત કહે, "રઘુભાઈ અને કેળવણીને છૂટા પાડવા ખૂબ મુશ્કેલ છે."

આમ પરિવાર અને શાળા જાણે એક ચિત્રમય બની ગયા. થોડોક સમય જતાં એ પણ ભરત સાથે મળી ગયો.

આજે મારા તો હરખનો પાર ન હતો. આ નવી શાળામાં કામમાં ઓત-પ્રોત થઈને અમે એકોએક મિનિટ એમાં જ ગાળતાં હતાં. આવા સખત પરિશ્રમ વખતે આમ એકાએક 'સ્વજન' આવી ચડે ત્યારે મનમાં કેટલી બધી લાગણીઓ થાય ? એ ઊર્મિઓનો અનુભવ તો આજે આ બધું લખતાં લખતાં પણ થાય છે. જાણે અમે બંને ભાઈ-બહેન એ સરસ્વતીની અમારી ઓરડીમાં બેઠાં ન હોઈએ ? બી.એસસી થયા પછી એને નોકરીમાં ઘણી જગાએ ફરવું પડતું. "આ વખતે મારી કંપની તરફથી ૧૫ દિવસ માટે અમદાવાદ આવવાનું થયું છે. એટલે તારે ત્યાં જ ધામા છે. સમજી ? તારે રઘુભાઈની મંજૂરી મેળવવી હોય તો મેળવી લે." ભરતે હસતાં હસતાં કહ્યું, ભરતનું વાક્ય પૂરું થતાં થતાં તો અમે ત્રણેય મોટેથી હસી પડ્યાં. વચ્ચે જ પાછો ભરતભાઈ બોલ્યો, "બરાબર છે ને રઘુભાઈ ?" હસતાં હસતાં ધીરે સ્વરે રઘુભાઈએ કહ્યું, "તમારા સૌ ભાઈ-બહેનોનું આ બીજું ઘર છે. તમારા સૌનું સ્થાન અહીં છે. આ ઘર ઉપર મારો જેટલો અધિકાર મારા પર ઘણો છે હોં. બોલ તારો ૧૦૦%થી પણ વધારે હક થઈ ગયોને ?"

હવે સૌને ભૂખ લાગી હતી. થાળી પીરસાઈ ગઈ હતી. બંને ભાઈ-બહેન જમવાં બેઠાં.

"જશીબહેનનું તો પિયર આવ્યું છે. - મારો સાળો" જમતાં જમતાં આવી ગમ્મતો ચાલી. સાચું કહું તો રઘુભાઈ પણ મારા જેટલા જ ખુશ હતા. જમીને ઊઠ્યા કે ભરતભાઈ કહે, "અમારી મજામાં એક મોટો પ્રોગ્રામ હોય છે. "આઈસક્રીમ" આ ગરમીમાં વળી એ વધારે યાદ આવે. સાંજે આઈસક્રીમ અને સૂકીભાજીનો પ્રોગ્રામ હો જાય ? ખરું ને મોટીબેન." મોજ કરવાનો એક પ્રોગ્રામ "આઈસક્રીમ."

ભરત ! આઈસક્રીમ ખાવા જવાનું એટલે ઠેઠ ભદ્રકાળીમાતાના મંદિર સુધી - ભદ્ર જવું પડે. ત્યાં જ મળે. અમે બંને તો ભાગ્યે જ આ રેલવેનો બ્રિજ ઓળંગીને પેલી બાજુ જઈએ છીએ. માંદા પડવાનું થાય તો બહુ બહુ તો બાલા હનુમાન ડૉ. ગાંધીને ત્યાં જઈએ છીએ. શાળા સરસ ચાલે અને ઊંચું મસ્તક રાખી શકાય એવી શાળા બને ત્યારે રેલવેબ્રિજ ઓળંગીને જવું એવી વાતો અમે બંને વારંવાર કરી નાખીએ છીએ."

"પણ રઘુભાઈ ! મોટીબહેન આમ તમારી સાથે ખભેખભા મિલાવીને કામ કરે ત્યારે એનો આઈસક્રીમ ખાવાનો શોખ તો તમારે યાદ રાખવો જોઈએ હોં. ખ્યાલ આવ્યો ને ? આમ તો એનો ભાઈ ને ?" આમ, હળવી મજાક સાળા-બનેવી વચ્ચે ચાલ્યા જ કરતી.

"તેથી સ્તો કહું છું કે પિયર આવે ત્યારે બનેવીએ જરા દૂર ભાગી જવું જોઈએ, લ્યો હું હમણાં ઓસરીમાં જઈને આવું છું. એમ કહીને તેઓ બહાર ગયા. જતાં જતાં 'ભરત તું આવ્યો તે ઠીક થયું. શાળા સિવાયની વાતો અમે કરીશું. ભરતની નજર મારી ઓરડીમાં ફરી વળી હતી.

પણ થાક હતો એટલે સાદડી પાથરીને ભરતે શરીર લંબાવ્યું. પંખાની પાસે જઈને લંબાવ્યું. હું જરા આડી પડી. દોઢ બે કલાક અમે ત્રણેય ઊંઘી ગયા હતા. જેવી સૌની આંખ ઊઘડી એવી જ ત્રણેયને ચા યાદ આવી. આસનો પાથરીને વચ્ચે એક કિટલી ભરીને ચા બનાવીને મૂકી.

'વાહ હવે ચા પીવાની મજા પડી જશે." રઘુભાઈ કહે, "તારી ફરમાઈશ થાય અને ચા ન બને ?" મેં કહ્યું, પણ ચાની સાથે બાએ બનાવેલો ચેવડો હોય તો મજા પડે નહીં ?" મેં પૂછયું ઊંઘી લીધા પછી અને જમ્યા પછી હવે ભરતે પોતાની નજર ઓરડી પર ફેરવી. અને ભરતભાઈ કહે, "આ અંધારી અજવાળી ઓરડી તમે તો સરસ બનાવી દીધી છે હોં રૂપાળી લાગે છે પણ મોટીબેન મારા મનની એક વાત પૂછું ?" ત્રણેયની ચાનો પહેલો કપ પૂરો થઈ ગયો હતો.

"આ ઓરડીને તમે ભલે સુંદર બનાવી, પણ એક પ્રશ્ન મનમાં હું આવ્યો ત્યારનો ઘૂંટાયા કરે છે. રઘુભાઈએ તો આ સરસપુરની શાળાને પોતાનું જીવન-કાર્ય બનાવ્યું છે. એટલે એમને માટે તો ઠીક પણ તને ભાવનગર કોઈ દિવસ યાદ નથી આવતું ? આ તારી નાની રૂમ જોઈને મને તો હિલડ્રાઈવ ઉપરનો તમારો સરસ બંગલો, બંગાલનું વિશાળ કમ્પાઉન્ડ, સરસ વાતાવરણ, શાંતિ... વાહ શું એ ઘર હતું ? તારા ઘર પાસે જ બા, નાનાભાઈ બહેનો રહેતાં. આ બધું યાદ નથી આવતું ?"

થોડીવાર તો મનમાં થયું કે ભરતને વળી આવો વિચાર ક્યાંથી આવ્યો ? ભરતભાઈના પ્રશ્ને ભાવનગરની યાદ ફરી પાછી તાજી થઈ. ઘણાયે સમયથી શાળાને ઊંચી લાવવાના કામમાં ભાવનગરની યાદ જાણે કે અજાગ્રત મનમાં ચાલી ગઈ હતી. ભરત જાણે મારા જવાબની રાહ જોતો બેઠો હતો. હું ચૂપ હતી. બા-નાનાભાઈની મૂર્તિ મનમાં આવી ગઈ.

હું ચૂપ હતી એટલે રઘુભાઈ બોલ્યા, 'ભરત ! ઘરશાળામાં કામ કરવું સહેલું હતું. ભણેલાં-ગણેલાં માતા-પિતાના બાળકો થોડું જ્ઞાન સાથે ભણવા આવતાં સુધી પરિવારનાં બાળકોને ઘરનાં વાતાવરણમાંથી પણ ઘણું બધું મળી જતું. એનાથી તદ્દન કરુણદશામાં આ પરિવારો જીવે છે. એથી એ લત્તામાં કામ કરવાનું પસંદ કર્યું છે. આનો

સ્વીકાર કર્યા પછી જૂની વાતને દુઃખી થઈને યાદ ન કરવામાં હું માનું છું.' ભરત તો હજુ બહેનના ભાઈના મૂડમાં હતો. 'પણ મોટીબહેન ? તને ભાવનગરનું 'સુખી-જીવન' યાદ આવે ખરું ?''

આજે ભરતના મનમાં પ્રશ્નો ઊઠી રહ્યા હતા. હું સમજી શકતી હતી કે એના મનમાં પ્રશ્નો ઊઠે જ.

હવે રઘુભાઈ ચૂપ હતા.

**ભાઈ-બહેનની વાતો : માતા-પિતાનાં સંભારણાં :**

'ભરત, રઘુભાઈની વાત સાચી છે. છતાં મારા મનમાં યાદો ફરી તાજી થઈ છે. અજાગ્રત મને આજે ગ્રસ્ત પર આવી બેસી ગયું છે. બીજી બધી 'યાદો' તો ઠીક, પણ કોઈ કોઈવાર બા-નાનાભાઈના (હરભાઈ) સાંનિધ્યમાં જે હૂંફ મળતી તેનાં સ્મરણ તો વારંવાર થઈ આવે છે.

''નાનાભાઈ-બાની યાદોની કિંમત જ આંકી શકાય એમ નથી.'' ભરત-રઘુભાઈ હવે શાંતિથી મને સાંભળી રહ્યા હતા. ''રોજ સવારમાં અને ઢળતી સાંજે નાનાભાઈ-બા યાદ ન આવ્યાં હોય એવું બન્યું નથી. પણ સમાજથી તરછોડાયેલાં બાળકો વચ્ચે બેસીને કામ કરવાનું મિશન મેં મારા મનથી સ્વીકારી લીધું છે. બસ બે-પાંચ દિવસ થાય અને નાનાભાઈ સાથે બે પાંચ દિવસ ભેગી થયેલી બધી વાતો જ્યારે કરી આવતી - ત્યારે 'જીવનનું ભાથું' મળતું. મન હળવું થઈ જતું. પરિણામે મન શાંત જ રહેને ભાઈ ! નાનાભાઈની વિશાળ દૃષ્ટિ અને ઉદાર વ્યવહાર એક શીળી છાયા બનતી. ઘટાદાર વૃક્ષની નીચે - જે શીળી છાયાનો અનુભવ થતો, એ સૌથી વધારે મીસ કરું છું. નાનાભાઈની હાજરીની એકએક પળ, પ્રેમ અને ઉદારતાનો પાઠ બની રહેતો. નાનાભાઈ પિતા, ગુરુ અને મિત્ર ત્રણેય છે.''

મારી આંખ ભીની થઈ મારી ભાવનાઓને વેગ મળવાથી આવું થાય જ એ પણ સ્વાભાવિક હતું. ''ભરત, પિતાનું વહાલ તો જગતનાં બધાં બાળકોને મળે છે પણ નાનાભાઈ પાસેથી વધારે મળે છે. એ વ્યક્ત કરવું મુશ્કેલ કદાચ. હસીને બીજાની ભૂલોને ભૂલીને ભૂલી જવી - માફ કરી દેવી એ હોય ? નાનપણમાં જ છૂટા પડી ગયાં છીએ. નાનાભાઈના પ્રેમમાં જગત આખાને પ્રેમ મળી રહે એવું મનમાં થાય છે.'' વચ્ચે શાંત થઈ જાણે કે નાનાભાઈના વહાલને માણીએ.''

''નાનાભાઈનો મિશનરી સ્પિરિટ'' કેળવણીને કાયમ વરેલા તેમજ કંઈક નવું કરવાની ઝંખનામાં જીવતા નાનાભાઈ જીવનની દરેક પળે દોરવણી આપી રહ્યા છે હોં ? (સરસ્વતીના) અહીંના કામમાં પણ નાનાભાઈની પ્રેરણા કાયમ મળી રહે છે. નાનાભાઈના વિચારો અને રઘુભાઈની કાર્ય-કુશળતાનો સમન્વય કરવાના મારા પ્રયત્નો છે. એકની દીકરી છું, શિષ્યા છું તો બીજાની સહધર્મચારિણી છું.''

''પણ મોટીબેન ! તને બા યાદ નથી આવતી ? હું તો 'બા'થી ૧૬-૧૭ વર્ષનો હતો ત્યારથી છૂટો પડી ગયો છું. જ્યારથી બાને છોડી છે ને ? બસ તે દિવસથી તો 'બા'ની મૂર્તિ મારા મનમાં જ રહે છે. બાનું વહાલ મને ઘણીવાર અસ્વસ્થ કરે છે. બાની ભાખરી, ખીચડી, ઢેબરાં બધું યે વારંવાર યાદ આવે છે.'' ભરતનું બોલવાનું અસ્ખલિત હતું.

અમે ભાઈ-બહેન કેટલા વખતે એકલાં પડ્યાં એટલે બાળપણનાં સ્મરણો યાદ કરતા હતાં. રઘુભાઈ સાંભળતા બંનેના માતા-પિતાનાં સ્મરણો ! આજે અમારા મનમાં ઊભરાયાં કરતાં હતાં. ફરી કહે, ''મોટીબહેન, તને બાની યાદ નથી આવતી ? સ્મરણો અટકાવવાં હોય તોયે અટકાવી શકાય એમ ન હતું. હું બાને જોઈ રહી હતી. મેં કહ્યું, ''ભાઈ ! એવું તો બને !''

''ભરત ! બા અને નાનાભાઈ મારે મન શંકર-પાર્વતી જેવાં છે. શંકર-પાર્વતી જેવું એમનું જીવન જીવતા એ ક્ષેત્રે નાનાભાઈ-હિમાલયની ટોચ જેટલાં ઊંચા છે અને ત્યાં એટલું ઊંચું સ્થાન છે.''

જ્યારે બા પાલિતાણા ગામની એક ગરીબ કુટુંબમાંથી આવેલી. લગ્ન થતાં બિચારી ભણી ન શકી. થોડો સમય સ્કૂલે ગઈ હશે. પણ ઘરનાં કામમાંથી એ સ્કૂલે જઈ ન

શકતી. ૧૪ વર્ષે તો પરણી ગઈ. પરંતુ આમ છતાં આપણી 'બા' હિમાલયની ટોચે બેઠેલા (ઊંચા શિખરે) નાનાભાઈને સાથ આપવામાં કદીયે પાછી પડી નથી. નાનાભાઈનાં મહેમાનો-ભણેલા હોય, ખૂબ ભણેલા હોય - મળવા આવતા ત્યારે ભરપૂર વાત્સલ્યથી સૌને આવકાર્યા છે કે નાનાભાઈના દોસ્તોને બાની ઊંચાઈ પણ નાનાભાઈ જેવી જ લાગતી. એનો 'આવકાર' જ સૌને મન મહાન હતો. બા ધર્મમાં પાઠ-પૂજામાં માનતી. નાનાભાઈના આદર્શોને માન આપીને એક સમયે હરિજનોને અડવાનું પણ શરૂ કરેલ. નાનાભાઈનું મિશન અને બાનું વહાલ આપણે છએ ભાઈ-બહેન માટે પ્રેરણા દાયક સ્મરણ છે. જીવનને ભર્યું ભર્યું રાખતા વાત્સલ્યની અમીધારા કદી ખૂટતી નહીં, તેથી સ્તો બા આપણને કદી અભણ લાગતી નથી.'' આથી નાનાભાઈની ઊંચાઈને બા સરળતાથી પહોંચી જતી.

''વાહ મોટીબહેન ! નાનાભાઈને શંકરની જેમ હિમાલય પર જોઈને તેં તો બાને પણ એ જ ઊંચાઈએથી જોઈ...'' બોલતાં બોલતાં ભરતનું ગળું રૂંધાઈ જતું. મારી લાગણીના પ્રવાહથી ભરતની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં. અમારી લાગણીથી ભરપૂર સ્મરણોનો પ્રવાહ બંધ થતો જ ન હતો. એ ઝરણાની ધારા જેમ અખૂટ રીતે બહાર આવ્યા કરતો હતો. પણ જ્યારે રઘુભાઈએ અમારી બંનેની આંખોમાં ઝળઝળિયાં જોયાં - સાડીનો છેડો ભીનો થયો. ત્યાં ધીમેથી રઘુભાઈએ મારો હાથ પકડ્યો અને કહે, ''આ તમારા ભાઈ સામે જુઓ.'' મેં જોયું તો તેની આંખમાંથી દડ દડ આંસુ પડી રહ્યાં હતાં. પછી તો હું પણ મારી લાગણી ઉપર કંટ્રોલ ન લાવી શકી. થોડીવાર પછી મન હલકું થયું. બંને ભાઈ-બહેને આંખો લૂછી નાખી અને એકબીજાની સામે જોઈને હસી પડ્યા. આંસુ લૂછયા જ કર્યાં. મજબૂત મનના રઘુભાઈની આંખો પણ ભીની દેખાઈ. મેં પૂછ્યું, ''તમે ? તમે પણ ....?''

તેઓ બોલ્યા - ''હા... હું પણ. મારું મન મજબૂત જરૂર છે, પણ આખરે તો માનવી ને ? તમારાં બંનેનાં માતા-પિતા મારાં પણ માતા-પિતા છે... નાનાભાઈ-બા ને મેં કદી સાસુ-સસરાના રૂપે જોયા જ નથી. માન્યાં પણ નથી. તેઓ પણ મારા માતા-પિતા બનીને જ રહ્યાં છે. ઉપરાંત કેળવણી ક્ષેત્રે તેઓ મારા ગુરુ છે. ગુરુદેવ ટાગોર અને હરભાઈ બંને ગુરુના સ્થાને છે. બંને મારે મન ઉચ્ચ સ્થાન પર છે. તેથી હરભાઈ ગુરુ અને પિતા છે. એવા હરભાઈની દીકરી મારી જીવનસાથી બની છે. મારી આ કપરી કસોટીમાં મને જે સથવારો મળ્યો છે એમાં હરભાઈનાં સંસ્કારો કામ કરી રહ્યા છે. એમનો સહકાર મારા જીવનસંગાથી તરીકે મહત્ત્વનો છે.''

આટલી લાંબી વાત પછી પણ અમારા બંને ભાઈ-બહેનનું મન ભરાયેલું જ હતું. રઘુભાઈ અમારે બંને માટે ઠંડું પાણી લઈ આવ્યા.

આજે ઘણાએ દિવસે અમારા અંગત જીવનનાં સ્મરણો તાજાં થયાં. હું અને ભરત પાણી પીને સ્વસ્થ થયાં એટલે રઘુભાઈ ફરી બોલ્યા, ''ભાઈ ભરત ! હોમસ્કૂલનું વિશાળ મકાન, વાલીઓ અને ઇન્સ્પેક્ટરો પણ માન-પૂર્વક મારી સાથે વર્તતા - એ બધું યાદ આવે છે. શાળામાં એક ઑફિસમાં હરભાઈ પણ બેઠા હોય. કેવા હતા એ દિવસો ? પણ ભરત, આ બાળકોનાં મોઢાં જોઉં છું - કપડાં અને શરીરમાં દેખાતા હાડકાં - બધું યે આ લત્તાના વાલીઓ અને બાળકો જોયા અને કામ કરવાનું શરૂ કર્યું - પછી વિશ્વાસ આવ્યો છે કે આ જરૂરિયાતવાળા બાળકો છે.

મારું સ્થાન - અહીં જ એમ મને લાગે છે. હવે પછીનું કામ અહીં જ કરવાનો સંકલ્પ કર્યો છે.

''ચાલો ત્યારે આપણે ત્રણેય હવે એક જ સરખી લાગણીઓમાંથી પસાર થઈ ગયાં છીએ.'' મન ખાલી થયું. તેથી અમારી વાતો શરૂ થઈ. - ત્યાં તો લક્ષ્મણે બૂમ પાડી - ''સાહેબ ! આ આઈસક્રીમનો સંચો પાનકોરનાકાથી લઈ આવ્યો છું'' અને ઘરમાં આઈસક્રીમનો સંચો આવી ગયો. રઘુભાઈએ સંચો મંગાવી લીધો હશે. અમે ભાઈ-બહેન તો ખુશ થઈ ગયાં. ''લક્ષ્મણ દૂધ લઈ આવજે.'' અને દૂધ પણ આવી ગયું. કેરીની મોસમ હોવાથી થોડો રસ અને દૂધ

ભેગું કર્યું દૂધ સાથે ભરતે બરફ પણ મંગાવ્યો.

સાંજે પેલા ઘટાદાર વૃક્ષ નીચે બેસીને અમે ત્રણેય લહેર કરતાં કરતાં ખાતાં'તા. અને એકાએક ભરત કહે, ''રઘુભાઈ - મોટીબેન, હું પાછો ફરી બીજીવાર આવું ત્યારે તમારી આ શાળાના દરેક વર્ગમાં સુંદર વિજ્ઞાનનું પ્રદર્શન ભરીશ. તમારા વિજ્ઞાનના શિક્ષક મને ખૂબ સારા લાગ્યા છે. આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓનો ફાળો ખૂબ હોય એવું કરજો.''

સરસ્વતી વિદ્યાલયમાં આવતા બાળકો માટે કંઈક કરવાની ઈચ્છા હવે ભરતને પણ થઈ આવી.

''રઘુભાઈ મારું પોતાનું કામ કરતાં કરતાં પણ જો હું આ બાળકો માટે કંઈક કરી શકું તો -'' ભરતની પાસે જઈને રઘુભાઈએ વહાલથી 'શેકહેન્ડ' કર્યા અને ''વિજ્ઞાન પ્રદર્શન'' કરવાનો દઢ સંકલ્પ અમે કર્યો.

અમારી આઈસક્રીમની મહેફીલ ધીમે ધીમે ચાલતી હતી ત્યાં... ફરીથી સફેદ વસ્ત્રોમાં કોઈ ઘોડાગાડીમાંથી ઊતર્યું. એ હતા નાનાભાઈ.

''લ્યો અહીં તો આઈસક્રીમ પાર્ટી ચાલતી લાગે છે, અને ભરત તું ક્યારે આવ્યો ? - વાહ, ભાઈ-બહેન ભેગાં થઈ ગયાં ? લ્યો આ બધા ડબા ખોલો જશીબેનની ''બા''એ તમારે માટે નાસ્તો મોકલ્યો છે. પણ મારી ભાખરી રહેવા દેજો હોં.'' નાનાભાઈએ જાતે બધા ડબ્બાઓ ખોલ્યા. અને સૌ બાનાં હાથના ઢેબરાં અને છૂંદો ખાવામાં મશગુલ થઈ ગયાં !

''નાનાભાઈ, આજે અમે ત્રણેયે તમને બહુ યાદ કર્યા હતા હોં.'' હસતાં હસતાં ભરત બોલતો હતો. ફરી પેલી વાતો યાદ આવી ગઈ હતી. ''તમે મારી બાને કેમ ન લાવ્યા ?'' તારી બીજી નાની ત્રણ બહેનોનું ધ્યાન કોણ રાખે ?''

''હા...શ આ ભાઈ-બહેનનું ભાવનગર-અમદાવાદ પહોંચી ગયું. પણ ભરત હરભાઈ તો આ સ્કૂલમાં મારા કરતાં યે પહેલાં આવેલા હો.'' રઘુભાઈ ધીરેથી પોતાની સ્ટાઈલમાં બોલ્યા. તે અમારી જેમ લાગણીઓ ઊભરાઈ જવા ન દેતા. સંયમ રાખતા.

બાના હાથનું ખાવાનું ખાવાની મજા પડી ગઈ. કદાચ વધારે પડતું ખાધું હશે.

જમવાનું પૂરું થતાં જ રઘુભાઈ અને નાનાભાઈ શાળાની વાતોએ વળગ્યા અને ભરતે તો ઝાડવાની નીચે જ જમાવ્યું.

''મોટીબેન તારી વાત સાચી છે. નાનાભાઈની ઊંચાઈ ભવ્ય છે. કારણ કહું ? આટલી ઊંચાઈએ પણ લક્ષ્મણથી માંડીને મોટા માણસોને મળે અને નાનામાં નાનું કામ કરવાનો સંકોચ પણ નહીં. એ બધાં કામ હેતુપૂર્વક કરે છે. બા પણ કેવી ? નાનાભાઈનાં દરેક કામોમાં ગજબનો સાથઆપે છે.''

અમને વાતો કરતાં સાંભળીને રઘુભાઈ કહે, ''હવે સૂઈ જાઓ, અમે તો સૂઈ જઈએ છીએ - તમે થોડી વાતો સવારે કરજો.''

અમે પાસે પાસે જ પથારી કરાવીને આડા પડ્યા પડ્યા વાતો કરતાં હતાં. પથારીમાં પડ્યા પડ્યા હું વિચારી રહી હતી, ''ભરત જીવનમાં કેવા ફેરફારો આવતા રહે છે ? પરંતુ 'મૂલ્યાંકનો' એ જ મહત્ત્વનું છે. જ્યાં જીવન જીવો પણ મનમાં નક્કી થયેલાં મૂલ્યાંકનો ન હોય તેનું જીવન આમ, તેમ ગમે ત્યાં વિખરાઈ જાય છે. મૂલ્યાંકનો જ માત્ર આપણને આપણા લક્ષ્યાંક તરફ લઈ જાય છે. એ પ્રમાણે જીવીને આગળ ધપવાનું ધ્યેય રાખીને કામ કરવામાં મજા પડે છે.''

વહાલસોયો ભાઈ, પ્રેમાળ પતિ, અને પ્રેમાળ વાત્સલ્યથી ભરપૂર બાળપણનાં સ્મરણો હવે મને વધારે પ્રેરણાદાયક બન્યાં છે. એ સમૃદ્ધ ભૂતકાળનાં સ્મરણો જીવનની પ્રેરણા અને કામ કરવાની તાકાત આપી રહ્યા છે.''

સમૃદ્ધ ભૂતકાળ, વર્તમાનનાં કાર્યો કરવા મારે માટે તો કાયમ પ્રેરણા સ્રોત જ બની ગયો છે. વર્તમાનનાં મૂલ્યાંકનો, ભૂતકાળનાં સ્મરણો એ બંનેએ મજબૂત ઈચ્છા-શક્તિ વિકસાવી છે. પણ હવે મારું ભાષણ બંધ કરું. હા, પણ તું વારંવાર અમદાવાદ આવવાનો છો - એ વાતથી મન આનંદથી ભરાઈ જાય છે.

નાનાભાઈ, પ્રશાંત, રઘુભાઈ સૌની ઉપર નજર નાંખીને અમે ઘસઘસાટ ઊંઘી ગયાં.

# શિક્ષકના વ્યવસાયને ઉજાળીએ

**મનસુખ સલ્લા**

**સરસ્વતી વિદ્યામંડળ, સરસપુરના શિક્ષકોના ત્રિદિવસીય અભિમુખતા શિબિરમાં આપેલું ઉદ્‌ઘાટન વક્તવ્ય, સાદરા, તા.૨૮-૪-૨૦૧૭.**

શિક્ષક તરીકેનો વ્યવસાય અન્ય વ્યવસાયો કરતાં સાવ ભિન્ન છે. અન્ય વ્યવસાયો પણ સામાજિક રીતે ખૂબ ઉપયોગી છે, જરૂરી છે, પરંતુ તેઓ કાં વસ્તુ સાથે કાં વ્યવસ્થા સાથે કામ પાડે છે. જ્યારે શિક્ષક ચૈતન્યસભર અને વિકાસની અપાર શક્યતાવાળા બાળકો સાથે કામ પાડે છે. બાકીના વ્યવસાઈઓ વસ્તુ ઘડે છે કે વ્યવસ્થા ઘડે છે, જ્યારે શિક્ષક માણસનું ઘડતર કરે છે.

એવું પણ કહેવાતું હોય છે કે સમાજનાં બાકીનાં અંગો ભ્રષ્ટ થાય, કામચોર થાય, બેજવાબદાર થાય તો શિક્ષણ પણ બગડે, ભ્રષ્ટ થાય. બાકીનાં ક્ષેત્રો કરતાં શિક્ષક બગડે (જેમ મા-બાપ બગડે) તો સમાજના આધારને વધુ આઘાત લાગે છે. જે. કૃષ્ણમૂર્તિએ જીવનભર સ્પર્ધા અને સરખામણીનો વિરોધ કર્યો. તેમણે કોઈનાય વખાણ નથી કર્યા. પરંતુ તેમણે કહ્યું કે, "શિક્ષકનો વ્યવસાય સૌથી શ્રેષ્ઠ છે." કારણ કે શિક્ષકના કાર્યની અસર એટલી ઊંડી અને વ્યાપક હોય છે. એથી તો મહાન ગ્રીક તત્ત્વજ્ઞ પ્લેટોએ ૨૩૦૦ વર્ષ પહેલાં, 'રિપબ્લિક' ગ્રંથમાં કહ્યું કે જે રાજ્યમાં ઉત્તમ શિક્ષકો વધુ, તે રાજ્યમાં જેલો ઓછી હશે.'

આપણી ઉપાસના શી છે ? ઉદાર, ન્યાયી, સમજદાર અને સમાનતાલક્ષી સમાજની રચનામાં ફાળો આપે તેવા નાગરિકોનું ઘડતર કરવું એ આપણું ધ્યેય છે. આ માટે સાચા વિચાર અને માન્યતાઓને પોષણ આપવાનું કાર્ય શિક્ષક કરે છે. એ એની મુખ્ય કામગીરી છે જગતનાં અનેક દુઃખો અને પ્રશ્નોના મૂળમાં જઈને તપાસશું તો દેખાશે કે આપણાં વિચારો કે માન્યતા કાં ખોટાં છે, કાં અસ્પષ્ટ છે. સાચાં વિચારો અને માન્યતાઓના ઘડતરમાં ત્રણ પરિબળો મુખ્ય ફાળો આપે છે : (૧) કુટુંબ (૨) વિદ્યાલય (૩) પ્રસાર માધ્યમો. આજે આ ત્રણે પરિબળો કાં નબળાં પડ્યાં છે, કાં ઉપેક્ષા સેવે છે. એથી આખા રાષ્ટ્રમાં પ્રશ્નો જ પ્રશ્નો દેખાય છે.

કુટુંબ અને શિક્ષક ન ઉપેક્ષા સેવી શકે, ન ફરજ છોડી શકે. એની કામગીરી એટલી વિશિષ્ટ છે. શિક્ષક ગુજરાતી ભણાવતો હોય કે ગણિત, વિજ્ઞાન ભણાવતો હોય કે સમાજવિદ્યા - તેણે પોતાનો વિષય એવી રીતે શીખવવાનો છે જેથી વિદ્યાર્થીમાં ત્રણ મૂળભૂત, આધારોનું નિર્માણ થાય : (૧) વિદ્યાર્થી સ્વને ઓળખે - સમજે. (૨) વિદ્યાર્થી પોતાના સમાજને ઓળખે - સમજે. (૩) વિદ્યાર્થી સમષ્ટિને ઓળખે - સમજે. સ્વની ઓળખ એટલે પોતાની સબળાઈ અને નબળાઈ બંનેને ઓળખે. સબળાઈ વધારતા જવાની છે, નબળાઈ ઘટાડતા જવાની છે. આજનું શિક્ષણ આ ચૂકી ગયું છે. એ અપેક્ષાઓ અપાર જગાવે છે. પરંતુ વિદ્યાર્થીને પોતાની સબળાઈ - નબળાઈનું ભાન કરાવતું નથી. એવું જ વિષયોનું. સમાજની ચાલુ સ્થિતિ, પ્રશ્નો, તાસિર, ઉદ્દેશો એવું જ આજના પર્યાવરણના પ્રશ્નો વધુને વધુ વિકટ થતા જાય છે. એ કોઈ દેવના શાપના કારણે નથી બન્યું, મનુષ્યના અહંકાર, દૃષ્ટિહિનતા અને સુખની લાલચમાંથી બન્યું છે. તો સમષ્ટિનાં તમામ તત્ત્વો સાથે સંવાદી એવું જીવન કેવું હોય એ વિદ્યાર્થીએ સમજવું પડશે.

આજે માહિતીના સ્વરૂપમાં વિદ્યાર્થી ઘણું બધું જાણે છે. પરંતુ એ મુજબ જીવવાનું બની શકતું નથી. કારણ કે વિદ્યાર્થીનાં સંકલ્પશક્તિ અને આત્મવિશ્વાસના વિકાસનું કામ જ થતું નથી. એ જ કામ એ શિક્ષકનું મુખ્ય કામ છે. વર્ગશિક્ષણ, વિદ્યાલયના કાર્યક્રમો, વિદ્યાલય બહારની પ્રવૃત્તિઓ આને માટે છે. એ સાચી કેળવણી છે. કાર્યક્રમો ઝાઝા હોવાની જરૂર નથી, પરંતુ દરેક કાર્યક્રમ શૈક્ષણિક હોય એ અનિવાર્ય છે. હનુમાનજીએ સીતાજીએ આપેલી માળાનાં મોતી તોડીને ફેંકી દીધાં હતાં કારણ કે તેમાં રામ નહોતા, તેમ આપણે જેમાંથી વિદ્યાર્થીની કેળવણી ન થતી હોય તેવી કોઈ બાબત, તત્ત્વ કે પ્રવૃત્તિ નહી સ્વીકારીએ. ભલે પછી એનો ઘટાટોપ મોટો હોય, પ્રતિષ્ઠા ઊંચી ગણાતી

હોય, અને મફતમાં મળતું હોય.

જો આ દૃષ્ટિથી આપણે આપણા કામને જોઈશું તો આપણે તંત્ર, દાતા કે નિયમોના ગુલામ નહી બનીએ. આપણું લક્ષ્ય એક જ રહેશે કે મારો વિદ્યાર્થી ઉત્તમ માણસ થાય, ઉત્તમ નાગરિક થાય. એ માટે એને પોષણ આપવાનું છે, બળ આપવાનું છે, જાગૃત કરવાના છે. સંકલ્પપૂર્વક જીવી શકે તેવો આત્મવિશ્વાસ વિકસાવવાનો છે. તો શિક્ષકની નાનામાં નાની પ્રવૃત્તિ, ચેષ્ટા, સંબંધ કે ઉચ્ચારણ જવાબદારીપૂર્વક અને નિસ્બતપૂર્વક થશે. આને સૂત્રરૂપે કહેવું હોય તો એમ કહેવાય કે, 'તમે દરેક વિદ્યાર્થીને ભારતના વિકાસમાં ફાળો આપનાર તરીકે જુઓ.' આવો નાગરિક તૈયાર થાય એ આપણી કામગીરી છે.

આવા નાગરિકની કેળવણીમાં આપણી નજર આ બે બાબત ઉપર સ્થિર રહેવી જરૂરી છે : (૧) વિદ્યાર્થી વધુ ને વધુ સંવેદનશીલ બને. સંવેદનશીલતા વધશે તો સ્વાર્થીપણું, આપરખાપણું ઘટશે. (૨) વિદ્યાર્થી વ્યાપક દૃષ્ટિવાળો બને. આજે વિદ્યાર્થી સંકુચિત, સાંકડો, સ્વહિનબુદ્ધિવાળો દૃષ્ટિકોણ ધરાવતો થાય છે. એ ખોટ આખા રાષ્ટ્રની છે. વ્યાપક દૃષ્ટિકોણ હશે તો વિદ્યાર્થી પ્રશ્નોના ઉકેલોને જાતિ, ધર્મ, ભાષા, પ્રદેશના હિતોથી ઉપર ઊઠીને વિચારી શકશે.

આજે આપણે વિદ્યાર્થીઓને વધુમાં વધુ માર્કસ કેમ મેળવવા એનાં સ્વપ્ના આપીએ છીએ. એને બદલે રાષ્ટ્રહિત અને માનવતાના હિતનાં સ્વપ્નાં આપીએ. વિદ્યાર્થીને આવાં મોટાં સ્વપ્નાં આપવા એ પણ શિક્ષકનું માવજત બળ છે.

કોઈ પૂછી શકે કે કામ ન કરે, ભ્રષ્ટ રીતે કરે તો પણ સારા-નબળા બધા શિક્ષકોને પગાર તો સરખો જ મળે છે ને ? શિક્ષકના કાર્યનું મૂલ્યાંકન એને મળતો પગાર નથી, એને મળતી આત્મતૃપ્તિ છે. તમે જ્યારે એક આડે પાટે ચડેલા, અટકી ગયેલા, ઠીંગરાઈ ગયેલા વિદ્યાર્થીને સાચો રસ્તો બતાવો છો, એની યાત્રાને પાટે ચડાવો છો, એને વિકસિત કરો છો ત્યારે તમને જે આત્મસંતોષ મળે છે એની તુલનામાં બીજી બધી પ્રાપ્તિ ગૌણ છે. સૌથી વધુ તો જીવનભરનો વિદ્યાર્થીનો પ્રેમ અને આદર તમે મેળવો છો. આવી પ્રાપ્તિ બીજા કોઈ વ્યવસાયમાં હોતી નથી. જે વિદ્યાર્થી તમારે ઘેર જન્મ્યો નથી, જે તમારો સગો નથી, તમારી જ્ઞાતિનો નથી, એને તમે સર્વાત્મભાવે સ્વીકારો છો ત્યારે તમે પોતે વ્યાપક થાઓ છો. બધી ઓળખ બાદ કર્યા પછીનો આ સંબંધ છે. આવો સંબંધ જીવનાર શિક્ષક માળા નહીં ફેરવતો હોય કે મંદિરમાં નહિ જતો હોય તો પણ એ જીવનની પરમ ધન્યતા અને પ્રાપ્તિનો અનુભવ કરી શકશે. આ આત્મવિશ્વાસ એ જ મુક્તિ છે. એ આ વ્યવસાયમાં શક્ય છે. એટલે મારું એક અવલોકન એવું છે કે ઉત્તમ અને સાચા શિક્ષકના સંતાનો ઉત્તમ થાય છે.

આપણે પણ માણસ છીએ, ડગલે ડગલે આગળ વધી રહ્યા છીએ, આપણી અવિદ્યા ક્યારેક આપણને ઘેરી લે, ત્યારે પણ ત્રણ બાબતો જાળવવા પ્રયત્ન કરશો, જાગૃત રહેશો, સાવધ થઈ જશો તો તમારી અંદરના શિક્ષકને જીવતો રાખી શકશો. એ ત્રણ બાબતો છે : (૧) કોઈ વિદ્યાર્થી માટે પક્ષપાત ન કરો. એક કે પાંચ માટે પક્ષપાત કરો છો ત્યારે પીસ્તાલીશ તમારાથી વિમુખ થઈ જાય છે. એ બોલતું નથી, પણ એવું થતું હોય છે. (૨) કોઈ પણ વિદ્યાર્થી સામે બદલો ન લો. એ ગમે તેવો ભરાડી, વાંકો, વિચિત્ર, તો ફાની કે ન માનનારો હોય તોપણ તેની સામે બદલો ન લો. (બદલો સ્થૂળ-સૂક્ષ્મ અનેક રીતે લઈ શકાય છે.) વિદ્યાર્થીની નબળાઈ કે ભૂલ સામે બદલો લેવો એ સૌથી મોટું પાપ છે. અને પોતાના શિક્ષકત્ત્વનું મૃત્યુ છે. બદલાનો ભાવ છોડશો તો બીજા વાજબી રસ્તા સૂઝશે. (૩) તમે જે કક્ષાએ હો, ગમે તેટલો વિકાસ કર્યો હોય, તો પણ સદાય સ્વીકારો કે વિકસવાનું હજુ બાકી છે. કદી વાસી ન બની જાઓ, સતત તાની રહો, નવું શીખવા તત્પર રહો.

આ ત્રણ તત્વો જાળવશો તો તમે શિક્ષક તરીકેના વ્યવસાયને ઉજાળશો અને તમારું જીવન પણ ઉજ્જવળ બની રહેશે.

# અંગ્રેજી ભાષાનું શિક્ષણ

**હરભાઈ ત્રિવેદી**

ભાવનગર.

(ગતાંકનું ચાલુ)

● **શ્રદ્ધા:** પ્રત્યક્ષ પદ્ધતિથી શિક્ષકે વિદ્યાર્થીની શ્રદ્ધા સંપાદન કરવી એ અતિ મહત્ત્વનું છે. શિક્ષક જે કામ વિદ્યાર્થીને સોંપે તે કામ તે હોંશથી કરે એ જેટલું જરૂરી છે તેટલું જ જરૂરી તે શ્રદ્ધાથી કરે તે છે. શિક્ષકમાં વિદ્યાર્થીને શ્રદ્ધા બેસે એમ બોલવું જેટલું સહેલું છે તેટલો જ અઘરો તેનો આચાર છે. આપણામાં વિદ્યાર્થીઓ શ્રદ્ધા રાખતા થાય તે પહેલાં આપણામાં ધીરજ, શાંતિ અને સહિષ્ણુતા ઉગેલા હોવા જોઈએ. જ્યાં સુધી આપણાં પક્ષે આપણે શુદ્ધ ન થયા હોઈએ ત્યાં સુધી શ્રદ્ધા જેવી સાત્ત્વિક વસ્તુ આપણને મળે તેમ માનવું નહીં. આ ઉપરાંત પ્રત્યક્ષ પદ્ધતિથી કામ કરતી વખતે વિદ્યાર્થીઓ પાસેથી આપણી રીતમાં આપણે શ્રદ્ધાની જો અપેક્ષા રાખતા હોઈએ તો આપણને પણ તે પદ્ધતિમાં શ્રદ્ધા હોવી જોઈએ. આપણી પોતાની રીતમાં આપણને જ ઓછી શ્રદ્ધા હોય તો આપણી તે રીતમાં આપણે વિદ્યાર્થીઓની શ્રદ્ધા મેળવી શકવાના નથી; અને આપણી રીતમાં શ્રદ્ધા ન બેસે તો પછી આપણામાં પણ ન બેસે તે સ્વાભાવિક છે. ઘણી વખત એવું બનવા પામે છે કે પ્રત્યક્ષ પદ્ધતિની પ્રતિષ્ઠાથી આપણે એ પદ્ધતિ તરફ આકર્ષાઈએ; અથવા ઘણી વખત એમ પણ બને છે કે આપણને આપણાં કોઈ ઉપરી અધિકારીએ તે પદ્ધતિથી કામ કરવાનું કહ્યું હોય. આ બંને માર્ગોમાં ભરાઈ પડ્યાં પછી પણ આપણે તો આપણા પૂરતી ખાતરી કરી લેવી જોઈએ કે એ રીતમાં આપણી પોતાની સંપૂર્ણ શ્રદ્ધા બેઠી છે કે નહીં. જો તેમ ન બન્યું હોય તો પ્રતિષ્ઠાનો ખોટો મોહ તોડવો અથવા તો આપણાં ઉપરી પાસે આપણી અશ્રદ્ધા જાહેર કરવી એ આપણો શિક્ષકનો ધર્મ બને છે. તેમ ન કરીએ તો આપણા કામને ફતેહ તો ન જ મળે પણ વિદ્યાર્થીઓનું પણ તેમાં અહિત થાય.

● **નહીં બંધબેસતા વિદ્યાર્થીઓ:** કેટલાક વિદ્યાર્થીઓ એવા હોય છે કે જેઓ નવીન શિક્ષણ પદ્ધતિમાં તો શું પણ ક્યાંયે બંધબેસતા આવે જ નહીં. વિનય મંદિરનાં શરૂઆતનાં વર્ષોમાં કામ કરનાર દરેક શિક્ષકનો એવો અનુભવ હોવો જોઈએ કે જે વિદ્યાર્થી એક વિષયમાં બંધબેસતો નથી તો તે વિદ્યાર્થી મોટે ભાગે બીજા વિષયોમાં પણ બંધબેસતો નથી થયો હોતો. વખત જતાં પરિસ્થિતિ કે સંયોગોને પરિણામે જ્યારે તે કામ ઉપર લક્ષ દેવા માંડે છે ત્યારે બધે જ ઠેકાણે એક સરખું લક્ષ આપે છે. પ્રત્યક્ષ પદ્ધતિમાં આવા વિદ્યાર્થીઓ શરૂઆતમાં આપણને મળે તો આપણે ગભરાવાનું કશું કારણ નથી. પ્રાથમિક શાળાઓનાં બાળકો ઉપર શિક્ષણનાં એવા તો વિચિત્ર પ્રયોગો કરવામાં આવ્યાં હોય છે કે ખુદ ભણતર ઉપરથી જ તેમનું મન ઉઠી જાય તો નવાઈ નહીં. વિદ્યાર્થીને મન ભણતર એ એક બલા સમાન થઈ પડ્યું હોય છે. નવીન ભાષા પણ તેમને આકર્ષી શકતી નથી. અરે એટલું જ શા માટે, નાના બાળકમાં સહજ એવી જીજ્ઞાસાવૃત્તિ પણ તેમનામાંથી જાણે કે નાશ પામી ગઈ હોય તેવું આપણને દેખાય છે અને ઘણી વખત તેમ બન્યું પણ હોય છે. આવા સંયોગોમાં શિક્ષકે અખૂટ ધીરજ રાખવી ઘટે. આવા વિદ્યાર્થીઓ તરફ કંટાળો કે તિરસ્કાર લાવવાને બદલે શાંતિ અને ધીરજ રાખશે તેટલી વધારે ફતેહ તે મેળવી શકવાનો છે. વખત જતાં નહીં બંધબેસતા જણાતા વિદ્યાર્થીઓ એટલા બધા તો બંધબેસતા થઈ ગયા જણાશે કે શિક્ષકને મન તે ચમત્કાર લાગશે.

● **આત્મવિશ્વાસનો અભાવ:** કેટલાક વિદ્યાર્થીઓ એવા પણ માલૂમ પડે છે કે જેમનામાં જરા પણ આત્મવિશ્વાસ ન હોય. આવા વિદ્યાર્થીઓ સાથે કામ કરવું એ સૌથી આકરી વસ્તુ છે. તેમને જે કંઈ કરવાનું કહેવામાં આવે તે બધાય માટે તેઓને જ પોતાની જાતમાં અવિશ્વાસ જ હોય છે, જાહેર કરે કે જાહેર ન કરે, પણ તેમની દરેક ક્રિયા પાછળ અવિશ્વાસ ડોકીયું કર્યા જ કરતો હોય છે. આથી એમનું એકેય કામ ફતેહ પામતું નથી. 'મને આ નહીં આવડે', 'મારાથી આ નહીં બને,' 'મારી આ ભૂલ નહીં જ સુધરે' આવો ધ્વનિ સ્પષ્ટ - અસ્પષ્ટ રીતે તેમની વાણીમાંથી

નીકળ્યા જ કરતો હોય છે.

અને આ પણ આજની સ્થિતિએ સ્વાભાવિક જ છે. વિદ્યાર્થીને સ્વાનુભવોની તક એટલી બધી ઓછી આપવામાં આવે છે - બલ્કે બિલકુલ આપવા દેવામાં આવતી જ નથી. જેથી જે તે કામમાં તે પારકા ઉપર આધાર રાખતાં જ શીખ્યો હોય છે. છેક બાળપણથી માબાપ તેમજ શિક્ષક બાળકને કરવાનું કામ મોટે ભાગે પોતે જ કરી આપતાં આવ્યાં હોય છે. વળી જ્યારે જ્યારે પણ બાળકને પોતાનું કામ પોતાને હાથે કરવાની તક સાંપડી જાય છે ત્યારે ત્યારે પણ માબાપ કે શિક્ષક વચ્ચે પડે છે અને 'તારાથી એ નહીં થાય', 'તું કંઈક ઊંધુંચત્તું કરી બેસીશ', 'છોકરાથી છાશ ન પીવાય', 'કુંભાર કરતા ગધેડા ડાહ્યા' એવા એવા વચનો સંભળાવીને બાળકને તુરત જ રોકે છે. આ બધાનું પરિણામ પોતાની જાતના ભારે મોટા અવિશ્વાસમાં આવે છે. 'તારાથી એ કામ નહીં થાય' એમ વારંવાર સાંભળનાર બાળક 'મારાથી એ નહીં જ થાય' એમ માનતું થઈ જાય છે. તેમાં પછી કંઈ નવાઈ ખરી ? આ અવિશ્વાસ દિનપ્રતિદિન વધતો જ જાય છે, અને જ્યારે બાળક મોટું થઈને વિનયમંદિરમાં પ્રવેશે છે ત્યારે તો એ એટલો બધો વધી ગયો હોય છે કે શિક્ષકને તેવા વિદ્યાર્થી સાથે કામ કરવું એ એક મહા કઠિન કામ થઈ પડે છે.

પણ આપણે તેનાથી હતાશ થવાની જરૂર નથી. આવો અવિશ્વાસ પણ પ્રયત્નથી હાંકી કાઢી શકાય છે. આવા વિદ્યાર્થી સાથે પણ શિક્ષકે પ્રેમ અને ધીરજથી કામ લેવાની ટેવ પાડવી. ઉપરાંત તેને હંમેશા એક એવા પ્રકારનું સૂચન કર્યા જ કરવું કે તેનામાં સોંપેલું દરેક કામ કરવાની તાકાત છે જ છે; માત્ર તેને પોતાને તેવી તાકાતનું ભાન નહોતું. આવું સૂચન તેનામાં થોડોઘણો પ્રાણ રેડે કે સાથોસાથ તેને સ્વાનુભવ ઉપર મૂકી દેવો. તેવા અનુભવોમાં આવો વિદ્યાર્થી શરૂઆતમાં ઘણી ભૂલો કરવાનો છે, પરંતુ તેથી ન આપણે ગભરાવું કે ન વિદ્યાર્થીને ગભરાવવો. ગમે તેટલી ભૂલો હોવા છતાં તેને પોતાને હાથેજ સુધરવાનો અવકાશ છે અને તેવી સુધારણા માટે તેને પૂરી છૂટ છે, તેવો ખ્યાલ તેના મનમાં આવતાં વેંત જ તે પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને જગાડવાનો ભગીરથ પ્રયત્ન કરશે. એવા અનેક પ્રયત્નોના પરિણામે ગુમાવેલ વિશ્વાસ વિદ્યાર્થી પાછો પ્રાપ્ત કરી શકવાનો છે; અને વખત જતાં તેનામાં જબરો આત્મવિશ્વાસ પ્રગટ થવાનો જ છે.

● **ઘર અને શાળાનો સહકાર:** બાળકની કેળવણીમાં ઘર તથા શાળાનો સહકાર એ તો અનિવાર્ય છે. તેમાંયે શિક્ષણપદ્ધતિના અવનવીન અખતરા કરનારી શાળાઓ સાથે ઘર સહકાર ન કરે તો તો તેવા પ્રયોગો જોઈએ તેટલા સફળ ન જ થાય. પ્રત્યક્ષ પદ્ધતિથી જ્યારે પરભાષા શીખવાતી હોય ત્યાં ઘરના માબાપોએ શિક્ષકને પૂરેપૂરો સહકાર આપવો જોઈએ.

આવા સહકારનું પહેલું અંગ તે શિક્ષક ઉપર વિશ્વાસ છે. શિક્ષક જે કરે છે તે પોતાના છોકરાના હિતમાં જ કરે છે, તેમ જ શિક્ષણની દૃષ્ટિથી તે વ્યાજબી જ હશે તેવો વિશ્વાસ માબાપના અંતરમાં હોવો જોઈએ. આનો અર્થ એ થાય કે પોતાના છોકરાના શિક્ષણમાં માબાપ વિનાકારણ કશી જ દખલગીરી ન કરે; તેમજ શિક્ષકને પૂછ્યા વિના પોતાના હાથમાં શીખવવાનું કામ પણ ન લઈ લે. કેટલાંક માબાપો એવા હોય છે કે જે પોતાનાં છોકરાને પોતાની રીતે પોતે ઘેર ભણાવ્યા કરે અથવા તો ખાનગી શિક્ષક રાખીને ભણાવવાની વ્યવસ્થા કરે. તેઓ એમ માનતા હોય છે કે તેમાં તેઓ શાળાને સહકાર આપે છે, તો તે ભૂલ કરે છે. તેમનો હેતુ તો પરિણામ પૂરતો જ હોય છે. પરિણામ લાવવાના મોહમાં તણાઈ જઈ તેઓ શાળાના કામ ઉપર પાણી ફેરવે છે — અને ખાસ કરીને નવીન પદ્ધતિઓના અખતરાઓ કરનાર શાળાના કામ ઉપર માબાપોનો સહકાર શિક્ષકની રીત ઉપર રહેવો જોઈએ એ આવા પ્રયોગોની બાબતમાં અત્યંત જરૂરી છે.

સહકારનો બીજો મુદ્દો તે સ્વતંત્રતા છે અને સ્વાનુભવ છે. પ્રત્યક્ષ પદ્ધતિથી કામ કરવામાં વિદ્યાર્થીનું શરીર તથા બુદ્ધિ સાવ સ્વતંત્ર હોવા જોઈએ. આ તત્ત્વ ઘરોમાં બરાબર પળાય તેવી પરિસ્થિતિ દરેક માબાપે ઉભી કરવી એ તેમનો સહકાર ધર્મ તેમને શીખવતો હોવો જોઈએ. વિદ્યાર્થી જે કંઈ કરે તે પોતના થકી જ કરે. તેવા કાર્ય દ્વારા અનુભવો

મેળવતો જાય અને સંઘરતો જાય એ પણ પ્રત્યક્ષ પદ્ધતિનું એક તત્ત્વ છે. આ તત્ત્વનું પોષણ પણ યોગ્ય રીતે ઘરોમાં થવું ઘટે છે. આવા સ્વાનુભવના વ્યવહાર ઉપર તો વિદ્યાર્થીના જ્ઞાનની વૃદ્ધિનો આધાર રહ્યો હોય છે. સ્વાનુભવ ઉપર વિદ્યાર્થીને જવા દેવામાં ન આવે તો જ્ઞાન સંપાદન કરવાની તેની શક્તિઓ કુંઠિત થઈ જાય છે. પછી ગમે તેટલા પ્રયત્નો ઉપરથી કરવામાં આવે તો પણ તેના જ્ઞાનની તેમજ જ્ઞાનપ્રાપ્તિના સાધનની મર્યાદાઓ બંધાઈ જાય છે. આવી મર્યાદાઓ જ્યાં બંધાઈ જાય ત્યાં પછી પ્રત્યક્ષ પદ્ધતિ નકામી થઈ પડે. ઘરનો સહકાર માગનાર શિક્ષકે આ તત્ત્વ માબાપોને ગળે ઉતરાવવું જોઈએ. અને તેનો અમલ કેવી રીતે શક્ય બની શકે તેની વિગતો તેમની પાસે મૂકવી જોઈએ. વિદ્યાર્થી પ્રત્યક્ષ પદ્ધતિથી શીખતો હોય ત્યારે કેવી જાતના સ્વતંત્ર વાતાવરણમાં તે ઘૂમતો હોય છે તે તથા સ્વાનુભવથી શીખવાની તક તેને કેમ મળ્યાં કરે છે તે જોવા માબાપોને અવારનવાર શાળામાં નોતરવા અને તેમની સાથે રહી આ બંને તત્ત્વોનો થતો અમલ તેમને બતાવવો. આમ કરવાથી માબાપોનો સાચો સહકાર શિક્ષક મેળવી શકશે. માબાપને કેવળ તત્ત્વની ખાલી સૂચનાઓ કર્યે ન પાલવે; તેનો વ્યવહાર તેમને માટેની જીવતી જાગતી વસ્તુ બની ગયેલી હોવી જોઈએ.

● **પ્રત્યક્ષ પદ્ધતિ અને વાતચીતઃ** વાતચીત એ તો પ્રત્યક્ષ પદ્ધતિનો આત્મા છે તેમ કહીએ તો ચાલે. પ્રત્યક્ષ પદ્ધતિનો આખો મદાર જ વાતચીત ઉપર હોય છે. ભણનાર વિદ્યાર્થીને વાતચીત દ્વારા તે ભાષાના જીવંત વાતાવરણમાં મૂકી દેવો અને વાતાવરણમાંથી જ તે ભાષા પકડતો જાય, એ વાતચીતનો ઉદ્દેશ છે. આ ઉદ્દેશ જાળવવા માટે વાતચીતને વિદ્યાર્થીની ઉંમર, કક્ષાની તેને રસ આવે તેવી વસ્તુની આસપાસ ગૂંથેલી, સાદી, જીવતી અને વિદ્યાર્થીના નિત્ય જીવનથી તરબોળ રાખવી જોઈએ. આમ કરવાને બદલે ખાલી સવાલ જવાબની ઘરેડમાં જ શિક્ષક બંધાઈ રહે અથવા તો વિદ્યાર્થીના રોજના જીવનથી દૂરની હકીકતોની આસપાસ વાતચીતને ગૂંથી રાખે તો ધારેલો ઉદ્દેશ પાર ન જ પડે. વાતચીત જેમ જીવનની નિત્ય અને પરિચિત વસ્તુઓથી શરૂ થવી જોઈએ. તેમજ તે સાદા અને સહેલાં વાક્યોથી પણ શરૂ થવી જોઈએ. વાતચીત દ્વારા જે જે કાળનું ભાન વિદ્યાર્થીને કરાવવાનું હોય તે કાળના ક્રમમાં પણ શાસ્ત્રીયતા જાળવવી જરૂરની છે. વર્તમાનથી શરૂ કરી ભૂતકાળ ઉપર જઈ પછી ભવિષ્ય કે શક્યાર્થ એવા કાળમાં વિદ્યાર્થીને પ્રવેશ કરાવવામાં આવે તો તેની નવીનતા અને રસિકતા જળવાઈ રહે.

અહીં એક વાત નોંધવા જેવી છે. પ્રત્યક્ષ પદ્ધતિમાં વાતચીતનો જે અર્થ તથા મહિમા છે તેનો પૂરેપૂરો ખ્યાલ નહીં રાખનાર શિક્ષક કેટલીક વખત ભારે મોટી ભૂલ કરી બેસે છે. આવા શિક્ષકો વાતચીતનું સ્વરૂપ ભૂલી જઈ તેને ભણાવી દેવાનું એક સાધન બનાવી મૂકે છે અને પછી નવા નવા શબ્દો, નવી નવી વાક્યરચનાઓ, નવી નવી કહેવતો, નવા નવા રૂઢિપ્રયોગો એ બધું ઝટઝટ શીખવી દેવાના મોહમાં પડે છે. પરિણામે વાતચીતમાં જે Drill નો ભાગ હોય છે તે વિદ્યાર્થી માટે ગોખણપટ્ટીનો એક વિષય બની જાય છે. વાતચીત એ મુખ્યત્ત્વે કરીને ભણનારને ભાષા સીધા પરિચયમાં મૂકી દેવાનું એક સબળ સાધન છે. એ સાધન દ્વારા આપણે વિદ્યાર્થીને ભાષાના પરિચયમાં મૂકી દઈએ તો પછી ભાષાશિક્ષણનાં વિધવિધ અંગોમાં તે પોતાની મેળે પ્રવેશ કરી શકે તેવી શક્તિઓ મેળવી શકવાનો છે. પછી તો તેને માટે કેવળ થોડુંક માર્ગદર્શન જ જરૂરી રહે. તેમ ન થાય અને ઉપર કહ્યાં તેવા મોહમાં શિક્ષક તણાઈ જાય તો વિદ્યાર્થી સ્વયંશિક્ષણ તરફ કદી પણ વળી શકવાનો નથી. એવા વિદ્યાર્થીની સ્થિતિ નહિ ઘરના અને નહિ ઘાટના કૂતરા જેવી થઈ રહે છે.

વાતચીતની અંદર બીજો વિચારવા જેવો મુદ્દો તે Drilling નો છે. એકનો એક શબ્દ અથવા તો એકની એક રચના પુષ્કળ ડ્રીલિંગ માગે છે. પણ ડ્રીલિંગની આ રીત પ્રત્યક્ષ પદ્ધતિમાં અનોખી છે તે ધ્યાનમાં રાખવા જેવું છે. સામાન્ય રીતે ડ્રીલિંગને ગોખણના અર્થમાં લઈ જવામાં આવે છે. કોઈપણ એક શબ્દ કે વાક્યરચના ડ્રીલિંગથી તૈયાર કરાવવાની હોય ત્યારે એકની એક વસ્તુ અનેકવાર વિદ્યાર્થી પાસે બોલાવવી એવો અર્થ ડ્રીલિંગને લેવામાં આવે

તો વિદ્યાર્થીને નુકસાન થાય. What શબ્દ વિદ્યાર્થીને મોંએ બેસારવો હોય તો શિક્ષક દરેક વિદ્યાર્થીને વારંવાર "What is this" ના પ્રયોગથી જ પૂછ્યા કરે તો તેમાં પદ્ધતિનો આત્મા હણાઈ જાય. What શબ્દને કાયમ રહેવા દઈ તેને જુદાં જુદાં વાક્યોમાં પરોવી વિદ્યાર્થી પાસે ધરી દેવો જોઈએ. અને તેવા ડ્રીલિંગ દ્વારા જ તે પાકો કરાવી શકાય. આ તો એક ઉદાહરણ માત્ર છે. કોઈપણ શબ્દ કે વાક્યરચનાને ડ્રીલિંગ મારફત તૈયાર કરાવવા હોય ત્યારે તેને જુદા જુદા રસિક પ્રયોગો દ્વારા જ વિદ્યાર્થી પાસે મૂકવા જોઈએ. ડ્રીલિંગ કરાવતી વખતે કયો શબ્દ કે કઈ રચના માટે તે ચાલે છે તેનું ભાન પણ વિદ્યાર્થીને ન રહે અને છતાં એકની એક વસ્તુ અનેકવાર આચરવાથી તેની બોલાતી ભાષા ઉપર કાબૂ વધતો જાય, તેવી રીત પ્રત્યક્ષ પદ્ધતિમાં અખત્યાર કરવાની હોય, તો જ ડ્રીલિંગ અર્થસાધક બને; નહીંતર તો એ ગોખણ બની જાય, અને ભણનાર ભણાવનાર બંનેને નુકસાન કરે.

● **વર્ગની ચાર દીવાલોનો ત્યાગ :** પ્રત્યક્ષ પદ્ધતિથી ચાલતું શિક્ષણનું કામ વર્ગની ચાર દીવાલો વચ્ચે જ ગોંધાઈ રહે તે ઈષ્ટ નથી જ. તે કામ થઈ શકે પણ નહીં. પ્રત્યક્ષ પદ્ધતિમાં તો ખૂબ ગતિ હોય છે; પ્રત્યક્ષ પદાર્થો સાથેનો સીધો પરિચય હોય છે. તેટલા માટે શિક્ષક વિદ્યાર્થીએ બહાર ગયા વિના છૂટકો જ નથી. કેટલાંક શિક્ષકો જુદી જુદી વસ્તુઓ એકઠી કરીને અથવા તો વસ્તુઓનાં ચિત્રો કે પ્રતિનિધિઓ ગોઠવીને શિક્ષણનું કામ ચલાવવા મથે છે, પરંતુ તેથી શિક્ષણનું અરધું કામ ભાગ્યે જ સરી શકે. ઉપરાતં વર્ગની ચાર દીવાલો છોડીને વિદ્યાર્થી અફાટ કુદરત વચ્ચે જઈને પડે એજ એક મોટું શિક્ષણ થઈ પડે છે. વિદ્યાર્થીનું શરીર ને તેનું મન તાજગી અનુભવે છે. અને શિક્ષકને પણ અસંખ્ય જીવંત વસ્તુઓ દ્વારા વિદ્યાર્થીનો જ્ઞાનભંડાર સમૃદ્ધ કરવાની તક સાંપડ્યા કરે છે. પ્રત્યક્ષ પદ્ધતિનું રહસ્ય જ પ્રત્યક્ષતા છે ને એટલા માટે પ્રત્યક્ષ પદ્ધતિથી કામ કરનાર શિક્ષકે વર્ગમાંથી બહાર આવવું જ જોઈએ. વર્ગનું શુષ્ક અને કેવળ બુદ્ધિપ્રધાન વાતાવરણ છોડીને બહાર આવવાથી શરૂઆતમાં આપણને એવો ભ્રમ થવાનો સંભવ છે કે વિદ્યાર્થીનું ભણતર કાર્ય ધીમું ચાલે છે. અથવા તો ઘડીભર બંધ પણ રહે છે પરંતુ એ કેવળ ભ્રમ જ છે. વિદ્યાર્થી કુદરતમાંથી જ્ઞાન લીધા કરે છે, અને શિક્ષક પણ કુદરતનો ઉપયોગ કરીને બહુ જ થોડા વખતમાં વિદ્યાર્થીને જ્ઞાનસંપાદન કરવામાં સાચો સહાયક બની શકે છે. વિદ્યાર્થીની દસ-બાર વર્ષની ઉંમર જ એવી ગણાય છે કે જે કાળમાં તેને કુદરત ખૂબ આકર્ષે. એવું આકર્ષણ એ શિક્ષણરીતિનું એક મહત્વનું સાધન થઈ પડે છે. અને તે સાધન દ્વારા શિક્ષક પોતાનું શિક્ષણકાર્ય સંગીન રીતે અને સરળતાથી સાધી શકે છે.

● **વાચનશિક્ષણ:** પ્રત્યક્ષ પદ્ધતિથી શિક્ષણનું કામ ચલાવનાર માટે વાચનશિક્ષણનો પ્રશ્ન પણ બહુ મહત્વનો છે. જૂની શિક્ષણ પદ્ધતિમાં વાચનશિક્ષણ અક્ષરથી શરૂ કરવામાં આવતું; ઘણે ઠેકાણે તો અક્ષરની પણ ટૂકડી કરીને વાંચતા શીખવવાની રીત પ્રચલિત હતી. આ પદ્ધતિ અકુદરતી છે અને બાળકની સ્વાભાવિક જીજ્ઞાસાને દબાવી દેનારી છે. પ્રત્યક્ષ પદ્ધતિમાં તો સીધા પરિચયનું તત્ત્વ અગ્રભાગે રહેલું હોય છે. તેથી વાચન શીખવતી વખતે પણ તે જ તત્ત્વને વળગી રહેવું જરૂરી છે. એટલા માટે જ વિદ્યાર્થીને 'Table' શબ્દ શીખવવો હોય ત્યારે T, a, b, l, e, એવા કટકા કટકા કરીને શીખવવાને બદલે આખો શબ્દ Table તેની પાસે રજૂ કરી તેનો ઉચ્ચાર આપવામાં આવે તો વિદ્યાર્થી જલદી અને રસપૂર્વક ગ્રહણ કરે છે. આથી આગળ જઈને વિચારીએ તો એમ જણાય છે કે ભાષા પકડવાની કુદરતી રીત. બાળક સહેજ મોટી ઉંમરનું થાય છે ત્યારે અર્થપૂર્ણ એવા સંપૂર્ણ વાક્ય દ્વારા ચાલી રહેલી હોય છે. મોટી ઉંમરના બાળકને એટલે કે આપણાં આજના ૧૦-૧૨ વર્ષના વિદ્યાર્થીને Table એમ આખું વાક્ય, વાચનમાં પ્રવેશ કરાવતી વખતે આપવામાં આવે તો તેને તેમાં ખૂબ રસ પડવાનો છે અને તુરતજ તે ગ્રહણ કરવાનો છે.

શરૂઆતના છ માસ વાતચીત દ્વારા પરભાષાના પરિચયમાં ખૂબ મૂકી દીધાં પછી અને સવાલ જવાબ ઉપર ઠીક ઠીક આધિપત્ય મેળવી લીધા પછી વિદ્યાર્થીને વાચનમાં

પ્રવેશ કરાવતી વખતે આખા વાક્યને જ વાચનના એકમ તરીકે તેની પાસે ધરવું તે વધારે શાસ્ત્રીય છે. પ્રત્યક્ષ પદ્ધતિથી કામ કરનાર માટે તે ખૂબ ફળદાયી પણ છે.

● **સ્વાધ્યાય પદ્ધતિઃ** પ્રત્યક્ષ પદ્ધતિથી શિક્ષણ લેનાર વિદ્યાર્થી માટે આગળ ઉપર સ્વયં શિક્ષણની રીત સ્વાધ્યાય પદ્ધતિ દ્વારા દાખલ કરી શકાય કે નહીં તે પ્રશ્ન પણ વિચાર કરવા જેવો છે. પ્રત્યક્ષ પદ્ધતિનું સ્વરૂપ જ એટલું સ્વાભાવિક છે કે તેનો મેળ સ્વયં શિક્ષણની કોઈ પણ પદ્ધતિ સાથે મળી જ જાય. એટલે સામાન્ય રીતે વિદ્યાર્થી પોતે વાંચી શકે, સમજી શકે અને શબ્દકોષ ઈત્યાદિનો પોતાની મેળે ઉપયોગ કરી શકે તેટલી તાકાત ધરાવતો થઈ જાય, પછી તેને સ્વાધ્યાય પદ્ધતિ ઉપર છોડી મૂકવામાં આવે તો જરાય વાંધો નહીં બલ્કે તેવી રીતે સ્વયં શિક્ષણ લેવામાં તેને વધારે રસ આવે અને વધારે લાભ થાય.

● **કસોટીનું ધોરણ :** પ્રત્યક્ષ પદ્ધતિથી કામ કરતી વખતે વિદ્યાર્થીઓએ કેટલી પ્રગતિ સાધી છે તે જાણવા માટે કસોટીનું કયું ધોરણ અખત્યાર કરવું તે વિચારવા જેવો મુદ્દો છે. શરૂઆતના વખતમાં તો વાતચીત દ્વારા અને પ્રશ્નોત્તર દ્વારા આપણે તેની પ્રગતિનું માપ કાઢી શકીએ છીએ; પરંતુ આગળ જતાં કસોટી કરવા માટે આપણે સહેજ પણ મુંઝાઈએ તેવો સંભવ છે. આજની પ્રચલિત પરીક્ષાની પ્રથામાં તો પ્રત્યક્ષ પદ્ધતિનો શિક્ષક ન જ ઉતરે. વિદ્યાર્થી ભાષાના અભ્યાસમાં જેમ જેમ આગળ વધતો જાય અને સ્વયં શિક્ષણ તરફ વળતો જાય, તેમ તેમ તેના જ્ઞાનની કસોટી કરવી આકરી પડવાની. તેવે વખતે શિક્ષકનું સૂક્ષ્મ અવલોકન એ કસોટીનું ઉત્તમ સાધન બની શકે છે. વિદ્યાર્થી જે કંઈ કામ કરે, વાંચે, લખે, બોલે, વાતચીત કરે વગેરે ઉપર આપણે બારીક નજર રાખવી. તેનાં તેવાં કામોમાંથી તે ક્યાં, કઈ વાતની ભૂલ કરે છે, અથવા તો કઈ દિશામાં કેટલી પ્રગતિ કરી છે એનું માપ આપણે જરૂર કાઢી શકીએ.

● **Spelling જોડણી :** જોડણીનો પ્રશ્ન પ્રત્યક્ષ પદ્ધતિના શિક્ષકને ખરેખર મૂંઝવનારો હોય છે. શરૂઆતમાં વાતચીત હોય છે, પછી આવે છે વચન અને છેવટે લેખન. એટલે સહેજે એવું બનવા પામે છે કે લેખન તરફ વિદ્યાર્થીને જોઈએ તેટલી અભિરુચિ પેદા ન થઈ હોય. તેમાંયે અંગ્રેજી ભાષા શીખવવાનો જ્યાં પ્રશ્ન હોય છે ત્યાં તો ખૂબ મુશ્કેલી વધે છે. એ ભાષાની જોડણી બહુ અટપટી છે; નાની વયના વિદ્યાર્થીને તેમાંથી પસાર થવું બહુ ગમતું નથી હોતું.

આવા સંયોગોમાં જોડણીના પ્રશ્નને શરૂઆતમાં બહુ મહત્ત્વ ન આપવું તે વધારે સારું છે. શરૂઆતના બે-ત્રણ વર્ષો સુધી જોડણી ઉપર બહુ ભાર નહીં આપવામાં આવે તો કશો વાંધો આવવાનો નથી. દરમ્યાન વિદ્યાર્થી પાસે Trace કરવાની પદ્ધતિ ધરવી અને Traceing ની જુદી જુદી રમતો દ્વારા બની શકે તેટલી જોડણી તૈયાર કરાવવી. વિદ્યાર્થીની ઉંમર જરા મોટી થશે એટલે પછી પોતે પોતાની મેળે જ જોડણીનો કોયડો ઉકેલવાના પ્રયત્નો કરવા માંડશે. ઉતાવળા થઈને જોડણી ગોખાવવા તરફ લઈ જવાની ભૂલ તો પ્રત્યક્ષ પદ્ધતિનો શિક્ષક ન જ કરે.

● **હસ્તાક્ષરઃ** લેખનના વિષય ઉપર આવીએ ત્યારે હસ્તાક્ષરનો વિચાર પણ આપણને મૂંઝવે તેવો દેખાય છે. પ્રાથમિક શાળામાંથી વિદ્યાર્થીઓ લખવાની એવી બૂરી ટેવ સાથે લઈને આવ્યા હોય છે કે તેમનો હસ્તાક્ષરથી આપણે કંટાળીએ છીએ. હસ્તાક્ષર સુધારવાની ધગશમાં પ્રાથમિક શાળાના શિક્ષકે વિદ્યાર્થી પાસે ખૂબ અનુલેખન કરાવ્યું હોય છે, ખડીના અક્ષરો ઘૂંટાવ્યા હોય છે, અને એકનું એક લખાણ શીખવા ખાતર અનેકવાર લખાવ્યું હોય છે. આ બધી વસ્તુ લઈને આવેલ વિદ્યાર્થી પાસે આપણે પણ અનુલેખનની ધમાલમાં પડીએ છીએ, કોપી લેખન ઉપર લઈ જઈએ છીએ, અને Task ના સ્વરૂપમાં શિક્ષા સુધી જઈને પણ અક્ષરો સુધારવાના પ્રયત્નો કરીએ છીએ. પ્રત્યક્ષ પદ્ધતિના શિક્ષકને આ પોસાય તેવું નથી.

પ્રત્યક્ષ પદ્ધતિથી કામ કરનાર શિક્ષકે તો ધીરજ રાખવી અને બગડેલ હસ્તાક્ષરના મૂળમાં કયા કારણો છે તે શોધી કાઢવાના પ્રયત્નો કરવા. વિદ્યાર્થીના હસ્તાક્ષરો ખરાબ હોય છે તેના મૂળ કારણો બે હોય છે; એક તો તેની સ્પર્શેન્દ્રિયને યોગ્ય રીતે વિકસવાની તક મળી હોતી નથી તેથી અક્ષરોના મરોડોને સ્પર્શેન્દ્રિય મારફત પકડી પાડતા તેને આવડતું નથી. બીજું સ્પર્શેન્દ્રિય અને દર્શનેન્દ્રિયનો

સુમેળ કેમ સાધવો તેની તાલીમ તેને આપવામાં આવી હોતી નથી. વિદ્યાર્થી પોતાની પાસે આદર્શ અક્ષરો જૂએ છે ખરો પણ તેની દૃષ્ટિ તેને એવી રીતે નથી પકડી લેતી કે તેના મગજ ઉપર તેની સ્થિર છાપ પડે, અને પછી સ્પર્શેન્દ્રિયનો કાબૂ મેળવાતવેંત જ આદર્શ અક્ષરના મરોડ પોતાના હાથમાંથી તે કાગળ ઉપર ઉતારી શકે.

આ કામ સિદ્ધ કરવા માટે શરૂઆતમાં વિદ્યાર્થીઓ પાસે રેતિયા અથવા તો કોતરેલા અક્ષરો મૂકવા જોઈએ અને પહેલી બે આંગળી તથા અંગુઠા વડે અક્ષરો ઉપર ઘૂંટાવવાની રમત તેને રમાડવી જોઈએ. આ રમત ખૂબ રસ ઉત્પન્ન કરાવે તેવી હોય છે. આ રમતની સાથે સાથે જ તેની આંખ આગળ આદર્શ અક્ષરો રજૂ કરવા અને તેના ચિત્રવિચિત્ર મરોડો ઉપર ધ્યાન ખેંચ્યા કરવું. હસ્તાક્ષરની બાબતમાં સહેજ પણ મુંઝાયા સિવાય કે ધીરજ ખોયા સિવાય ઉપરોક્ત રીતોનું પુનરાવર્તન કરાવ્યા કરવાથી જતે દિવસે વિદ્યાર્થીના હસ્તાક્ષર ઉપર સુંદર અસર થશે તેમાં શંકા નથી.

● **કવિતાઃ** કવિતા બાળકને ખૂબ ગમે તેવી વસ્તુ છે પરંતુ કવિતાના શિક્ષણમાં પ્રત્યક્ષ પદ્ધતિની શરૂઆતમાં ઉતરવાની જરૂર નથી વાતચીત દ્વારા ઠીક ઠીક શબ્દભંડાર વિદ્યાર્થીએ એકઠો કરી લીધો હોય પછી પ્રાસાનુપ્રાસ, ઝમક, શબ્દચાતુરી વગેરે માટે તેના પરિચિત હોય તેવા શબ્દોવાળી કવિતાઓ મૂકીએ તો કવિતા શિક્ષણ માટેનો આપણો ભાવિ માર્ગ તૈયાર કર્યા જેવું ગણાય. કવિતાને કંઠસ્થ કરાવવાના મોહમાં જરા પણ ઉતરવાની જરૂર નથી. જે કવિતા એક યા બીજા કારણે વિદ્યાર્થીને રસપ્રદ જણાશે તે કવિતા આપણાં કહ્યાં સિવાય અને ખુદ વિદ્યાર્થીને પણ ખબર ન પડે તેવી રીતે તેને કંઠસ્થ થઈ જવાની જ છે.

● **મોટી ઉંમરના વિદ્યાર્થીઓઃ** એમ મનાય છે કે મોટી ઉંમરના વિદ્યાર્થીઓ માટે પ્રત્યક્ષ પદ્ધતિ બરાબર કામ નથી આપતી. આ એક ભ્રમ છે. પ્રત્યક્ષ પદ્ધતિ મૂળે જ સ્વાભાવિક છે, તેથી તે કોઈપણ ઉંમરના શીખનારને સરખાં જ લાગુ પડે. પણ પ્રત્યક્ષ પદ્ધતિના શિક્ષકની ભૂલ તો ત્યાં થાય છે કે શીખવતી વખતે જે વસ્તુ તે નાની ઉંમરના વિદ્યાર્થી માટે પસંદ કરે છે, તથા રજૂ કરે છે, તે જ વસ્તુ તે મોટી ઉંમરના વિદ્યાર્થી માટે પણ હાથ ધરે છે.

શરૂઆતનાં વખતમાં પરભાષામાં પ્રવેશ કરાવવા પૂરતું સર્વ સામાન્ય વસ્તુ લઈ, પછી ઠીક ઠીક પ્રવેશ થઈ શકે કે તુરત જ મોટી ઉંમરના વિદ્યાર્થી માટેની વસ્તુ બદલી નાખવી જોઈએ. ૧૦-૧૨ વર્ષના વિદ્યાર્થીને જે વસ્તુમાં રસ પડે તે જ વસ્તુમાં પંદર સોળ વર્ષના વિદ્યાર્થીને રસ નજ આવે.

પ્રત્યક્ષ પદ્ધતિથી કામ કરતી વખતે વર્ગમાં અસમાન વયના વિદ્યાર્થીઓ હોય તો છ આઠ માસ પછી તેના વિભાગો કરી નાખવા એ વધારે ઈચ્છવા જેવું છે. પછી એ જુદાં-જુદાં વિભાગોમાં વાતચીત, વાચન, લેખન, વગેરેના શાસ્ત્રીય પદ્ધતિનો ક્રમ એકધારો ચાલે પરંતુ વસ્તુ નોખી હોય. આમ કરવાથી પ્રત્યક્ષ પદ્ધતિથી આપણે જુદી જુદી વયના વિદ્યાર્થીઓને આગળ વધવામાં સહાય કરી શકીએ છીએ અસમાન વયના વિદ્યાર્થીઓને એક જ વર્ગમાં સાથે રાખવામાં આવે તો અસમાન વસ્તુને લીધે જ બધાના રસ ઉડી જાય અને આપણું કામ વધારે મુશ્કેલ બને.

● **સમયનો વ્યયઃ** પ્રત્યક્ષ પદ્ધતિથી કામ કરતી વખતે શરૂઆતમાં આપણને ખૂબ વખત જતો દેખાય છે. બબ્બે ત્રણ ત્રણ મહિનાઓની મહેનત પછી પણ જ્યારે થોડાક શબ્દો અને આંગળીને વેઢે ગણી શકાય તેટલી જ રચનાઓ વિદ્યાર્થીઓ હસ્તગત કરી શક્યા હોય છે તેમ આપણે જોઈએ છીએ ત્યારે આપણને સહેજ અસંતોષ થાય છે. પરંતુ તેમ અસંતુષ્ટ થવાની કશી જરૂર નથી. શરૂઆતમાં જે વખત ગાળ્યો હોય છે તે વિદ્યાર્થીને એટલી બધી તાકાત આપે છે કે પછી ભવિષ્યમાં અનેકગણી ઝડપે તે પોતાનું કામ કરી શકે છે. જે જે શિક્ષણ પદ્ધતિઓ શીખનારના સ્વભાવ ઉપર - માનસ ઉપર રચાયેલી હોય છે તે બધીનું એક સુંદર પરિણામ એ હોય છે કે ભાવિ શિક્ષણ માટે તે અખૂટ તાકાત ઉભી કરી દે છે. પ્રત્યક્ષ પદ્ધતિ પણ એક એવી જ સ્વાભાવિક અને વિદ્યાર્થીના માનસ ઉપર રચાયેલી પદ્ધતિ છે.

**(સમાપ્ત)**

# મારી જાદુઈ શાળા

**ડૉ. અભય બંગ**

નાનપણમાં હું એક વિશિષ્ઠ શાળામાં ભણ્યો હતો. તેવું ભણતર હું આજે મારા દિકરા આનંદને આપી શકતો નથી, એ મારી જિંદગીનું સૌથી મોટું દુઃખ છે. "મારા બાળપણની વાતો જ નિરાળી છે. હવે એ વાતો ક્યાં રહી ?" હંમેશાં મોટા-ઘરડા લોકોને તમે આવા પ્રકારની વાતો કરતાં સાંભળ્યા જ હશે. મારા હૃદયમાં ઉંડું દુઃખ છે. મારી શાળામાં એવી શું ખાસ વાત હતી ?નવમા ધોરણ સુધી મારૂં ભણતર ગાંધીજીની નઈ તાલીમ પધ્ધતિ અનુસાર થયું. પૂરા ચાર વર્ષ તો મેં સેવાગ્રામ આશ્રમની નઈ તાલીમ વિદ્યાલયમાં વિતાવ્યા. ભણતરનો અરથ એ નથી કે આપણે પ્રકૃતિને છોડીને શાળાની ચાર દિવાલો વચ્ચે કેદ બનીને કંટાળાજનક પાઠને ગોખીએ ! એનાથી ઉલ્ટું ગાંધીજીની નઈ તાલીમની માન્યતા તો એ હતી કે પ્રકૃતિની નજીક રહીને સમાજ ઉપયોગી કામ કરવાથી જ બુદ્ધિનો વિકાસ થશે, અને એના દ્વારા બાળકો અનેક કુશળતાઓ મેળવશે. આ પદ્ધતિના વિકાસ માટે ગાંધીજીના આગ્રહથી રવિન્દ્રનાથ ટાગોરે શાન્તિનિકેતનમાંથી આર્યનાયક્રમ અને શ્રીમતી આશાદેવીની સિંહાલી-બંગાલી જોડીને સેવાગ્રામ મોકલ્યા હતા. એ જ કારણથી ગાંધીજીની શિક્ષણ પદ્ધતિને રવિન્દ્રનાથનો પ્રકૃતિ પ્રેમ અને કલાપ્રેમ મળ્યા. શાળાની શરૂઆતથી જ મારા મા-બાપ આ પ્રયોગમાં સામેલ હતાં. આ શાળાના ભણતરની રીતો એકદમ નવતર હતી. એ રીતોના થોડા નમૂના હું અહીં આપને જણાવું છું.

**જાનવરો સાથે પરિચય**

આજ બધે જંગલી જીવનો સંરક્ષણની વાત થાય છે. પંરતુ ૨૭ વર્ષ પહેલાં આ વિષય આટલો ચર્ચામાં ન હતો. ત્યારે પણ મારા મરાઠીના શિક્ષક પાટીલ ગુરુજી પોતાનો વર્ગ ફણસના ઝાડની ડાળી ઉપર બેસીને ચલાવતા હતા !

તેઓ અમને જંગલોની વાર્તાઓ અને પોતે કરેલા શિકારનું વર્ણન સંભળાવતા હતા. એક વાર ભૂલથી તેમણે ગર્ભવતી હરણી પર બંદૂક ચલાવી દીધી. પરંતુ એ માસુમ પ્રાણીની આંખોમાં દુઃખ જોઈને અચકાઈ ગયા. એ પ્રસંગથી એમને એટલું બધું દુઃખ થયું કે બંદૂકનો હંમેશ માટે ત્યાગ કર્યો અને કેમેરાથી જાનવરોના ફોટા પાડવા માંડ્યા. તેમણે રાતોની રાતો ઝાડના માંચડા ઉપર બેસીને જંગલી જીવોના સુંદર ફોટા લીધા. તેમની રોચક વાર્તાઓમાં જાનવરો પ્રત્યને પ્રેમ સ્પષ્ટ જોઈ શકાતો હતો. તેમની વાર્તાઓ સાંભળીને અમને એવું લાગતું હતું કે જાણે અમે પોતે જ જંગલમાં ફરી રહ્યા છીએ. તેઓ શબ્દોના શિલ્પી હતા. શબ્દો મારફતે જંગલો પ્રત્યે મારો પ્રેમ અને માહિતી આ વાર્તાઓથી જ વધ્યો. આજકાલ મરાઠી ભાષાના પાઠ પ્રાયઃ આ શબ્દોથી શરૂ થાય છે. "પ્રાણીનો અર્થ શું ?" શું આવી નિરસ અને કંટાળાજનક રીતોથી બાળકોને પ્રેરણા આપી શકીશું ? મહારાષ્ટ્રનો ગડચિરૌલી જીલ્લો આજે પણ જંગલોથી ભરેલો છે. પરંતુ ત્યાં પણ શાળાના ભણતરને અસલી જંગલો સાથે નાહવા-નીચોવાનોય સંબંધ નથી.

**સંતોનો મેળો**

સંત તુકારામના અભંગ (દુહા) અમે કડવી દવાની જેમ પીધા નથી. અષાઢી અગિયારસના દિવસે અમારી શાળામાં દર વર્ષે સંતોનો મેળો ભરાતો. તેમાં જુદા જુદા સંતોના જીવન-પ્રસંગો તાદશ થતા. નાટક કરતા, ચિત્રો બનાવતા અને નિબંધ લેખન પણ કરતા. આ બધું શાળાના બધાં બાળકો મળીને કરતા. પૂરા પંદર દિવસ સુધી શાળામાં મેળાનું વાતાવરણ રહેતું. તુકારામના એક અભંગ 'જે કા રંજલે ગાંજલે' ને હું ત્યાં ત્રણ જુદી જુદી રીતો દ્વારા શીખ્યો. ત્યાં ગીત મંડળીમાં હું પહેલી જ વાર રાગ ભૈરવી ગાતા શીખ્યો. સંતોની વાણી, તેમનો ઈતિહાસ, એમનું જીવન-દર્શન વગેરે અમે સહજ રીતે રમત-રમતમાં શીખ્યા. પરંતુ ફરક માત્ર એટલો જ હતો કે ત્યાં ભાષા, ઈતિહાસ, સંગીત, દર્શન આદિ શિક્ષણના લેબલ ન હતાં.

ઘણા વર્ષો પછી હું એક સરકારી સ્કુલમાં ગયો ત્યાં મને 'કાવ્ય કુસુમાંજલિ' નામના ભારે પાઠ્ય પુસ્તકમાં

તુકારામનું, 'રંજલે ગંજલે' અભંગ જોવામાં આવ્યું. તે જોઈને કદાચ તુકારામ પણ દુઃખી થાત.

**આમ શીખ્યા વનસ્પતિશાસ્ત્ર**

ઘણી બધી શાળાઓમાં વનસ્પતિ શાસ્ત્રનો વિષય પુસ્તકમાં છાપેલા ચિત્રો મારફત અથવા કાચની બાટલીઓમાં કેદ સ્પેસિમેન ના નમૂના મારફત ભણાવાય છે. છોડની જુદી જુદી પ્રજાતિનાં મૂળ અને પાંદડાના જડબાતોડ ટેકનિકલ નામોને બાળકો ઘણી મુશ્કેલીથી ગોખે છે અને પરીક્ષા પછી તરત ભૂલી જાય છે. અમારી નઈ તાલીમની શાળાની આજુબાજુના બગીચામાં અને ખેતરોમાં જુદા જુદા પ્રકારના વૃક્ષો અને વેલાઓ હતાં. સૌથી સારી વાત તો એ હતી કે અમારા શિક્ષક બધાં બાળકોને સાથે લઈને એ બાગ-બગીચામાં ફરતા હતા. ત્યાં વૃક્ષ-છોડનું નિરીક્ષણ-પરીક્ષણ થતું. જે વૃક્ષો અથવા વેલ દેખાય તેનો સૌથી પહેલાં પરિચય કરાવવામાં આવતો. પછી તેનાં પાંદડાં, ફૂલ, ફળ વગેરે વિશે ઝીણવટથી સમજાવવામાં આવતું. ત્યાર બાદ બોર, આંબળા, કરમદાં, વિ. ફળ તોડીને ખાવાનો વારો આવતો (વર્ગખંડમાં આવી રીતે ચાખીને અથવા ખાઈને શીખવાનો બીજો અનુભવ મને અમેરિકામાં થયો. પરંતુ ત્યાં વર્ગખંડમાં બેસીને ચોકલેટ ખાવી અને કોકાકોલા પીવાનો રિવાજ દેખાયો !) ફળ ખાતાં ખાતાં અમે બોર અને કેરીની સમાનતાની ચર્ચા કરતા અને ડૂપ નામના ફળને જોઈને તેની વિશેષતાઓ નોટમાં લખતા. આવી રીતે બાગ-બગીચામાં ભ્રમણ કરતાં કરતાં અને નજીકથી પ્રકૃતિનું દર્શન કરીને અમે વનસ્પતિશાસ્ત્રને ખૂબ ઉંડાણપૂર્વક સમજ્યા. વનસ્પતિશાસ્ત્રના પુસ્તકોમાં જે સિદ્ધાંતોના વખાણ થાય છે તે અમારી ચારે બાજુ સુખદ્ હરિયાળીના રૂપમાં વેરાયેલાં પડ્યાં છે. તેમને પ્રત્યક્ષ જોવાની અને જાત-નિરીક્ષણ કરવાની પ્રેરણા અમારા શિક્ષક આપી શક્યા. એ જ કારણથી 'પામેટ ડાયવર્જન્ટ રેટિક્યૂલેટ' જેવા ભારેખમ શબ્દો મને અટપટા ન લાગ્યા. એનું કારણ સરળ છે. 'મારી એકદમ પાસે, આંખો સામે પપૈયાના વૃક્ષનું પાન હતું.'

સાતમાની પરીક્ષા માટે અમારા શિક્ષકે અમને જુદા જુદા પાંદડા અને ફૂલોનું એક વૈજ્ઞાનિક આલ્બમ બનાવવાનું કહ્યું. અમે એના માટે આજુબાજુનો આખો જિલ્લો ખૂંદી વળ્યા. આજે પચ્ચીસ વર્ષ વિત્યા પછી પણ સેવાગ્રામ પરિસરમાં ક્યાં ક્યાં 'પામેટ ડાયવર્જન્ટ રેટિક્યુલેટ' આકારના પાંદડાના વૃક્ષો છે તે હું સારી રીતે જાણું છું. જાણે આ વૃક્ષો મારી સામે જ ઉભાં હોય તેવું લાગે છે. એનું પરિણામ એ આવ્યું કે પાછળથી કૉલેજમાં મારે વનસ્પતિશાસ્ત્ર શીખવામાં ખાસ મહેનત કરવી પડી નહિ. આ વિષયમાં હું કૉલેજમાં સર્વ પ્રથમ આવ્યો. જ્યારે મારી કૉલેજના પ્રોફેસર મારી પ્રશંસા કરવા માંડ્યા ત્યારે મેં મારા મનમાં કહ્યું કે, ''સાહેબ હું વનસ્પતિશાસ્ત્ર કૉલેજમાં નથી શીખ્યો તે તો હું સેવાગ્રામની શાળામાં શીખ્યો છું.''

**જીવન સાથે સંબંધ રાખનાર ગણિત**

''એક પાણીની ટાંકીમાં બે નળી લગાડેલી છે. એક નળી મારફત ટાંકીમાં પાણી ભરાય છે. અને બીજી વડે ખાલી થાય છે. હવે એ કહો કે ટાંકી કેટલી વારમાં ભરાશે ?'' આવી જાતના પગ-માથા વગરના પ્રશ્નો હંમેશાં સ્કુલના ગણિતના પુસ્તકોમાં ભરેલા હોય છે. હવે પ્રશ્ન એ થાય છે કે ગણિત અને અસલી જીવન વચ્ચે કંઈ સંબંધ છે કે નહીં? કોઈ પણ હોંશિયાર માણસ આ પ્રશ્નનો ઉકેલ કરવા માટે નીચેની નળી બંધ કરી દેશે અને આવા પ્રશ્નથી જાતને છોડાવશે.

નઈ તાલીમમાં હું ઘનફળની અવધારણા અને ગણિત કેવી રીતે શીખ્યો તેનું એક ઉદાહરણ આપું છું. દરરોજ અમારે બધાંએ ત્રણ કલાક કોઈ ઉત્પાદન કામ કરવું ફરજિયાત હતું. અહીંનાં શિક્ષણનું આ એક અભિન્ન અંગ હતું. આની પાછળ ગાંધીજીની બ્રેડ લેબર, એટલે જાતે મહેનત કરીને ખોરાક મેળવવાની અવધારણા તો હતી જ સાથે સમાજ ઉપયોગી કાર્ય મારફત કુશળતા મેળવવાની વિનોબાની દૃષ્ટિ પણ હતી. આના માટે હું થોડા દિવસ સુધી ગૌશાળામાં કામ કરવા જવા માંડ્યો. નવી ગૌશાળાના નિર્માણનું કામ ચાલતું હતું. મારા શિક્ષકે મને એક સમસ્યાનું

નિરાકરણ શોધવાની જવાબદારી સોંપી. "એ શોધો કે એક ગાય રોજ કેટલું પાણી પીએ છે ? આ રીતે ગૌશાળાની બધી ગાયોને દરરોજ કેટલા પાણીની જરૂર પડશે. પછી એક એવી ટાંકી બનાવો કે જેમાં એટલું પાણી સમાઈ શકે. ટાંકીમાં કેટલી ઈંટો જોઈશે તેનો હિસા કરીને ઈંટો ખરીદી લાવો." ગણિતની આ સમસ્યા માટે હું લગભગ એક અઠવાડિયા સુધી ઝઝૂમ્યો. જુદી જુદી ટાંકીઓનું ઘનફળ કેવી રીતે માપવું ? ટાંકીનું ઘનફળ અને તેનું બહારનું ક્ષેત્રફળ કેવી રીતે માપવું ? આ અનોખી પદ્ધતિથી પ્રત્યક્ષ ટાંકી બનાવીને હું ગણિત શીખ્યો.

**રસોઈ દ્વારા શિક્ષણ**

કામ મારફત વિજ્ઞાનશિક્ષણનું હું અહીં એક બીજું ઉદાહરણ આપું છું. છાત્રાલયવાસી વિદ્યાર્થીઓને વારાફરતી રસોઈ બનાવવાની જવાબદારી સોંપવામાં આવતી હતી. શાળાના રસોડામાં દરરોજ લગભગ ૧૦૦ વ્યક્તિઓ જમતી હતી. ખાવાનું બનાવવાની જવાબદારી આઠ આઠ જણની એક એક ટુકડીને સોંપવામાં આવતી હતી. ખાવા માટે દર મહિને કેટલો ખર્ચ થવો જોઈએ તેનું બજેટ ટોળીને પહેલેથી આપવામાં આવતું હતું. આહાર શાસ્ત્રની દૃષ્ટિએ ભોજન પૌષ્ટિક અને સમતોલ બને, ખાવાનું બધાંને પસંદ પડે અને બજેટ પ્રમાણે ખર્ચો થાય એની યોજના ઘડતાં ઘડતાં અમારો દમ નીકળી જતો હતો. બટાકાનું શાક સૌથી સસ્તુ જરૂર હતું પરંતુ તેમાં પૌષ્ટિક તત્ત્વના રૂપમાં મુખ્યત્વે સ્ટાર્ચ હતો. એટલે એ નકામું. આઈ.સી.એમ.આર. (ઈંડિયન કાઉન્સીલ ફોર મેડિકલ રિસર્ચ) મારફત ઓછામાં ઓછા તેલની માત્રાના ઉપયોગથી આખું બજેટ તેલ પર જ ખર્ચ થઈ જતું ! એક કુશળ ગૃહિણીના અનુભવથી અમે સૌ વંચિત હતા. અમે આહારશાસ્ત્ર અને અર્થશાસ્ત્રની ચર્ચા કરતાં કોઈક ઉપાય શોધવાની ચેષ્ટા કરતા. ઘણીવાર બનાવેલી ભોજનની યોજના કાગળ ઉપર રહેતી. વાસ્તવમાં એને બનાવવાનું સંભવ જ ન હતું. દાળને ચઢવામાં કેટલો સમય લાગશે તેના હિસાબમાં પણ હંમેશાં ગોથું ખાતા ! પછી રાત્રે ભોજનનાં બધાં વાસણો માંજતા અમે એક ઘાયલ સૈનિક જેવા લાગતા. બીજા દિવસે ખાવાનું બનાવવાની સમસ્યા સામે ઉભી જ રહેતી. પરંતુ આમ પૂરી પ્રક્રિયા દરમિયાન અમે ત્રણ વસ્તુ શીખી લીધી. તે હતી આહાર શાસ્ત્ર, ઘરનું અર્થશાસ્ત્ર અને પાકશાસ્ત્ર અર્થાત્ ખાવાનું બનાવવું. ધાણાના લીલાં પાંદડામાં ૧૦૬૦૦ યુનિટ વીટામીન એ નું પ્રમાણ હોય છે એ મને આજે પણ સારી રીતે યાદ છે. જે વસ્તુ હું થોડા દિવસ રસોડામાં કામ કરતાં શીખ્યો તે હું દસ વરસ સુધી મેડિકલ કૉલેજમાં ન શીખી શક્યો.

**ખેતીના પ્રયોગ**

અમને બધા છાત્રોને ખેતી માટે જમીનનો એક એક નાનો ભાગ (ટૂકડો) આપ્યો હતો. તેમાં ખેડવું, વાવવું, પાણી આપવું, ખાતર નાખવું વિગેરે બધી જવાબદારી અમારી હતી. ખેતરને પાણી પાવા માટે કૂવામાંથી પાણી કાઢવા માટે બાળકોની લાંબી લાઈને થઈ જતી હતી એટલે ઘણીવાર તો ત્યાં રાત્રે વારો આવતો. અર્ધી રાત્રે શિયાળવાંની ઉંવા ઉંવાથી બાળકોનાં હૃદય કંપી ઉઠતાં હતાં. ખેતી કરતાં કરતાં અમે ખેતીવાડી અને ફળોની ખેતીનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. ખાતર નાખતી વખતે તેના રાસાયણિક તત્ત્વો જાણવાં જરૂરી હોય છે. એટલે કેટલીયે વખત અનુભવી ખેડૂતોને મળીને તેમની સાથે વાતચીત કરવી પડતી હતી. એમાં જાપાનથી ધાનની ઉન્નત ખેતી શીખીને આવેલા મુક્તેશ્વરભાઈ અને દ્રાક્ષની ખેતીનો પહેલો પ્રયોગ કરવાવાળા પ્રેમભાઈ શામેલ હતા. અમારી પાસે ઈઝરાઈલમાં ઘણા વર્ષો ખેતી શીખીને આવેલા શ્રી હેલવીનું ખેતર હતું. તેઓ બળદને બદલે ઘોડાની મદદ લઈને ખેતર ખેડતા હતા. વચ્ચે વચ્ચે અમને અણ્ણા સાહેબ સહસ્રબુધ્ધે ખેતી સંબંધી અર્થશાસ્ત્રના નવા નવા પ્રયોગ બતાવતા હતા. એવા વાતાવરણમાં અમે ખેતી કરતાં કરતાં શું નથી શીખ્યા ?

કોના ખેતરમાં વધારે પેદાશ થશે એ વાત ઉપર છાત્રોમાં હરીફાઈ જ થતી હતી. ઉપજ વધારવા માટે અમે ખેતરમાં ખૂબ ખાતર એટલે ડોલ ભરી ભરીને ગોમૂત્ર

નાંખતા હતા. આવી રીતે ગોમૂત્ર નાંખી નાંખીને મેં પોણા બે કિલોનું એક રીંગણ ઉગાડ્યું. જ્યારે હું રીંગણ લઈને વર્ધાના બજારમાં વેચવા ગયો ત્યારે તેને રોગ સમજીને કોઈએ ખરીદ્યું જ નહિ !

**જીવંત શિક્ષણ**

નઈ તાલીમ પદ્ધતિ પર હંમેશાં એક આરોપ મૂકવામાં આવે છે. શાળામાં બાળકો શારીરિક શ્રમમાં સમય વ્યતિત કરે છે તે તેના જ્ઞાન મેળવવાના રસ્તામાં બાધક બને છે. મદ્રાસ પ્રાન્તમાં જ્યારે બેઝિક એજ્યુકેશન (પાયાની કેળવણી) શરૂ થયું ત્યારે આરોપ મૂકવામાં આવ્યો શારીરિક શ્રમને કારણે અમારા બાળકોનું ભણતર પાછળ પડે છે. આ આરોપને કારણે ત્યાંના તત્કાલીન મુખ્યમંત્રી રાજાજીને રાજીનામું આપવું પડ્યું. પરંતુ સાચી વાત શું છે ? બાળકોના મગજમાં તમામ કચરો - પૂંજો ભરવો અને પરીક્ષામાં તેને ઓકી નાંખવો એ જેઓને સાચું શિક્ષણ લાગે છે તેઓને આ આરોપ સાચો લાગ્યો હશે. જો બાળક ગંધકના એસિડ બનાવટની જુદી જુદી ચાર રીતો ન બતાવી શકે તો તેનું જ્ઞાન કાચું છે તેવું એ પક્ષનું માનવું છે. નવમા ધોરણના વિદ્યાર્થીને આ જાણવાથી શો લાભ થશે તેમાં તેમને કાંઈ લેવા દેવા નથી. પરંતુ જીવન સંબંધી દરેક જ્ઞાન વિજ્ઞાનના ક્ષેત્રમાં નઈ તાલીમના વિદ્યાર્થીઓ વધારે કુશળ સાબિત થયા. પરંતુ ઈતિહાસ, ભૂગોળ, રાજનીતિશાસ્ત્ર, અને સામાન્ય જ્ઞાન જેવા વિષયોમાં તેમની શું સ્થિતિ હતી ?

ભૂગોળનો વિષય હું મારી જાદુભરી સ્કુલમાં કદી ન શીખ્યો. સેવાગ્રામમાં દેશ-વિદેશના ઘણા લોકો આવતા હતા. તેમની પાસેથી જુદા જુદા દેશ અને પ્રાંતો વિશે સાંભળીને હું ઘણું બધું શીખ્યો. મને જુદા જુદા દેશોની ટપાલ ટીકીટો ભેગી કરવાનો બહુ શોખ હતો. તેનાથી મને જુદા જુદા દેશોની સુંદર જાણકારી મળતી હતી. ઘણી બધુ યાત્રાઓનું વર્ણન અને દેશ-વિદેશની વાર્તાઓ વાંચીને મને તે દેશની પૃષ્ઠભૂમિનું સારું જ્ઞાન થઈ ગયું હતું. આ રીતે હું ભૂગોળ શીખ્યો. જ્યારે હું નવમા ધોરણમાં હતો ત્યારે મેં શરદ્‌ચંદ્રનું 'પથેરદાલી' અને ઝવેરચંદ મેઘાણીની લખેલી 'પ્રભુ પધાર્યા' નવલકથા વાંચી હતી. આનાથી મને બર્મા દેશની જાણકારી મળી. આ બંને પુસ્તકોની પ્રેરણા મને એક દિવસ બર્મા ખેંચી લઈ જવાનું કારણ બની. મારા માટે ભૂગોળ ભાર વધારનાર વિષય ન બનતાં એક જીવતો વિષય હતો.

રાજનીતિ અને સામાન્ય જ્ઞાન ભણાવવા માટે અમારા શિક્ષકોએ જુદો જ રસ્તો અપનાવ્યો હતો. દરરોજ સાંજે તેઓ અમને ખાસ ખાસ સમાચાર અને રોચક જાણકારી આપતા. ત્યારબાદ તેઓ તે ઘટનાઓનો ઈતિહાસ અને તેની પાછળ છુપાયેલી રાજનીતિ સમજાવતા હતા. રશિયા મારફત ક્યુબાને મોકલેલા અણુશસ્ત્રો અને તેને રોકવા માટે અમેરિકા દ્વારા કરાયેલી કાર્યવાહી તે સમયના મુખ્ય સમાચાર હતા. ત્યાર પછી બીજું વિશ્વયુદ્ધ થયું અને દુનિયા પૂંજીવાદી અને સામ્યવાદી એમ બે ભાગમાં વહેંચાઈ ગઈ. અમારા શિક્ષક રશિયા અને અમેરિકા વચ્ચે ચાલતી પારસ્પરિક દુશ્મનીનું કારણ પણ અમને સમજાવતા, અને ક્યુબાની ક્રાંતિનું મહત્ત્વ પણ સમજાવતા. સ્વીટ્સરઝરલેન્ડના લોકો પોતે પોતાના દેશને હેલ્વેટિયા કેમ કહે છે એ પ્રશ્ન પોસ્ટની ટીકીટો ભેગી કરતી વખતે મારી સામે આવ્યો. એ પ્રશ્નનો જવાબ શોધવા માટે અમે ઘણી ચોપડીઓ વાંચી. આ પ્રમાણે અમને તે દેશના ઈતિહાસના સારી રીતે પરિચય થઈ ગયો.

**નવી પદ્ધતિ**

ગાંધીજીની શિક્ષણ પદ્ધતિની અવધારણા અને રવિન્દ્રનાથનો કલાપ્રેમ - તેને મૂર્તરૂપ આપવા માટે અમારી શાળામાં અનેક સર્જનાત્મક પ્રયોગો થયા એના કેટલાય દાખલાઓ આપી શકાય તેમ છે. પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો ઉપરાંત અમારી કેટલીયે પરીક્ષાઓ થતી. જેમ કે રાંધવું, નાટકો લખવાં, રમવું, ભરી સભામાં ભાષણ આપવું, લેખ લખવા વિગેરે સૌથી અનોખો પ્રયોગ તો એ હતો કે વર્ગની કલ્પનાને બહુ લચીલી બનાવી દીધી હતી. બધા વિદ્યાર્થીઓ કોઈ વિષયમાં અધિક તેજ અને કોઈમાં થોડા નબળા.

તેમને દરેક વિષય માટે એક જ વર્ગમાં બેસવું જરૂરી

ન હતું. પોતાની ક્ષમતા અને સ્તર અનુસાર બાળકો કોઈ એક વિષય શીખવા માટે જુદા જુદા વર્ગમાં બેસી શકતા હતા. એનો અર્થ એવો કે મેં એક જ વર્ષમાં સાતમાનું અંગ્રેજી નવમાનું ગણિત અને દસમાનું મરાઠી શીખી લીધું. સાચાં મૂલ્યોનું નિર્માણ આ શિક્ષણનું એક અભિન્ન અંગ હતું. શ્રમ પ્રત્યે માન, સ્વાવલંબન, સમતા, સમૂહજીવન જેવી વાતો અમે શાળા જીવનમાં રોજ જીવતા હતા. આ મૂલ્યોની સાથે સાથે સમાજ પરિવર્તનના આંદોલનોમાં વિદ્યાર્થીઓ ભાગ લેતા હતા. દર વર્ષે થોડા દિવસો માટે શાળાને તાળાં લાગી જતાં અને બધા વિદ્યાર્થીઓ ભૂદાન આંદોલનમાં ભાગ લેવા દૂર દૂરના ગામોમાં જતા હતાં.

આજે જ્યારે હું મારા બાળપણની શાળા વિશે લોકોને કહું છું ત્યારે ઘણા લોકો મને પૂછે છે કે શું એ શાળા હજુ પણ ચાલે છે ? અમે અમારાં બાળકોને તેમાં મોકલવા ઈચ્છીએ છીએ. મારી શાળાની છેલ્લી વાત હું તમને હવે કહું છું.

ગાંધીજીની ગ્રામોદ્યોગની કલ્પનાને સરકાર તરફથી પ્રોત્સાહન ન મળ્યું. અંતમાં મોટા કારખાનાં સામેની હરિફાઈમાં ગ્રામોદ્યોગ હારી ગયા. આ શાળાને કોઈ સરકારી માન્યતા પ્રાપ્ત ન હતી એટલે તે વર્તમાન શિક્ષણ વ્યવસ્થામાં ટકી ન શકી. સરકારી માન્યતાના અભાવમાં આ શાળાના બાળકોના ભવિષ્ય ઉપર એક પ્રશ્નાર્થ ચિહ્ન મૂકાઈ ગયું. એ કારણથી અને બીજા અનેક કારણે વાલીઓએ પોતાનાં બાળકોને આ શાળામાં મોકલવાનું બંધ કર્યું. ભૂદાન-ગ્રામદાન આંદોલનમાં સક્રિય એવા ઘણા બધા વાલીઓએ એક વખત પોતાના બાળકોને આ શાળામાં દાખલ કર્યા હતા, પરંતુ પાછળથી તેઓએ પણ પોતાના બાળકોને આ શાળામાં દાખલ કર્યા હતા, પરંતુ પાછળથી તેઓએ પણ પોતાના બાળકોને ઉઠાડી લીધાં. સમાજ અને સરકાર આ નિરાળી શાળા અને તેની વિશિષ્ટ પદ્ધતિનું સાચું મૂલ્યાંકન ન કરી શક્યાં. આવી પરિસ્થિતિમાં કોઈ પણ ટાપુ વધારે સમય સુધી ટકી ન શકે. આજુબાજુનું વિરોધી વાતાવરણ જલ્દીથી તેને ગળી ગયું. પછીથી તો ગ્રામોદ્યોગ આંદોલન પણ વધારે સમય ટકી ન શક્યું. સમાજમાં વ્યાપેલ સ્વાર્થ અને હરીફાઈ આ ભણતરને ગળી ગયાં. મારા હૃદયની ઈચ્છા એ છે કે હું મારા દિકરાને એ જાદુઈ શાળામાં મોકલું પરંતુ હવે એ જાદુઈ શાળા ક્યાં છે ?

---

## ભારતનું ગૌરવ મહારાણા પ્રતાપ

દીધું. પ્રતાપે ફરીથી નાનકડું દળ એકઠું કર્યું. શસ્ત્રો ખરીદ્યા અને ફરીથી રણ જગાડ્યું. રાવણ જેવા દુશ્મન પાસેથી મેવાડ પરત મેળવવા ભગીરથ પ્રયત્નો કરી મહાભિષણ યુદ્ધો કર્યા. ત્રણ ત્રણ વખત વિજય પ્રાપ્ત કરી મેવાડને મુક્ત કર્યું.

સુવિખ્યાત અંગ્રેજ ઈતિહાસકાર કર્નલ ટોડે પોતાના ઈતિહાસ ગ્રંથ "એનલ્જ એન્ડ એન્ટીકિવરીઝ ઓફ રાજસ્થાન" માં નોંધ્યું છે કે પ્રતાપે ભિષણ પ્રતિજ્ઞા લીધી હતી કે ચિત્તોડ પાછું ન મેળવું ત્યાં સુધી પાંદડાની પતરાળીમાં જ ભોજન કરીશ અને પલંગને બદલે ઘાસની પથારીમાં શયન કરીશ અને છેલ્લા શ્વાસ સુધી પોતાની ટેક પાળી. અપાર કષ્ટો અને વેદના વેઠ્યા, અગણિત અને અપાર યાતનાઓ ભોગવી, અંતહિન રઝળપાટ ભોગવ્યો, ભૂખમરો વેઠ્યો પણ માથું ન નમાવ્યું. એની દૃઢતા અને ધીરજ સહનશક્તિ અને આત્મવિશ્વાસ ખરેખર અનન્ય હતા. પરાજયો એની હિંમતને તોડી ન શક્યા. પોતાનું અટકીપણું જાળવ્યું.

દોઢ દસકા શાહી સેના સામે લડવા - ટકવા પ્રતાપને પ્રસંગોપાત ચાર વખત રાજધાની બદલાવાની ફરજ પડી હતી. પ્રથમ ચિત્તોડ પછી ઉદયપુર, કુંભલમેર અને છેલ્લે ચાવંડ.

ઈ.સ. ૧૫૯૭ જાન્યુ.ની ૧૯મી તારીખે ૫૮ વર્ષની ઉંમરે ચિત્તોડ પાછું મેળવવાની અધૂરી આશામાં જ અવસાન પામ્યા. જાણે કે પ્રતાપી પ્રતાપના પરાક્રમનો પ્રકાશસૂર્ય અસ્ત થયો. મહારાણા મૃત્યુને વર્યા પરંતુ તેની કીર્તિ યુગો સુધી અમર રહેશે. પ્રતાપી મહાન મહારાણાને કોટિ કોટિ વંદન. જય હિન્દ. જય મહારાણા પ્રતાપ.

# નિર્વ્યાજ પ્રેમનો ચમત્કાર
# (સત્ય ઘટના)

**હીરજીભાઈ નાકરાણી**

૬૯, અનુપમ સોસાયટી, સુરેન્દ્રનગર. મો.: ૯૪૨૭૬૫૨૦૯૯

રાજુ હતો તો શ્રેણી નવનો વિદ્યાર્થી. વાન ગોરો, પાંચફૂટ પૂરો અને સુદૃઢ શરીરવાળો. આંખો લીંબુની ફાડ જેવી. મૂછનો દોરો ફૂટુ ફૂટુ થઈ રહ્યો હતો. ભણવામાં સામાન્ય પણ કામનો આખો, આપેલ લેસન ભલે ન કરે પણ આજ્ઞાંકિત ખરો. કામ સોંપો એટલે દોડીને કરી આવે, ચહેરો સદાય હસતો એટલે વહાલ પણ ઉપજે.

આ રાજુ હતો શિક્ષણ સંસ્થાના એક ટ્રસ્ટીનો ભત્રીજો. એટલે એનું કોઈ નામ ન લે. આમ એની ફાટ્ય પણ ખરી. કોઈ એનું નામ લે તો સિંહ જેવો થઈને ઊભો રહે. છાત્રાલયના ગૃહમાતા પણ એનાથી ડરતા રહે. છાત્રાલય પાંચથી દસ ધોરણના કુમારોનું હતું, પણ ગૃહમાતાઓને હવાલે છાત્રાલય સંચાલન થતું હતું.

આ નિવાસી શાળા કાઠિયાવાડના લેઉઆ પટેલોની છે. ઓલપાડ તાલુકામાં આવેલ જોથાણની હરિયાળી સીમમાં આવેલ છે. વરાછામાં રહેતા પટેલોએ પોતાના બાળકોને કુદરતી વાતાવરણમાં રહેવાનું અને શાંત-એકાંત સ્થળે શિક્ષણ મળી શકે તે હેતુથી આ સંસ્થાની સ્થાપના થયેલી. મોટે ભાગે હીરાના કારીગરોના બાળકોને પાન-તમાકુ ને માવાની બદીમાંથી મુક્ત કરવાનો પણ એક હેતુ ખરો.

રાજુ આમાંનો એકેકેય વ્યસની નહોતો. એને એક વ્યસન વાતોના તડાકા મારવાનું અને તેનાથી નાનાં બાળકોને પજવવાનું વ્યસન લાગી ગયું હતું. ટ્રસ્ટીનો ભત્રીજો એટલે કોઈ તેનું નામ પણ ન લે. છાત્રાલયમાં ગૃહમાતાઓની ફરિયાદ, અન્નપૂર્ણાના સંચાલકની ફરિયાદ, ગૌશાળાના વ્યવસ્થાપકની ફરિયાદ, વર્ગખંડમાં શિક્ષકોની ફરિયાદ, ખેતીમાં કૃષિપાલકની ફરિયાદ આમ અનેક તરફથી કોઈને કોઈ ફરિયાદ દિવસમાં આવી જ હોય. એક દિવસ પણ ફરિયાદ વગરનો જાય તો રાજુ નહીં. શરીરે હટ્ટોકટ્ટો અને સૌથી ઊંચો, પડછંદ એટલે એનું કોઈ નામ ન લે. બધાને પજવવાનો જાણે તેનો અબાધિક અધિકાર હોય તેમ નાથ વગરના ગોઢલા જેમ, ચોકડા વગરના ઘોડા જેમ બેફામ વર્તન માટે તે પંકાઈ ગયો હતો.

નિયામક તરીકે મેં એક વરસ ચાર્જ સંભાળ્યો તેને હજુ વરસ પૂરું નહોતું થયું. હજુ તો શિક્ષકો, અન્ય કાર્યકરો, વ્યવસ્થાપકો અને વિદ્યાર્થીઓનો પરિચય મેળવી રહ્યો હતો. સંસ્થામાં તોફાની બાળકોને મારી-ફટકારીને વશમાં રાખવાની છૂટ મળેલી. મારી જાણમાં આવ્યું એટલે હું ખૂબ અકળાયો. ઘડીક તો એમ થયું, હું ક્યાં અહીં આવી ભરાણો. એક વરસનો સ્વીકાર કર્યા પછી મારી અકળામણમાંથી મારે જ માર્ગ કાઢવાનો રહ્યો. મેં જાણ્યું કે શિસ્તનો તમામ દોર પી.ટી.ના શિક્ષક ઉમેશભાઈ પાસે છે.

ઉમેશભાઈ વગર વિદ્યાર્થીઓ શિસ્તમાં ન રહે. આમ ઉમેશભાઈના ભાવ બોલાતા હતા. શિક્ષકો, ગૃહમાતાઓએ અન્ય વ્યવસ્થાપકોએ વિદ્યાર્થીઓની કોઈ ફરિયાદ આવે તો ઉમેશભાઈ પાસે ફરિયાદનો ઢગલો થાય અને ઉમેશભાઈ એક પછી એકને પોલીસભાઈની જેમ રિમાંડ પર લઈને બેવડવાળી દે છતાં કોઈ ન બોલી શકે. મંડળે પી.ટી.ના શિક્ષકને મારવાનો અબાધિત અધિકાર આપી દીધેલો અથવા લઈ લીધેલો. મને મૂંઝવણ ઊભી થઈ. આમાં કામ કેમ કરવું?

લોકભારતીનો વિદ્યાર્થી. જેણે શ્રી નાનાભાઈ ભટ્ટ, શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ, દર્શકદાદા અને બુચભાઈ પાસેથી જેણે શિક્ષા-દીક્ષા લીધી હોય તેનાથી આ શે સહ્યું જાય ! એકાદ માસ જેમનું તેમ બધું જોયા કર્યું. અનુભવ્યા કર્યું. બરાબર એક માસ પછી તમામ શિક્ષકો અને ગૃહમાતાઓની મિટિંગ કરી. મિટિંગનું કેન્દ્રબિંદુ રાખ્યું રાજુનું વર્તન. તેનાથી બધા ગળે આવી ગયા હતા. અરે ! પેલો પી.ટી. શિક્ષક પણ ગળે આવી ગયેલો. તેમણે મને રાજુની ફરિયાદ કરી. કોઈની હિંમત રાજુના કાકાને ફરિયાદ કરવાની ચાલે નહીં. અરે ! એના તરફ કોઈ આંગળી પણ કેમ ચીંધી શકે? રાજુથી તમામ ગળે આવી ગયેલા.

શિક્ષકો અને ગૃહમાતાઓને ખબર પડી કે ઉમેશભાઈએ રાજુની ફરિયાદ નિયામકને કરી છે એટલે તમામની ફરિયાદોનો દોર નિયામક તરફ વળ્યો. થોડાક દિવસ તો નિયામકે તમામની ફરિયાદો સાંભળ્યે રાખી અને સમજવાની કોશિશ કર્યે રાખી. પછી એક દિવસ રાજુને ઑફિસે બોલાવવામાં આવ્યો. પ્રથમ રાજુને બોલવાની તક આપી. પણ બધુ ધૂળમાં ગયું. સમજણનો પાવર માંડ બે-ચાર દિવસ ટકે. પછી વળી પાછું જેમનું તેમ. અનેક વખત રાજુને સમજાવવાની કોશિશ થઈ પણ પથ્થર પર પાણી જેવી સ્થિતિ થઈ. દર વખતે એવું લાગતું કે રાજુ હવે ડાહ્યો ને શાંત થઈ જશે. પણ જો એમ ડાહ્યો થઈ જાય તો રાજુ શાનો ?

રોક અને ટોક એમ બે ફરિયાદમાંથી રાજુ પસાર થઈ ગયો. એમ કહેવાય છે ને કે તેજીને ટકોર અને ગધેડાને.... હવે આ વિદ્યાર્થીને મારે કઈ કક્ષામાં મૂકવો ? રાજુને કોઈ મૂંઝવણ નહોતી પણ મારી મૂંઝવણ વધવા લાગી, કરવું શું ? ખૂબ વિચાર કર્યો. ખૂબ ચિંતન પણ કર્યું. મૂછાળી મા પણ યાદ આવી. કોઈ કળ હાથમાં આવતી નહોતી. છેવટે રાજુને ભેટીને માથે હાથ ફેરવી વહાલથી પડખામાં લીધો ને ઘણી વાતો ઘર પરિવારની કરી. પણ રાજુની દાળ ગળી નહીં.

આવા સમયે મને ગાંધીજી યાદ આવ્યા. તેમણે રાજુ જેવા તોફાની યુવકનો પ્રસંગ સત્યના પ્રયોગોના ભાગ-૪માં આત્મિક કેળવણીમાં આ પ્રમાણે નોંધ કરી છે.

''આશ્રમ (ટોલ્સટોય ફાર્મ)માં એક યુવક બહુ તોફાન કરે, જૂઠું બોલે, કોઈને ગણકારે નહીં. બીજાઓની સાથે લડે. એક દહાડો તેણે બહુ જ તોફાન કર્યું. હું ગભરાયો. વિદ્યાર્થીને કદી દંડ ન દેતો. આ વખતે મને બહુ ક્રોધ ચડ્યો. હું તેની પાસે ગયો. તેને સમજાવતા તે કેમે સમજે નહીં. મને છેતરવાનો પણ તેણે પ્રયત્ન કર્યો. મેં મારી પાસે પડેલી આંકણી ઉપાડીને તેની બાંય ઉપર દીધી. દેતાં હું ધ્રૂજી રહ્યો હતો.

મારી પાસે નહોતી આંકણી, નહોતી સોટી કે નહોતી ફૂટપટ્ટી. મારી પાસે તો મારો હાથ હતો. હાથનો પંજો હતો. એટલે આવેશમાં આવી જઈ એક ઠોકી દીધો. ગાલ પર. ગાલ લાલ થઈ ગયો. ગોટો ખરો. એટલે આંગળા ઉપસી આવ્યા. રોક, ટોક પછી આ છેલ્લો પ્રયોગ ઠોકનો હતો. આ પ્રયોગ મેં અહમમાં આવી જઈને કે મારી મોટાઈના ગૌરવ માટે નહોતો કર્યો. પ્રયોગ થતા થઈ ગયો. પછી મને ખૂબ પસ્તાવો થયો. આ પ્રયોગ પાછળ ઈરાદો શુદ્ધ હતો. લાગણી અને સહાનુભૂતિ સભર હતો. તેની આંખમાં આંસુ નહોતા પણ પશ્ચાતાપ જરૂર હતો. તેના પર અસર થઈ તેના કરતા મારા પર વધુ થઈ. હું મારી જાતમાં ઊંડો ઊતરી ગયો. ગભરાઈને નહીં પણ આત્મમંથનની આગને કારણે.

તે દિવસે સાંજે ટ્રસ્ટીશ્રી ઠાકરશીભાઈ નિત્યક્રમ પ્રમાણે સંસ્થાની મુલાકાતે આવ્યા. મેં તેમને રાજુની વધતી જતી ફરિયાદની વાત કરી એને એમ પણ કહ્યું કે આજે મેં રાજુને થોડો પ્રસાદ પણ આપ્યો છે. મને એમ હતું કે તેઓ મને ઠપકો આપશે, પણ એવું કંઈ ન બન્યું અને તેઓ તો રાજી થયા ને બોલ્યા, ''સારું થયું એજ લાગનો છે. શિક્ષકો અને ગૃહમાતાઓની ફરિયાદ પણ છાની રીતે મારા સુધી પહોંચી છે. એને કોઈ કહેતું નથી. અને સજા પણ કોઈ કરતું નથી એટલે તે ટ્રસ્ટીના છોકરા તરીકે વધુ ચગી ગયો છે. તમે જે પગલું લીધું તે તેના હિતમાં અને સારા માટે જ લીધું છે. કેટલાકને રોકવાથી રોકાઈ જતા હોય છે. કેટલાકને ટોકવાથી રોકાઈ જતા હોય છે અને કેટલાકને ઠોકયા સિવાય રોકાતા નથી. રાજુ હવે સમજશે. મારી પાસે ફરિયાદ લઈને નહીં આવે કેમ કે મારો સ્વભાવ તે સારી રીતે જાણે છે.''

બીજા દિવસે મેં રાજુને બોલાવ્યો ને પૂછ્યું, ''કાકાને મારા અંગે ફરિયાદ ન કરી ?'' આ સાંભળીને મૌન થઈ નીચું જોઈ ગયો. શરમાયો ને કહે છે, ''ફરિયાદ કરું તો મારું જ આવી બને.''

''રાજુ બોલ હવે હું ફરિયાદ કરું ?''

'ના' હું કાલથી સમજી ગયો છું. હવેથી ક્યારેય મારી ફરિયાદ નહીં આવે. અને આવે તો મને કાઢી મૂકજો. હું સામનો કર્યા વગર સંસ્થામાંથી ચૂપચાપ જતો રહીશ. સામનો નહીં કરું.''

''પણ રાજુ, મારે તને કાઢી નથી મૂકવો. તને પ્રેમથી ભણાવવો છે. એટલે જ તો આ બધી મથામણ થઈ છે. તું કામકાજમાં ખૂબ હોંશિયાર છે. કોઈ દિવસ તે કોઈ પણ કામની ના પાડી નથી. આ બાબત તારી ક્યારેય ફરિયાદ

મારી પાસે આવી નથી. તું તો ઘણી વખત સામેથી કામની માગણી કરતો હોય છે. તારું આવું વલણ તારા હિત માટે ખૂબ આવકારદાયક છે. તે માટે તો તને ખૂબ ધન્યવાદ આપવા ઘટે.

રાત્રે પ્રાર્થના થયા પછી વિદ્યાર્થી આલમ સમક્ષ રાજુ પર કરેલ રોક, ટોક અને ઠોકના પ્રયોગ વિશે રાજુ પ્રત્યે આદર અને પ્રેમપૂર્વક વાત કરી. રાજુ ધ્યાન દઈને સાંભળતો હતો. તેના માનસમાં પ્રસંગનું મનોમંથન ચાલતું હતું. તે પોતે હિંમતથી ઊભો થયો અને સૌની સમક્ષ ક્ષમા માંગી. આંખમાં જળજળિયાં આવી ગયા. ક્ષમા આપવી સહેલી છે પણ ક્ષમા માગવી સહેલી નથી. પોતાના અહમને મારા સમક્ષ ઓગાળવાનું કામ ઘણું અઘરું છે. ગરમ બનવું સહેલું છે પણ નરમ બનવું અતિ કઠિન છે. રાજુ, આજે નયન રમ્ય નરમ બની ગયો જણાયો.

તમામ શિક્ષકો અને ગૃહમાતાઓ ભયના ઓથાર નીચે જીવતા હતા. રાજુની એક ફડક પણ કામ કરતી હતી. રાજુમાં એકાએક પરિવર્તન આવતું જોઈને સૌ અવાક્ બની ગયા. રાજુને જે પ્રવૃત્તિ વધુ ગમતી હતી તે મેં પકડી લીધી. તેના અહમને ઠેસ ન વાગે અને તેનામાં પડેલ આત્મપ્રકાશની પ્રવૃત્તિ તરફ દોરવા માટે કામની નવી-નવી જવાબદારી તેને સોંપવામાં આવી. હોંશે હોંશે તેણે સ્વીકારી પણ લીધી.

જો આ પ્રયોગ પાછળ દોષભાવ કે અણગમા કે નફરતના ભાવથી થયો હોત તો પરિણામ જુદું જ આવત. નકારાત્મક માનસ ન બંધાઈ જાય પણ હકારાત્મક માનસ તરફ પ્રેરવા માટે સ્વમાન સાથે તેનો સહવાસ ચાલુ રહ્યો. પછી પણ તેના પ્રત્યે દુર્ભાવ ચાલુ રહ્યો હોત તો તેમનું પાછા વળવું મુશ્કેલ બની જાત. ઉપેક્ષા અને અપમાન તેને વધુ આક્રમક બનાવી દેત, વિકૃત માનસ ઘડવા માટે આ બે વલણો પૂરતા છે.

ઠોકની ધગધગતી અસરને શીતળ કરવા માટે હિતકર શુભાશય ન હોય, સ્વમાન જળવાતું ન હોય, સહાનુભૂતિ અને વહેણ શુષ્ક બની ગયું હોય ત્યાં ઘણી વિકરાળ સમસ્યાઓ પેદા થઈ જાય તે સ્વાભાવિક છે. પણ દોષ સામે ક્ષમાશીલતા જ વ્યક્તિને ઉન્નત બનાવે છે. આવું ક્યારે થઈ શકે ? સંબંધો પ્રેમ અને વિશ્વાસના પાયા પર બંધાયેલા હોય. વિશ્વાસનું મૂળ નિર્ભયતામાં રહેલ છે. ભય હોય ત્યાં ન વિશ્વાસ પેદા થાય ન પ્રેમ બંધાય. શિક્ષણનું પાયાનું કામ વિશ્વાસ અને પ્રેમની ઈમારત ચણવાનું છે. પ્રેમ એ કેળવણીનું મૂળગામી તત્ત્વ છે. એ જ્યારે ઘટે છે ત્યારે અનેક સમસ્યાઓ સર્જાય છે. આજના અતિગતિશીલ શિક્ષણ પ્રક્રિયામાં ઘરમાં અને કુટુંબમાં પ્રેમ ઘટી રહ્યો છે. શાળામાં શિક્ષકોના હૃદય સૂકાં થઈ રહ્યા છે. કૂવામાં જ નીર ન હોય તો હવાડામાં ક્યાંથી આવે ? અને કૂવામાં જેવું નીર હોય તેવું જ હવાડામાં આવશે. આજે ધરતીમાં પાણી નીચે જઈ રહ્યું છે તેમ શિક્ષણમાં પણ પ્રેમનું સ્તર દહાડે દહાડે નીચે જઈ રહ્યું છે. જેને કારણે ઘરેઘરમાં અસંતોષ, સમસ્યાઓ છે.

મા-બાપ કહે છે અમારા છોકરાં અમારું કહ્યું કરતાં નથી, શાળામાં શિક્ષક કહે છે; વિદ્યાર્થી અમારું માનતા નથી. વાત અહીંથી પતી જતી નથી. પણ ખરી વાત તો હવે શરૂ થાય છે.

ત્રણ મહિના પછી મકરસંક્રાતિના રોજ સંસ્થાના વાર્ષિક ઉત્સવનું ટ્રસ્ટીઓએ નક્કી કર્યું. આ ઉત્સવ દર વરસે જન્માષ્ટમીના રોજ ઉજવાતો હતો. પણ આ વખતે મકર સંક્રાંતિનો દિવસ નક્કી થયો, જેથી ચોમાસાને લીધે જે સમસ્યા પેદા થતી તેમાંથી બચી શકાય. ચોમાસામાં જે સંખ્યા આવતી તેમાં મર્યાદા હતી પણ સમય બદલાણો તેથી મોટી સંખ્યા આવશે એમ માની રમતનું મેદાન નાનું પડતા પૂર્વનું આખું ખેતર જ રોકી લેવાનું નક્કી થયું. તેમાં શેરડી રોપાતી તેથી તેનાં મૂળિયા કાઢવાનું કામ અઘરું હતું. તે ટ્રેક્ટરની મદદથી ખેડી નાખ્યું. જમીન કડક હતી એટલે ઢેફાં મણ-મણના બહાર આવ્યા. તેના પર ચાલવું પણ મુશ્કેલ બની ગયું.

ઢેફાં ભાંગીને જમીન સમથળ બનાવવાની હતી. મજૂરો પાસેથી કામ લેવાથી મોડું થાય તેમ હતું. વળી મજૂરો પૂરતા મળી રહે તેવી શક્યતા પણ ન હતી. મજૂરોની માથે ઊભા રહીને કામ કરાવવાનું હતું. જવાબદારી નિયામકની હતી. જો સમયસર પહોંચી ન વળાય તો નિયામકની ફજેતી

થાય તેવું હતું. નિયામકને એક સુંદર વિચાર આવ્યો કે આવા કામમાં ત્રણસો જેટલા વિદ્યાર્થીને બે-ચાર દિવસ કામે લગાડ્યા હોય તો કેમ ? ટ્રસ્ટીઓની મિટિંગ બોલવી. સૌએ સંમતિ આપી અને કામ શરૂ થતા પહેલા નિયામકે વિદ્યાર્થી આલમ આગળ વાત મૂકી. વિદ્યાર્થીઓ આ કામ માટે સંમત તો થયા પણ જવાબદારી કોને સોંપવી તેની ગડમથલ થઈ. આલમ સમક્ષ વાત મૂકી;

"આઠ દિવસમાં ખેતરને ઉત્સવનું મેદાન બનાવી દેવું છે. બોલો કોણ જવાબદારી લેશે ?"

સમૂહ વિચારતો થઈ ગયો. ઘડીક મૌન છવાઈ ગયું. વિદ્યાર્થીઓ અંદરો અંદર ચહલ-પહલ કરવા લાગ્યા. અચાનક રાજુ ઊભો થયો. તેની પાછળ, બીજો, ત્રીજો, ચોથો એમ દસ મોટા વિદ્યાર્થીઓની ટીમ ખડી થઈ ગઈ. સમગ્ર ઉત્સવની જવાબદારી રાજુ મંડળીએ ઉપાડી લીધી. શિક્ષકો પણ જોડાયા. આઠ દિવસમાં તો મેદાન તૈયાર થઈ ગયું. ટ્રસ્ટીઓએ આવીને જોયું. તેઓ તમામ આશ્ચર્ય સાથે પ્રસન્ન થયા. મોંમાં આંગળા નાખી ગયા. સૌએ સંતોષ વ્યક્ત કર્યો. ટ્રસ્ટી શ્રી ઠાકરશીભાઈએ સૌને અભિનંદન આપ્યા. નિયામકશ્રીએ કહ્યું; ઠાકરશીભાઈ, આ કામની જવાબદારી રાજુની મંડળીએ લીધી હતી. આ જાણીને તેઓ અતિખુશ થયા. રાજુને બોલાવ્યો, તેને વ્યક્તિગત રીતે અભિનંદન આપી પીઠ થાબડી.

મેં જોયું કે પટેલના છોકરા હોય છે તો બહુ બળુકા અને કામના આખા હોય છે. જે જવાબદારી લે છે તેને તે પ્રામાણિકતાથી નિભાવી જાણે છે. રામના કામમાં ખિસકોલી પણ ઉપયોગી થઈ હતી તેમ રાજુ મંડળીના કામમાં પાંચમાં ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓએ પણ પોતપોતાના ગજા પ્રમાણે કામની જવાબદારી ઉપાડી સારા કામના સાથીદાર બન્યા હતા.

છાત્રાલયની સાયં પ્રાર્થનામાં નિયામકશ્રીએ રાજુ મંડળીને ઊભી કરી. સૌને નામ સાથે અભિનંદન આપી પોતાની પ્રસન્નતા જાહેર કરી. સૌને નામ સાથે અભિનંદન આપી પોતાની પ્રસન્નતા જાહેર કરી. તરુણો કામથી ક્યારેય થાકતા નથી, ભાગતા નથી કે કંટાળતા નથી. તેઓ ઈચ્છે છે કામ કર્યા બદલ પ્રશંસાના બે શબ્દો સાંભળવા અને પ્રોત્સાહનની વાહ-વાહ જેવા ઉત્સાહ પ્રેરક શબ્દો સાંભળવા. જેટલી તાકાત હોય તેટલી તેઓ કામની વફાદારીમાં ખરચી નાખતા અચકાતા નથી.

આ મંડળીએ વાર્ષિક પરીક્ષા આપીને છેલ્લી રાત્રિએ હોસ્ટેલ સળગાવીને ભાગી જવાનું નક્કી કરેલું. જેમાં રાજુ પણ ભાગીદાર હતો પણ તેની સાથેના હકારાત્મક વલણથી આખી બાજી પલટાઈ ગઈ. કારણ શું ?

આપણે તેને સાંભળતા નથી.

આપણે તેને સમજતા નથી.

આપણે તેને પૂછતા નથી.

આપણે તેને જવાબદારી સોંપતા નથી.

આપણે તેના પર પૂર્ણ ભરોસો મૂકતા નથી.

આપણે તેણે કરેલ સારા કામને બિરદાવતા નથી.

આપણે તેણે કરેલ સારા કામના બદલામાં પ્રશંસાના બે શબ્દો કહેતા નથી.

આ બધા પ્રશ્નો શિક્ષકના નથી, કે શાળાના જ નથી પણ પહેલા મા-બાપ અને કુટુંબના છે. હવે સવાલ ઊભો થાય છે કે સફળ શિક્ષક કોને ગણવો ?

- જે શિક્ષક બાળકોને દિલથી ચાહે, પ્રેમભાવ રાખે તેને સફળ ગણવો.
- જે શિક્ષક પોતાની જાત પર વિશ્વાસ રાખી વિદ્યાર્થીના વિશ્વાસને જીતી શકે તેને સફળ ગણવો.
- જે શિક્ષક પોતે કામ કરીને બાળકોને કામ કરતા કરે તેને સફળ શિક્ષક ગણવો.
- જે શિક્ષક બોલે ઓછું ને વિદ્યાર્થીને કામ કરતા કરે, જાતે ભણતા શીખવે તેને સફળ શિક્ષક ગણવો.
- જે શિક્ષક વિદ્યાર્થીને નિર્ભય બનાવી પ્રેમ જીતી શકે તેને સફળ શિક્ષક ગણવો.
- જે શિક્ષક ભયની શિસ્ત નહીં પણ પોતાની પ્રતિભામાંથી સ્વયંશિસ્ત ઊભી કરી શકે તેને સફળ શિક્ષક ગણવો.
- જે શિક્ષક બાળકોથી દૂર ન ભાગે અને જેનાથી બાળક દૂર ન ભાગે તેને સફળ શિક્ષક ગણવો.
- જે શિક્ષક બાળકોએ પૂછેલા પ્રશ્નોનો જવાબ શાંતિથી સમજદારીથી બાળકોને સરળતાથી સમજાય તેવી ભાષા-

શૈલીમાં જવાબ આપે તેને સફળ ગણવો.

● જે શિક્ષક કઠિન વાત-ઘટના કે માહિતીને સરળ અને અસરકારક ભાવ-ભાષાથી સમજાવી શકે તેને સફળ ગણવો.

● જે શિક્ષક પોતાના વર્તન-વ્યવહારથી વિવેક અને આદરના પાઠ ભણાવી શકે તેને સફળ ગણવો.

● જે શિક્ષક બાળકોના દિલમાં માતા-પિતા પ્રત્યે આદર ભાવના પાઠો પોતાના વર્તન થકી શીખવી શકે. વાણીમાં સંયમ જાળવતા શીખવે તેને સફળ ગણવો.

● જે શિક્ષક સફળતા અને નિષ્ફળતાના માપદંડ પોતાના જીવન થકી શરૂ કરે પછી બીજા પાસેથી અપેક્ષા રાખતો થાય તેને સફળ ગણવો.

આ બધા તોલ-મોપમાં પોતે ક્યાં ઊભો છે તે વિચારીને નક્કી કરે.

પેલો રાજુ તોફાની જરૂર હતો. પણ તેને ભણતો કરવામાં શિક્ષકના હાથમાં જરૂરી કળ નહોતી આવતી. કળ પારખીને તે કળથી કામ લેવાય તો જરૂર તેમાં સફળતા મળે છે એવો મારો અનુભવ છે. શિક્ષક પોતાની જાતને જુદી પાડીને, પોતાના અહમનું સંરક્ષણ કરીને જોઈ-જોઈને ડગલા ભરે તેને ક્યારેય સફળતા મળવાની નહીં. જે કામ-જવાબદારી સ્વીકાર્યા પછી તેના પર સંપૂર્ણ કેન્દ્રિત થઈ ચિંતન, મનન સાથે કામ લેવામાં આવે તો અવશ્ય સફળતા મળે છે. શિક્ષક હંમેશ આશાવાદી હોવો જોઈએ. નિરાશામાં - હતાશામાં જીવતો શિક્ષક ક્યારેય આશાવાદી બની શકતો નથી. આશાવાદ એ વ્યક્તિત્વ વિકાસનો પાયો છે. પાયો પાકો હોય તો તેના પરની ઈમારત પણ મજબૂત ચણી શકાય. મજબૂત ઈમારત એ જ સાચું ને મજબૂત વ્યક્તિ છે. શિક્ષણનું કામ મજબૂત વ્યક્તિત્વ વિકાસનું ઘડતર કરવાનું છે. અને વ્યક્તિત્વ ઘડતર કોઈ પણ કામની જવાબદારી લેવાથી દૂર ભાગે છે. દૂર ભાગતો યુવાન જીવનમાં ક્યારેય સફળ થવાનો નથી. નસીબ વ્યક્તિને ઘડે છે એમ નહીં પણ પુરુષાર્થ વ્યક્તિને ઘડે છે. એરણ પર હથોડી ટીપાય છે ત્યારે બંને ટીપાય છે અને ઉજળા થાય છે.

## સ્નેહ અને સંપત્તિનો સહવાસ

પિતાજીએ જોયું કે આજે ઘરમાં વાતાવરણ અત્યંત તંગ થાય તેવી સ્થિતિ હતી. આર્થિક રીતે તો કંગાળ થઈ ગયા છે. પરંતુ લક્ષ્મીજી ગયા બાદ સૌ પરસ્પર પ્રેમથી રહેશે તે વરદાન આપી ગયા છે માટે જ આજે ઘરમાં કંકાસ થયો નથી. લક્ષ્મીજીની વિદાય બાદ પણ સૌ કુટુંબીજનો એકસૂત્રથી બંધાઈ પ્રેમમય વાતાવરણમાં જીવી રહ્યા છે માટે કુટુંબમાં લક્ષ્મી કરતાં પ્રેમનું મહત્વ જ વધારે છે. આર્થિક અસહાયતા વચ્ચે પણ કુટુંબના સૌ સભ્યો મનમેળથી રહે છે તે જ બતાવે છે જીવનમાં કેન્દ્ર સ્થાને ધન નહીં પ્રેમ છે.

ઝઘડો, કંકાસ, વિસંવાદ જીવનને જીવવું આકરું બનાવી દે છે. જ્યાં પ્રેમ છે ત્યાં ચોક્કસ જ લક્ષ્મીનો નિવાસ છે. પરંતુ ક્યારેક અઢળક સંપતિ વચ્ચે પણ પ્રેમ નજરે પડતો નથી. જીવન જીવવાની યોગ્ય રીત તો એ છે કે સદાય પ્રેમ વહેંચતા રહો. નાના-મોટા સૌની સતત કદર કરતા રહો. નાનાભાઈ પાસે વધુ ધન હોય તેમ છતાં તે મોટાભાઈ કરતાં ક્યારેય મોટો થઈ જતો નથી. જે મોટો હોય તે હંમેશા મોટો જ રહેશે. પરિવારમાં જે વ્યક્તિ આર્થિક ઉપાર્જન કરતો નથી તે કાંઈ કરતો નથી તેવું માનવું યોગ્ય નથી. કદાચ તે કુટુંબના બીજા સભ્યોના વિકાસ માટે કાંઈક અન્ય પ્રવૃત્તિ કરતો હોય તેવું પણ બને. તે ધન કમાતો નથી. પરંતુ કુટુંબના તમામ સભ્યોની સેવા કરી જીવન સમર્પિત કરી દે છે. માત્ર પૈસા રળી લાવનાર જ કુટુંબમાં અગ્રસ્થાને હોય તેવું નથી. કુટુંબમાં જે વ્યક્તિ સૌ વચ્ચે નિર્વ્યાજ પ્રેમ વહેંચે છે તે જ કેન્દ્રસ્થાને ગણી શકાય. સાચી વાત તો એ છે કે જ્યાં પ્રેમ છે ત્યાં વિકાસ છે. કદાચ પ્રેમ હોય ત્યાં જ લક્ષ્મીજીનો નિવાસ હોય. જે કુટુંબના કેન્દ્ર સ્થાને પ્રેમ છે ત્યાં ક્યારેય કોઈ આફત આવી જ શકતી નથી. સ્નેહ અને સંપત્તિનો સહવાસ જ જીવનને મંગળમય બનાવી શકે.

**આચમન**

**એક ગમતું જણ મળ્યું, જેની સાથે મન મળ્યું.**
**ખબર પણ ના પડી, ક્યા જગતનું સગપણ મળ્યું.**

# સ્નેહ અને સંપત્તિનો સહવાસ

**રણછોડ શાહ**

૬૩, ભૃગુપુર સોસાયટી, કસક, ભરૂચ.
સંપર્ક સૂત્ર : ૯૯૭૯૮૬૧૬૩૧

વર્તમાન કૌટુંબિક વ્યવસ્થાએ જીવનમાં તાણનો બેસૂમાર વધારે કર્યો છે. અગાઉના વર્ષોમાં સંયુક્ત કુટુંબમાં એકાદ અપંગ, અશિક્ષિત કે કમાણી નહીં કરી શકતી વ્યક્તિ પણ નભી જતી. એકબીજાના સહારે વર્ષો ક્યાં વીતી જતા તેની ખબર જ પડતી નહીં. ક્યારેક સાથે રહેતા હોવાથી મતભેદ થતા પરંતુ તે મનભેદ સુધી પહોંચતા નહીં. જીવન સુપેરે જીવાય જતું. કુટુંબમાં એકાદ વ્યક્તિ એવી રહેતી કે તે સૌની કાળજી રાખતી. તે અલગ અલગ મણકાની માળા બનાવી પ્રભુને અર્પણ કરતી. આ સમજદાર વડીલ કુટુંબીજનની વાત સૌ સ્વીકારતા. તેમની વાતને ક્યારેય કોઈ ઉથાપતું નહીં.

વર્તમાન સમયની વિભક્ત કુટુંબ વ્યવસ્થાએ અનેક સમસ્યાઓ સર્જી છે. તેમ છતાં એક છત નીચે રહેતી બે વ્યક્તિઓ પરસ્પર પ્રેમથી રહેતી હોય, લાગણી તેમને સાંકળતી કડી હોય અને એકબીજા વચ્ચે સમજણનો સેતુ હોય તો જીવન સરળ, સફળ અને સહજ બની જાય છે. એક યુવાને અત્યંત સૌંદર્યવાન યુવતી સાથે લગ્ન કર્યા. જેવું તેનું રૂપ તેવા જ તેના ગુણ હતા. તે સૌ સાથે હળીમળીને પ્રેમપૂર્વક વર્તતી હતી. તેના ચહેરા ઉપર સદાય સ્મિત ફરકતું હોવાથી સૌ તેના તરફ માન, પ્રેમ અને લાગણીસભર નજરે જોતા. તેની સાથે પ્રેમાળ સંબંધ રાખતા. પતિ-પત્ની એકબીજાને અનહદ પ્રેમ કરતા હોવાથી લગ્ન જીવન આનંદમય રીતે પસાર થઈ રહ્યું હતું.

એક દિવસ પત્નીને ચામડીનો રોગ લાગુ પડ્યો. અનેક ડૉક્ટરોને બતાવ્યું. વિવિધ દવાઓ કરી પરંતુ રોગમાં કોઈ સુધારો થયો નહીં. ધીમે ધીમે તે સુંદરતા ગુમાવવા લાગી. શરીર ઉપર કાળા ચકામા પડી ગયા. તેના શરીરનો રંગ પણ બદલાઈ ગયો. હવે તે કદરૂપી બની ગઈ.

એક દિવસ પતિને વ્યવસાયના કામ અંગે બહારગામ જવાનું થયું. તે કામકાજ પતાવીને ઘેર પરત ફર્યો અને પત્નીને જણાવ્યું, "હું રસ્તા ઉપર ચાલી રહ્યો હતો ત્યારે પાછળથી આવેલા વાહનની ટક્કરને કારણે મને ભયંકર અકસ્માત થયો. અકસ્માતમાં મેં આંખોની રોશની ગુમાવી દીધી છે. હું કાંઈ જોઈ શકતો નથી." પત્ની પતિને ભેટી ચોધાર આંસુએ રડવા લાગી. હિબકે ચડી ગઈ. પરંતુ હવે શું ?

તેમનું લગ્નજીવન આગળ વધતું જ ગયું. ધીમે ધીમે દિવસો પસાર થતા ગયા. બંને વચ્ચે અગાઉના જેવો જ પ્રેમ સંબંધ રહ્યો. હવે સ્ત્રીનું કદરૂપાપણું ચરમસીમાએ પહોંચી ગયું. હવે તે લોકોને હળવા મળવાનું ટાળવા લાગી. ઘરની બહાર જવાનું પણ બંધ કરી દીધું. અંધપતિ હવે તેના આ બેડોળ સ્વરૂપને જોઈ શકતો નહીં. અલબત્ત તેનો પત્ની તરફનો પ્રેમ તો તેવોને તેવો જ રહ્યો. તેમનું લગ્નજીવન નિર્વિઘ્ને આગળ વધવા લાગ્યું. જીવનમાં ક્યાંય કટુતા પ્રવેશી શકી નહીં.

અચાનક એક દિવસ તે સ્ત્રી બીમાર પડી અને મૃત્યુને આધીન થઈ ગઈ. પુરૂષ ખૂબ રડ્યો. તેના ઉપર આકાશ તૂટી પડ્યું. નિરાધાર બની ગયો. તેના જીવનમાંથી આનંદ અદશ્ય થઈ ગયો. એકલતા તેને કોરી ખાવા માંડી. જે ગામમાં રહેતો હતો ત્યાં તેને હવે ગોઠતું નહોતું. તેથી તેણે બીજા ગામ જવા માટે પ્રયાણ કર્યું. ત્યાં જ પાછળથી એક અવાજ આવ્યો. પાછળ આવનાર વ્યક્તિએ કહ્યું, "ભાઈ, તમે તો અંધ છો. હવે એકલા કેવી રીતે રહી શકશો ? અત્યાર સુધી તમે તમારી પત્નીની મદદથી હરીફરી શકતા હતા, તે તમારી ટેકણ લાકડી હતી."

અંધપતિનો પ્રત્યુત્તર આશ્ચર્ય પમાડે તેવો હતો. તે બોલ્યો, "જો ભાઈ, હું અંધ નથી. હું તો અંધ હોવાનો અભિનય કરતો હતો. કારણ કે જો મારી સ્ત્રી એમ જાણતી

હોત કે હું તેના કદરૂપા શરીરને જોઈ શકું છું તો તે રોગથી પીડાતી હતી તેના કરતાં ઘણી વધારે પીડા અનુભવતી હોત. તેથી હું અંધ હોવાનો ઢોંગ કરતો હતો. તે ખૂબ સારી પત્ની હતી. હું તેને માત્ર સુખી જ જોવા ઈચ્છતો હતો.''

જીવનમાં કોઈને સુખી રાખવા માટે ક્યારેક થોડું ખોટું બોલવું કે કરવું પડે તો તે માટે દિલગીર થવાની જરૂર નથી. અન્યને ખુશ રાખવા જેવું મોટું કોઈ કાર્ય નથી. નાની નાની બાબતોને નજરઅંદાજ કરી સ્વજનો અને મિત્રોને આનંદિત રાખી શકાય તો જરૂરથી તેમ કરવું જ જોઈએ. આપણી સાથે રહેતા અત્યંત નજીકના સગાઓની નાની મોટી ક્ષતિઓને અનદેખી કરવામાં સૌનું શ્રેય છે. કોઈ વાત કાયમી નથી. રૂપ, સુખ, શાંતિ, વફાદારી કે વિશ્વાસ ક્યારેક જીવનમાંથી અદૃશ્ય થઈ જાય તો સ્વજન કે સખા તરફ નાખુશી બતાવવાને બદલે અન્ય સારી બાબતો તરફ ધ્યાન આપીએ તો જીવનમાં ક્યારેય દુઃખના દિવસો આવતા જ નથી.

એક કુટુંબમાં પતિ-પત્ની અને ત્રણ પરણિત સંતાનો રહેતા હતા. પરિવાર સુખી સંપન્ન હતો. પરિવાર ઉપર લક્ષ્મીજીના ચાર હાથ હતા. લક્ષ્મીજી એક દિવસ પરિવારના મોભીના સ્વપ્નમાં આવ્યા. લક્ષ્મીજીએ તેમને જણાવ્યું, ''તમને બહુ લાંબા સમય સુધી મારા આશીર્વાદ પ્રાપ્ત થયા છે. હવે મારે તમારા ઘરમાંથી વિદાય લેવાનો સમય આવી ગયો છે. પરંતુ જતા અગાઉ તમને એક વરદાન આપવા માગું છું. બોલો, જ્યારે હું તમારા ઘરેથી વિદાય થાંઉ ત્યારે તમને શું આપતી જાઉં ?'' ઘરના વડીલ અત્યંત ભયભીત થઈ ગયા. લક્ષ્મીજી પાસેથી શું માંગવું તેની મૂંઝવણ અનુભવવા લાગ્યા. પરંતુ તમામ વિચારોના અંતે તેઓએ લક્ષ્મીજીને જણાવ્યું, ''લક્ષ્મીજી, આપ મારા ઉપર દયા કરવા ઈચ્છો છો તો મારી માત્ર એક માંગણી છે કે મારા પરિવારના સૌ સભ્યો એકબીજા સાથે પ્રેમથી રહે તેવા આશીર્વાદ આપો. કુટુંબના સૌ સભ્યો સંપીને, સમજી વિચારીને એકબીજા સાથે પ્રેમપૂર્વક વર્તન કરે તેવું વરદાન આપો.'' લક્ષ્મીજી તથાસ્તુ કહીને અદૃશ્ય થઈ ગયા.

થોડાક દિવસો પસાર થઈ ગયા. એક દિવસ કુટુંબની સૌથી નાની વહુએ ખીચડી બનાવી. તે જરૂરી મીઠું નાંખીને બીજા કામમાં લાગી ગઈ. આ સમય દરમિયાન ઘરની વચલી વહુ આવી. તેને થયું કે નાની વહુ મીઠું નાંખવાનું ભૂલી ગઈ હશે, લાવને હું નાખી દઉં. તે નાખીને અન્ય કામે વળગી ગઈ. ખીચડી ચૂલા ઉપર તૈયાર થઈ રહી હતી. તેની સોડમ બાજુના ઓરડામાં જતાં ત્યાં બેઠેલી મોટી વહુ ખીચડી બરાબર ચઢી ગઈ છે કે નહીં તે તપાસવા રસોડામાં ગઈ. દાળ-ચોખાના દાણા દબાવી જોયા અને જરૂરી મીઠું ખીચડીમાં નાંખી, ખીચડી હલાવીને બજારમાં જતી રહી. આ સમય દરમિયાન સાસુમા આવી ગયા. તેમને થયું આ ભૂલકણી વહુઓ ખીચડી તો ચૂલા ઉપર મૂકી દીધી છે પણ મીઠું નાખવાનું ચોકક્સ જ ભૂલી ગઈ હશે. તેથી સાસુએ પણ મીઠું નાખ્યું.

સસરાજી ભોજનના પાટલે બેસી ગયા. જમવાનું પીરસાઈ ગયું. થાળીમાંની ખીચડીનો એક કોળીયો મોંમા મૂકતા જ તેઓ સમજી ગયા કે મીઠું ખૂબ વધારે પડી ગયું છે. તેમને સમજાઈ ગયું આપણા ઘેરથી લક્ષ્મીજીએ વિદાય લીધી છે. હવે સૌ પ્રેમથી રહીશું તો જ સંવાદિતા રહેશે. તેઓશ્રીએ ચૂપચાપ ખીચડી ખાઈ હાથ ધોઈને પોતાના ઓરડામાં જઈને સૂઈ ગયા. ત્યારબાદ ઘરનો સૌથી મોટો પુત્ર રસોડામાં આવ્યો. તે જમવાના પાટલા ઉપર બેઠો અને ખીચડીનો પહેલો કોળીયો મોંમા મૂકતા જ સમજી ગયો કે આજે કાંઈ ગરબડ થઈ લાગે છે. તેણે યુક્તિપૂર્વક પૂછ્યું, ''પિતાજીએ જમી લીધું ? તેઓ કાંઈ બોલ્યા ખરા ?'' સૌએ એક અવાજે જણાવ્યું કે પિતાજીએ જમી લીધું છે પરંતુ કાંઈ બોલ્યા નથી. મોટાપુત્રને વિચાર આવ્યો કે પિતાજી કાંઈ બોલ્યા નથી તો મારે પણ કાંઈ બોલવું જોઈએ નહીં. તે પણ ચૂપચાપ જમીને ઊભો થઈ ગયો. ત્યારબાદ બાકીના બે પુત્રોએ પણ વારાફરતી તેવું જ વર્તન કર્યું.

(અનુસંધાન પૃષ્ઠ ૩૦ ઉપર)

# ભારતનું ગૌરવ મહારાણા પ્રતાપ

**ભગવાનભાઈ કાનાણી**

**પ્રિન્સિપાલ, શ્રી ઉમિયાજી મહિલા કૉલેજ, ધ્રોલ.**

હિન્દુ રાષ્ટ્રનું મસ્તક ઊંચુ રાખનાર શૌર્ય, સાહસ અને સમર્પણની મૂર્તિ હિન્દુત્વના રક્ષક પ્રચંડ પરાક્રમી, મહાપ્રતાપી, મેવાડની - રાજસ્થાનની હાલની વીરશ્રીના આદ્યજનક રાજસ્થાનના જ નહીં પણ ભારતનું ગૌરવ તેમજ આન, બાન અને શાન વધારનાર ટેકિલા મહારાણા પ્રતાપનો જન્મ ૭-૬-૧૫૩૯ ના રોજ થયો. આ શુભ પ્રભાત એટલે પ્રતાપી પ્રતાપનો સૂર્યોદય.

મેવાડી રાજપૂતોની સર્વોચ્ચ શાખા સિસોદિયા કુળમાં પ્રતાપનો જન્મ થયેલો. એની પાસે શૌર્ય, બલિદાન, ટેક, વચન, કુરબાનીનો પરાપૂર્વનો વારસો હતો. બાપા રાવળથી માંડી દાદા રાણાસાંગા અને પિતા ઉદયસિંહ સુધીની પ્રતાપે આ પરંપરાને જાળવી એટલું જ નહિ પરંતુ પ્રતાપી પૂર્વજોની કિર્તીના ચાર ચાંદ લગાડી દીધા.

પ્રતાપે ગાદી સંભાળી ત્યારે મેવાડની ચારે દિશામાં મોગલ સામ્રાજ્ય હતું. શહેનશાહ અકબરનો સૂરજ તપતો હતો. પ્રતાપ પાસે અકબરે પોતાના સેનાપતિ અંબર નરેશ રાજામાનસિંહ, રાજા ભગવાનદાસ તથા ટોડરમલને વિષ્ટી માટે શરણાગતિ સ્વીકારી લેવા સમજાવવા મોકલેલા. પ્રતાપ પાસે બે જ માર્ગ હતા. શહેનશાહની સત્તા સ્વીકારી લઈ દિલ્હી દરબારમાં જઈ જલાલુદ્દીન અકબરના ચરણ ચૂમવા અથવા મહાભયંકર રણસંગ્રામ માટે તૈયાર રહેવું. પરંતુ માતૃભૂમિ મેવાડ માટે પ્રતાપને કુરબાનીનો માર્ગ અપનાવવો પડ્યો.

ભયંકર યુદ્ધનું પરિણામ એટલે વિનાશ વિનાશ વિનાશ. ઘોર ભિષણ તાંડવ - સૈન્ય સમુદાયનો હત્યાકાંડ. યુદ્ધને હંમેશાં ધિક્કારવામાં આવ્યું છે. છતાંય યુદ્ધ માનવી માટે અનિવાર્ય બની ગયું. મહાભારતનું યુદ્ધ શ્રીકૃષ્ણ ટાળવા માંગતા હતા, પરંતુ એણે પણ સત્ય, ધર્મ અને ન્યાયની સ્થાપના માટે યુદ્ધ અનિવાર્ય જણાયું અને યુદ્ધને સ્વીકાર્યું. તે જ રીતે પ્રતાપને પણ ખૂબ જ મનોમંથન પછી હલદીઘાટીનું ભયંકર યુદ્ધ સ્વીકારવાની ફરજ પડી. પ્રતાપે વિચાર્યું કે યુદ્ધમાં વિજય-પરાજય તો સામાન્ય છે. વીર પુરૂષો વિજયથી છકી જતા નથી કે પરાજય કે મોતથી ગભરાતા નથી. જીતીશું તો માતૃભૂમિ સ્વાધિન રહેશે, ગૌરવ મળશે અને મરશું તો સ્વર્ગ મળશે.

૧૮ જૂન ૧૫૭૬નો લાલચોળ સૂર્ય ઉગ્યો ત્યારે એને હલદીઘાટીમાં લોહિયાળ ભયંકર દશ્ય જોવા મળ્યું. પ્રચંડ ભભૂકતા હુતાશનમાં ઈંધણ ઓરાય એમ યોદ્ધાઓ સમરાંગણે ઝઝૂમતા હતા. પ્રતાપની અસિ સાક્ષાત ખપ્પર યોગિણી બની ચૂકી હતી. એની સાથમાં હતા ઝાલારાણા માનસિંહ, ગ્વાલિયરના રાજા રામશાહ તંવર અને ત્રણેય વીરવર પૂત્રો શાલીવાહન, ભવાની સિંહ અને પ્રતાપસિંહ. ઈતિહાસકાર અબુલફજલ 'અકબરનામા'માં લખે છે કે હલદીઘાટીના ભયંકર યુદ્ધમાં બધા સૈનિકો ઘવાયેલા વાઘની માફક મોગલોની સાગર જેવી સેના ઉપર તૂટી પડ્યાં યુદ્ધ ભિષણતમ બની ચૂક્યું હતું. મોગલ ફોજમાં ભંગાણ પડ્યું, મોગલ સૈનિકો નાસી છૂટ્યા. મહારાણાની સેના જીતવાની તૈયારીમાં હતી. પણ એ કટોકટીની ક્ષણે જ ચંદાવલથી મહેતરખાન નવી ફોજ સાથે મદદે આવી પહોંચ્યો. તેમજ મોગલ સેનાપતિ માનસિંહે ચતુરાઈ પૂર્વક ઘોષણા કરી કે શહેનશાહ અકબર ખુદ ફોજ લઈને આવ્યા છે... મોગલ સેના સાવધાન. અકબરનું નામ સાંભળી ભાગતા સૈનિકો પાછા ફર્યા અને મહેતરખાનનું સૈન્ય સાવ તાજું હતું. મોગલ સેનામાં જુસ્સો વધ્યો. થાકેલ મેવાડની સેનામાં હવે હતાશા ફેલાઈ. મેવાડની સેનાની હિંમત તૂટી ગઈ. ભારતના કમનસીબે જીત હારમાં પરિણમી.

ઝાલારાણા માનસિંહે આ યુદ્ધમાં વીરતાથી જંગ ખેલી પ્રતાપને બચાવવા માટે આત્મસમર્પણ કર્યું. સ્વામીભક્તિની અને બલિદાનની એક કથા રચી, એક

ઈતિહાસ રચ્યો. યુદ્ધ તો લડાયા, લડાય છે અને લડાતા રહેશે, પણ યુદ્ધમાં ધર્મ, ન્યાય અને સત્ય જાળવી રાખવા મહારાણાએ અકબર સામે યુદ્ધ ખેલ્યું એ અનુપમ ધર્મયુદ્ધ હતું. ભલે હલદીઘાટીમાં મહારાણા હાર્યા પણ આ યુદ્ધે એને ભારત વિખ્યાત બનાવી દીધા. આ ઘોર, મહાભિષણ સંગ્રામની બિરદાવલીઓ રચાઈ. કવિતાઓ રચાઈ અને દોહા - છંદ રચાયા, ભારતભરમાં ઘેર - ઘેર, ગલીએ - ગલીએ પ્રશસ્તિઓ ગવાવા લાગી.

પ્રતાપનો વફાદાર ઘવાયેલો લંગડાતો સ્વામી ભક્ત અશ્વ 'ચેતક' સાત - સાત પ્રહારો જીલનાર ઘવાયેલા મહારાણાને બચાવવા ભાગી છૂટ્યો. એવામાં એક વોંકળો આવ્યો. તમામ તાકાત એકઠી કરી ઝરણાને સામે પાર કૂદયો. પ્રતાપને સામે પાર પહોંચાડ્યા પછી એ ઢળી પડ્યો. પ્રતાપે પ્યારા ચેતકને બોલાવ્યો સ્વામીભક્ત અશ્વે આંખો ખોલી રાણાને હૃદયમાં સમાવી લીધા અને હંમેશને માટે આંખો બંધ કરી દીધી. કદીય ન તૂટનાર, કદીય ન રડનાર રાણો ચોધાર આંસુએ જીવનમાં પ્રથમ વખત રડી પડ્યો. પ્રતાપનો પીછો કરતાં મોગલ યોદ્ધાના અશ્વો ઝરણું કૂદવામાં અસમર્થ રહ્યા. તેમની પાછળ અકબર સાથે ભળી ગયેલો પ્રતાપનો ભાઈ શક્તિસિંહ મારતે ઘોડે આવ્યો અને સામે કાંઠે પ્રતાપને જોયા. લોહીએ લોહી જોયું અને હૃદયપરિવર્તન થયું. શક્તિસિંહે ભાઈને બચાવવા ખુંખાર યોદ્ધાઓને તલવારના ઝાટકે દીધા. પોતાના અશ્વ સાથે ઝરણું કૂદાવી મોટા ભાઈ પાસે પહોંચ્યો. ચેતકના શબને જોયું. બંને ભાઈનું ઘણા વર્ષે અપૂર્વ મિલન થયું. પ્રતાપ શક્તિસિંહને ભેટી પડ્યા. રામ - ભરત મિલાપ જેવું દશ્ય સર્જાયું. મેવાડના મુગટમણિને પોતાનો અશ્વ આપી હિંમત સાથે વિદાય આપી.

હલદીઘાટી એક ભયંકર પહાડી છે. એક જ ઘોડેશ્વાર ફક્ત ચાલી શકે એવો સાંકડો પથરાળ માર્ગ છે. બે માઈલ સુધી સાંકડી પગદંડી છે. ખીણ અને કરાડ વચ્ચે સેના વ્યાકુળ બની ભાગવા પ્રયત્ન કરે તો એ સેના મડદાંઓના ઢેર બની જાય. પ્રતાપ એ ઊંચી કરાડો ઉપર ભીલ ધનુર્ધરો ગોઠવી કેડીમાંથી પસાર થતી મોગલ સેનાનો ખાત્મો બોલાવી શક્યા હોત. પ્રતાપે જો અકબરના હજુરિયા રાજા માનસિંહની ફોજને આ જગ્યાએ યુદ્ધ આપ્યું હોત તો મોગલ સેનામાંથી એક પણ સૈનિક દિલ્હી અકબરને સમાચાર આપવા પણ ન બચ્યો હોત. તો મહારાણાનો વિજય નિશ્ચિત હતો. એ મોગલ સેનાનો વિનાશ નકકી હતો પણ એમ ન બન્યું. કારણ કે રાજપૂતો હંમેશાં છાપામાર યુદ્ધને ધિક્કારતા હતા. આવા યુદ્ધને કાયરોનું યુદ્ધ કહેતા. રાજપૂત સેના હંમેશા મેદાની યુદ્ધને ધર્મ સમજતી હતી.

શહેનશાહ અકબર સાગર જેવી વિશાળ સેનાની પ્રચંડ શક્તિથી દોઢ દસકા સુધી મહારાણાને ન નમાવી શક્યો. મહારાણાની યશોજવલ કીર્તિને ડાઘ ન લગાડી શક્યો. માતૃભૂમિની રક્ષા કાજે, મુક્તિકાજે ભાગ્યે જ મહારાણો જંપીને બેઠો છે. એની સમરવિજયી તલવાર કદીય મ્યાન થઈ જ ન હતી. સતત સંઘર્ષ, સતત સંગ્રામ, સતત રણ અને રખડપટ્ટી આ કંઈ સહેલું નહોતું. ગમે તેવો સમ્રાટ હોય, કમ્મર તૂટી જાય, હામ અને હિંમત હારી જાય...!

હલદીઘાટીના યુધ્ધમાં સ્વયં ભાગ લેનાર મોગલ ઈતિહાસકાર અલ-બદાયુ એ લખ્યું છે કે અલ્પ સેનાનું સ્વયં નેતૃત્વ કરતાં મહારાણાનું અપ્રતિમ સાહસ અને શૌર્ય અનુપમ હતાં.

એ પછી તો જિંદગીભર ખૂબ કપરા દિવસો વેઠ્યાં. રાણીઓ અને બાળકો સાથે જંગલો અને કોતરોમાં રઝળપાટ, ખાવાનાં પણ શાંશાં. ગમે તેવો પથ્થર દિલનો આદમી પણ આવી યાતનાઓ સહન ન કરી શકે. પરંતુ પ્રતાપનું હૃદય વજનું હતું. ખરેખરી મુશ્કેલીના સમયે એકલિંગજી મહાદેવની કૃપાથી દાનવીર અને સ્વામીભક્ત દીવાન ભામાશાહ પ્રતાપને મળ્યાં. પચ્ચીસ હજાર સૈનિકોને બાર વરસ સુધી ચાલે તેટલું ધન પ્રતાપના ચરણોમાં ધરી

(અનુસંધાન પૃષ્ઠ ૨૫ ઉપર)

# વલ્લભભાઈ પટેલ : કેળવણી એટલે તન, મન અને આત્મ વિકાસની ગુરુ ચાવી

**પ્રવીણ મકવાણા**

આંગણકા પ્રાથમિક શાળા, તા : મહુવા, જિ : ભાવનગર.
મો.:૯૪૨૮૬૧૯૮૦૯

એ.પી.જે. અબ્દુલ કલામ કહેતા કે ''આ શિક્ષણ સાથે મૂલ્યવ્યવસ્થા, ધર્મનું આધ્યાત્મિકતામાં પરિવર્તન અને આર્થિક વિકાસનું જો સુગ્રથિત રીતે સંકલન થાય તો શક્ય બને. તે જ રાષ્ટ્રીય વિકાસ તરફ દોરશે. આપણે એક અબજ લોકોમાંથી અવશ્ય પ્રબુદ્ધ લોકો મેળવી શકીશું.

વલ્લભભાઈ કહેતા કે કેળવણી પોપટ જેવી ન હોવી જોઈએ. વિદ્યાર્થીના દિલનો અને શરીરનો એકતાર થાય, તેના તન અને મનનો વિકાસ થાય તે ખરી કેળવણી. કોઈ પણ શારીરિક કામ કરતાં વિદ્યાર્થીને શરમ ન આવે તે કેળવણી. બૌદ્ધિક પાસાની સાથે શારીરિક શ્રમના પાસા પ્રતિ પણ લક્ષ અપાય તે કેળવણી. શિક્ષણ શારીરિક અને માનસિક વિકાસ આપે તેવું હોવું જોઈએ. વિદ્યાર્થીઓએ હાથપગનો વધારે ઉપયોગ કરવો જોઈએ. મગજ અને હાથપગ વચ્ચે અંતર ન હોવું જોઈએ. જગતમાં તરવું હોય તો હાથપગ પર ભરોસો રાખો. મહેનત સાથે મહોબત રાખો. જેનું શરીર કેળવાય છે, તેનું મગજ પણ સાથે સાથે ખીલે છે. બુદ્ધિનો એકલો વિકાસ નકામો છે. તેથી જગતને ફાયદો નથી. બુદ્ધિ સાથે શારીરિક શ્રમ માટેનો પ્રેમ પણ ખીલવો જોઈએ. ઉદ્યોગ અને વિદ્યાનો એકતાર થતાં અદ્‌ભુત શક્તિ ઉત્પન્ન થાય છે.

વલ્લભભાઈ કેળવણી બે પ્રકારની માનતા હતા. જેમાં એક કેળવણી માણસને માણસાઈનું ભાન કરાવે છે. જ્યારે બીજી કેળવણી માણસાઈ લઈ લે છે. એક માણસને પુરુષ-સ્ત્રીને તેના ધર્મ પ્રતિ જાગ્રત કરે છે, જ્યારે બીજી માણસને મદમાં ચકચૂર કરે છે. માનવને માનવ બનાવે, માનવને માનવી તરીકે બજાવવાના ધર્મ પ્રત્યે જાગ્રત કરે તે કેળવણી !' પરધન પથ્થર માનીએ, પરસ્ત્રી માત સમાન.' એટલું પણ વિદ્યાર્થી શીખી લે તો તે કૉલેજનો સારામાં સારો સ્નાતક થઈ શકે. સંપ કેળવતાં, ચારિત્ર્ય ખીલવતાં શીખવે તે કેળવણી ! વિદ્યાર્થીમાં નાનપણથી મનુષ્યત્વની ભાવના જાગ્રત કરે તે કેળવણી ! કેળવાયેલ વ્યક્તિ તેના સમાજથી અલગ ન હોવી જોઈએ. જે વિદ્યાર્થીની વાણીમાં મીઠાશ લાવે છે, આચાર વિચારમાં વિનય અને વિવેક લાવે છે, ઊંચા પ્રકારની સભ્યતા બક્ષે છે, સંસારમાં શોભે તેવા ચારિત્ર્યવાન બનાવે છે, તે કેળવણી ! પરોપકાર, પ્રામાણિકતા, શીલ, નમ્રતા, શ્રદ્ધા, નિષ્ઠા, સ્વચ્છતા, સંપ, વિવેક, વિનય વગેરે ગુણો કેળવણી ! પરોપકાર, પ્રામાણિકતા, શીલ, નમ્રતા, શ્રદ્ધા, નિષ્ઠા, સ્વચ્છતા, સંપ, વિવેક, વિનય વગેરે ગુણો કેળવણી દ્વારા વિકસવા જોઈએ. તન, મન અને આત્માનો સાચો વિકાસ કરે, તે જ સાચી કેળવણી ! વિદ્યાર્થીનો શારીરિક, માનસિક અને નૈતિક વિકાસ કરે તે કેળવણી ! વ્યક્તિની કેળવણીનો લાભ તેના સમાજને મળવો જોઈએ. ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરતાં વિદ્યાર્થીઓ એ કદી ન ભૂલે કે જે કેળવણી તેઓ પ્રાપ્ત કરે છે, તેમાં તેમના ગરીબ ભારતવાસીઓનો પણ હાથ અને સાથ છે, તેમના પરસેવાથી આ કેળવણી મળે છે, જેથી મોટર જોઈને જેમ બળદ ભડકે તેમ ઉચ્ચ કેળવણી લીધેલ વિદ્યાર્થી ગરીબ વિદ્યાર્થીથી ગરીબ ભડકે તેમ કદી ન બનવું જોઈએ. વિદ્યાર્થીને જે કેળવણી મળી છે, તે બીજાને આપવા તૈયાર રહેવું જોઈએ.

શિક્ષકે તો ગામના હૃદયના માલિક થવું જોઈએ. ગામમાં થતાં કજિયા પતાવવા જોઈએ. વહેમીના વહેમ દૂર થાય તેવા પ્રયાસો કરવા જોઈએ. બેકાર માણસને પણ માર્ગ બતાવવો જોઈએ. બાળકને જ્ઞાન આપવું જોઈએ. શિક્ષિત વ્યક્તિ હોય ત્યાં સ્વચ્છ અને સુઘડ હોવું જોઈએ. લોકોની આળસ દૂર કરવી જોઈએ. વલ્લભભાઈ કહેતા કે શાળામાં ચાર - પાંચ કલાક કામની વેઠ ઉતારે એ શિક્ષક નથી. શિક્ષક તો ગામનો સ્તંભ છે. શિક્ષક તો શાળામાં બાળકોને જ્ઞાન આપનાર, ગામને દોરવણી આપનાર, સમાજોપયોગી કાર્યોમાં આગેવાનીભર્યા ભાગ ભજવનાર વ્યક્તિ છે. શિક્ષકે તો સાચા અર્થમાં સમાજના નેતા તરીકે જવાબદારી વહન કરવાની છે. શિક્ષકે પોતાનું જીવન જેટલું બને તેટલું નિર્મળ કરવું જોઈએ. કારણ કે શિક્ષકે તો વિદ્યાર્થીના સમગ્ર વ્યક્તિત્વનું ઘડતર કરવાનું છે.

# વિદ્યાર્થી આલમ

## શ્રી બંસીભાઈ કાર્ટૂનિસ્ટ

**મિતાલી વિનોદભાઈ જાદવ**
(ધો. ૧૦-ક)

કાર્ટૂન લોકોને જોવા તો ગમતા હોય છે અને એમાં બાળકોના તો મનપસંદ હોય છે. એમ મને પણ કાર્ટૂન જોવાનો શોખ હંમેશાથી જ છે. અત્યારની પેઢીમાં તો બાળકો બહાર રમતા ઓછા જોવા મળે છે અને ઘરમાં ટી.વી. જોતા વધુ જોવા મળે છે.

હંમેશા આપણે બધા કોઈ મોટો ધ્યેય નક્કી કરીને જ સફળ થઈ શકાય તેવું વિચારતા હોઈએ છીએ પણ બધી જ જગ્યાએ તેવું થાય તે નક્કી નથી હોતું ક્યાંક કોઈ નાની વસ્તુ વડે પણ જીવનમાં આગળ વધી શકાય છે.

''કલાને જીવન સાથે ભીતરનો સંબંધ છે.'' કલા અને જીવન સાથેના તેના અભિન્નત્વને વ્યક્ત કરતા આ શબ્દોની સાચી ઓળખ કરાવનાર એટલે 'કલાકાર'.


કલા જગતમાં ઘણા મહાન લોકોએ જીવન સમર્પિત કર્યું છે અને બસ એમાંથી જ એક જેમનું નામ શ્રી બંસીલાલ વર્મા છે.

કાર્ટૂનિસ્ટ-ચિત્રકાર શ્રી બંસીલાલ વર્માનો જન્મ ગુજરાતના તારંગાહિલ નજીકના ચોટીલા ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ ગુલાબરાય અને માતાનું નામ જમનાગૌરી હતું. શાળાકીય શિક્ષણ પૂર્ણ કરી કલાના અભ્યાસ અર્થે બંસીભાઈ અમદાવાદ આવ્યા. ઈ.સ. ૧૯૩૭માં 'નવસૌરાષ્ટ્રા' નામના માસિકમાં જોડાઈ ગુજરાતના અખબારી જગતમાં કટાક્ષચિત્રો (કાર્ટૂન) નો પાયો નાખ્યો.

શ્રી બંસીભાઈ એક ચિત્રકાર અને કાર્ટૂનિસ્ટ તરીકે ગુજરાતના સિદ્ધહસ્ત કલાકાર હતા. તેઓએ આઈ.એન.ટી.ના નાટકોમાં અભિનય અને દિગ્દર્શનનું કાર્ય પણ કર્યું છે. ગાંધીજીએ તેમના વ્યંગચિત્રો જોઈ અનુભવ્યું હતું કે, ''શબ્દ કરતા ચિત્રોનો અવાજ દૂર સુધી પહોંચે છે. ''શ્રી બંસીભાઈની આ કુશળતાના કારણે તેમણે લોકહૈયામાં સ્થાન મેળવ્યું હતું.

ઈ.સ. ૧૯૪૨ થી ૧૯૪૫ દરમિયાન ભારત છોડો આંદોલનમાં તેમણે ભાગ લીધો. અહીં ''અંગ્રેજ સરકાર'' વિરુદ્ધ કટાક્ષચિત્રો બનાવી સરકારને હચમચાવી મૂકી. સાચે જ કેવી અજબ વાત છે કે કાર્ટૂનચિત્રો દ્વારા પણ સરકારને હચમચાવી મુકાય છે. જન્મભૂમિ રજતજયંતિ પ્રસંગે શ્રી રાજાજીનું દોરેલું તેમનું કેરિકેચર (હાસ્યચિત્ર) જોઈને શ્રી જવાહરલાલ નહેરુએ કહ્યું હતું કે તેમણે જોયેલા સર્વોત્તમ કાર્ટૂનોમાંનું તે એક હતું. શ્રી બંસીલાલ વર્માએ આઝાદી પહેલાં લખનૌમાં યોજાયેલ કૉંગ્રેસ અધિવેશનમાં શ્રી ગુલઝારીલાલ નંદા અને શંકરલાલ બેંકરના કહેવાથી ચિત્રકાર તરીકે સેવાઓ આપી. તેમણે ત્રણ ગુજરાતી ફિલ્મોનું આર્ટ ડિરેક્શન પણ કર્યું હતું.

ઈ.સ. ૧૯૬૭માં કેનેડાના મોન્ટ્રિયલ શહેરમાં યોજાયેલા આંતરરાષ્ટ્રીય કાર્ટૂનમેળામાં તેઓને ઍવોર્ડ પ્રાપ્ત થયો. ઈ.સ. ૧૯૯૭માં આઝાદીના સુવર્ણજયંતિ વર્ષે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનનો તેમને 'નગરભૂષણ' અવૉર્ડથી સન્માનિત કર્યા.



ગુજરાતના એક મહાન કલાકાર શ્રી બંસીભાઈ વર્મા ઈ.સ. ૨૦૦૩માં અમદાવાદ ખાતે અવસાન પામ્યા. તેઓ

જીવનના અંતિમ સમય સુધી 'વિઝ્યુઅલ આર્ટિસ્ટ એસોસિએશન'ના પ્રમુખ હતા.

એક કાર્ટૂન જેવી વસ્તુથી કોઈ આટલું આગળ વધી શકે તે વાત ખરેખર વિચારવા જેવી છે. આપણે પણ આપણા જીવનનમાં જે પણ કલામાં કે જે પણ ક્ષેત્રમાં રસ હોય તેને પૂરો કરીને જીવનમાં આગળ વધીને સફળતાના દ્વાર ખખડાવી શકીએ છીએ.

અંતમાં બસ એટલું જ –

ડગો ન અપને પ્રણસે તો ફિર
  સબ કુછ પા સકતે હો પ્યારે
તુમ ભી ઊંચે બન સકતે હો
  છૂ સકતે હો નભ કે તારે.

## પ્રદૂષણ - એક સાર્વત્રિક સમસ્યા

**વંદના એ. હટોજા**
(ધો. ૯-ક)

વિશ્વમાં આજે પ્રદૂષણ ઘટાડવા માટે અનેક ઉપાયો થવા લાગ્યા છે. ભારત જેવા દેશોમાં પ્રદૂષણ ચિંતાજનક રીતે વધતું રહ્યું છે.

આપણે એકવીસમી સદીમાં પ્રવેશી ચૂક્યા છીએ. આ સદીમાં કદાચ આપણે વધુ સારી સુખસગવડો મેળવી શકીશું. પરંતુ તેની સાથે સાથે આપણે અનેક સમસ્યાઓનો સામનો પણ કરવો પડશે. એમાં પ્રદૂષણની સમસ્યા આપણા અસ્તિત્વ માટે સૌથી વધુ ખતરનાક સાબિત થાય તેમ છે.

વીસમી સદીમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે અનેક ઉદ્યોગ ધંધા સ્થપાયા છે. એમાંના અનેક ઉદ્યોગોમાં સતત ઝેરી પદાર્થો ઉત્પન્ન થયા કરે છે. તેની સાથે વાહનવ્યવહાર પણ ખૂબ વધી ગયો છે. ડિઝલ કે પેટ્રોલથી ચાલતાં વાહનો હવામાં કાર્બન મોનોક્સાઈડ જેવો ઝેરી વાયુ છોડતાં જ રહે છે. આથી હવામાં કાર્બન મોનોક્સાઈડનું પ્રમાણ વધી જાય છે. વળી, વાહનોને લીધે અવાજનું પ્રદૂષણ પણ ઘણું વધવા પામ્યું છે.

કૃષિક્ષેત્રે રાસાયણિક ખાતરો તેમજ ઝેરી જંતુનાશક દવાઓનો ઉપયોગ વધ્યો હોવાથી અનાજ અને શાકભાજી પણ પ્રદૂષિત બન્યાં છે અને જમીનની ફળદ્રુપતા ઘટી છે. વળી, રાસાયણિક કારખાનાઓમાંથી ઘણી વાર ઝેરી ગેસનું ગળતર થાય છે અને તેનાથી ભયંકર દુર્ઘટના સર્જાય છે. ઈ.સ. ૧૯૮૪માં ભોપાલમાં આવી દુર્ઘટના સર્જાઈ હતી. રસાયણોનાં કારખાનાં ધરાવતાં શહેરોમાં કોઈ પણ સમયે ગેસગળતર જેવી દુર્ઘટના સર્જાવાનો સતત ભય રહે છે.

છેલ્લા પચાસ વર્ષોમાં આપણા દેશની વસ્તીમાં ઘણો વધારો થયો છે. બેફામ વસ્તીવધારાને કારણે અનેક સમસ્યાઓ થઈ . શહેરો માનવવસ્તીથી ઊભરાઈ રહ્યાં છે. શહેરોમાં અનેક લોકો ગંદી ઝૂંપડપટ્ટીમાં નરકથી પણ બદતર હાલતમાં જીવન ગુજારે છે. કારખાનાં અને વધતી જતી વસ્તીને રહેઠાણો પૂરાં પાડવા માટે જંગલોનો આડેધડ નાશ કરાયો છે. તેથી વરસાદનું પ્રમાણ ઘટ્યું છે અને ગરમીનું પ્રમાણ વધ્યું છે. કારખાનાનું દૂષિત પાણી નદીઓ કે સાગરમાં ઠલવાતા, જળચર પ્રાણીઓનું જીવન પણ જોખમમાં મુકાઈ ગયું છે અને પીવા માટેના શુદ્ધ પાણીની અછત સર્જાઈ છે.

વીસમી સદીમાં બે વિશ્વયુદ્ધો થયાં હતાં. તેમાં અણુબૉમ્બનો પણ ઉપયોગ થયો હતો. જાપાનના હિરોશિમા અને નાગાસાકી જેવાં શહેરોનો સંપૂર્ણપણે નાથ થઈ ગયો અને પંચોતેર હજાર માણસો મૃત્યુ પામ્યા. ત્યાર પછી સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના થતાં કોઈ પણ દેશ અન્ય દેશ પર હાઈડ્રોજન બૉમ્બનો ઉપયોગ ન કરે તે માટે યુનો દ્વારા ભારે પ્રયાસો થઈ રહ્યા છે. પરંતુ પ્રદૂષણને લીધે આજે એવી સ્થિતિનું નિર્માણ થયું છે કે બૉમ્બ ઝીંક્યા વગર પણ માનવી પ્રદૂષણના કારણે રિબાઈ રિબાઈને કમોતે મૃત્યુ પામે.

આમ, હવા, પાણી, અવાજ અને ઝેરી ગેસના પ્રદૂષણને લીધે આજે માનવજીવન ભયમાં મુકાઈ ગયું છે.

વિશ્વના શાણા લોકો તેનાથી ચિંતિત છે. આ ભય ઘટાડવાના ઉપાયો પણ કરવામાં આવી રહ્યા છે. ૫ મી જૂન 'વિશ્વ પર્યાવરણ દિન' તરીકે ઉજવવામાં આવે છે. હવા, પાણી અને અવાજનું પ્રદૂષણ ઘટે તેવા ઉપાયો લોકોને અવારનવાર સૂચવવામાં આવે છે. દર વર્ષે 'વૃક્ષારોપણ દિન' પણ ઊજવવામાં આવે છે. ઠેર ઠેર નવાં વૃક્ષો રોપાય, તેની માવજત થાય અને બિનજરૂરી વૃક્ષો કપાય નહિ તેની તકેદારી રાખવામાં આવે છે. વળી, જંગલો વધારવાના પ્રયાસો પણ કરવામાં આવે છે. વાહનોના ધુમાડાનું પ્રદૂષણ ઘટાડવા વાહનોના એન્જિનની તપાસ કરાવી પી.યુ.સી. સર્ટિફિકેટ મેળવવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. પરમાણુશસ્ત્રોનો નાશ કરવા માટે પણ ગંભીરતાથી વિચારણાઓ કરવામાં આવી રહી છે.

પ્રદૂષણ ઘટાડવાના ઉપાયોમાં આપણે પણ સરકારને સહકાર આપીએ, નહિતર પ્રદૂષણ રૂપી રાક્ષસ આપણને વિના શસ્ત્રે મોતને ઘાટ ઉતારી દેશે.

## મનગમતો આ અમારો ક્લાસ...


**નાગર નેન્શી એમ.**
ધો.૯-ક, જે. એન. બાલિકા વિદ્યાલય.

*મનગમતો આ ક્લાસ......*
*હસીએ-રમીએ-ભણીએ.....*
*એમા લઈએ ગમતા શ્વાસ*
*મનગમતો આ અમારો ક્લાસ.....*
*પ્રથમ પ્રાર્થના પરમેશ્વરની કર જોડી ગવાય.....*
*સુ-વિચાર કંઈ નવલા બોર્ડે રોજ-રોજ લખાય.....*
*કદીક દાખલા ગણીએ, તો કદીક કવિતા ગવાય.....*
*હોંશે-હોંશે સ્મરીએ વતનને*
*કદી અમર ઈતિહાસ*
*મનગમતો આ અમારો ક્લાસ.....*
*કદી થાય ટીચરજી ગુસ્સે, વરસાવે કદી વ્હાલ*
*મમ્મીની જેમ જ સૌની ચિંતા, સૌનો રાખે ખ્યાલ*
*કદીક વાર્તા, કદીક કહેતા અલક મલકની વાત*
*પરમેશ્વરથી પ્યારો લાગે શિક્ષકનો સંગાથ*
*અઢળક અહીંથી લઈ જાશું,*
*સાથે ભણતરનો અજવાસ,*
*મનગમતો આ અમારો ક્લાસ..... (૨)*

## "વરસાદની મજા"

**ડાભી નુપૂર મહેશકુમાર**
(જે. એન. બાલિકા વિદ્યાલય)

વર્ષા તો એવી રીતે રહ્યો છે, કે
જાણે વૃક્ષ પર થતી લાઈટિંગ
પેલા નાનાં-નાનાં નાહતા બાળકો,
કરતાં ગીતો દ્વારા ફાઈટિંગ.
એની એક-એક બુંદ તો લાગે કાચ જેવી,
એના થકી સુંદર થતી પેલા મોરની નાચ કેવી ?
નદી, મહાસાગરને સરોવરો તો આવે તાનમાં,
એના છલકાવાનાં સૂરો મધુર લાગે કાનમાં.
વીજળી તો એવી કડકે જાણે ભગવાન રમે ફૂટબોલ,
ભાગે બીકે બાળકો મમ્મી-મમ્મી બોલ.
પ્રભુ તો જાણે રૂ જેવાં વાદળો નીચોડે,
ધરા તો સરસર મેહુલને ઓઢે.
પશુ, પંખી, માનવી વિચારે કે,
આ બુંદોને લઈએ રોકી.
પ્રભુની આ રચના કેવી અનોખી !



# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**

સરસપુર, અમદાવાદ.

**નોંધ : "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

**• શિક્ષણ બોર્ડ દ્વારા જુલાઈ-૨૦૧૭માં લેવાયેલ પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર થયું.**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જુલાઈ ૨૦૧૭માં લેવાયેલ પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર થયું. જેમાં ધોરણ ૧૨ સાયન્સનું ૭.૬૩, સામાન્ય પ્રવાહનું ૩૭.૧૫ ટકા અને ધોરણ ૧૦નું ૨૭.૭ ટકા પરિણામ આવ્યું છે. આ પરીક્ષામાં સાયન્સમાં ૩૬,૯૧૫, સામાન્ય પ્રવાહમાં ૨૭,૪૫૯ અને ધો.૧૦ માં ૩૬૩૫૧ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. ધો.૧૦માં ગણિતમાં ફરીથી પરીક્ષા આપવા છતાં ૩૦૬૧૦ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે.

વિજ્ઞાન પ્રવાહમાં ૩૯૪૨૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૩૦૦૮ વિદ્યાર્થીઓ પાસ થતાં પરિણામ ૭.૬૩ ટકા જેટલું રહ્યું છે. જ્યારે સામાન્ય પ્રવાહમાં ૪૩૬૮૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૬૨૩૦ પાસ થતાં ૩૭.૧૫ ટકા જેટલું પરિણામ રહ્યું છે. જ્યારે ધો.૧૦માં ૪૯૯૭૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૩૨૬૦ વિદ્યાર્થીઓ પાસ થતાં ધો.૧૦નું પૂરક પરીક્ષાનું પરિણામ ૨૭.૭ ટકા રહ્યું છે.

**• ઓલ ઈન્ડિયા CA-IPCનું ૨૩.૧૨ ટકા પરિણામ અમદાવાદના આઠ વિદ્યાર્થીઓ ટોપ પચાસમાં.**

આઈસીએઆઈ દ્વારા સીએની ઈન્ટરમીડિયેટ (આઈપીસીસી) પરીક્ષાનું પરીણામ ૨૩.૧૨ ટકા જાહેર થયું છે. જેમાં અમદાવાદ સેન્ટરનું ૨૭.૨૭ ટકા પરિણામ આવ્યું છે અને અમદાવાદના આઠ વિદ્યાર્થીઓ દેશના ટોપ ૫૦ માં આવ્યા છે.

આઈસીએઆઈ દ્વારા દર વર્ષે મે અને નવેમ્બર માસમાં સીએ ઈન્ટરમીડિયેટની પરીક્ષા લેવાય છે. જેમાં ગ્રૂપ ૧ અને ગ્રૂપ ૨, એમ બંને ગ્રૂપની પરીક્ષા લેવાય છે, સીપીટી બાદની આ આઈપીસીસીની પરીક્ષા સી.એ.માં ફાઈનલ સુધી પહોંચવા માટે મહત્વની છે.

આ પરિણામમાં બોથ ગ્રૂપમાં મળીને ૪૯૯૬૭ વિદ્યાર્થીમાંથી ૧૧૫૫૦ વિદ્યાર્થીઓ પાસ થયા છે. ગ્રૂપ-૧માં ૬૬૬૮૦ માંથી ૬૫૬૨ વિદ્યાર્થીઓ પાસ થતાં ગ્રૂપ-૧નું ૯.૮૪ ટકા અને ગ્રૂપ-૨માં ૬૫૪૫૩ વિદ્યાર્થીઓમાંથી ૧૧૪૪૦ વિદ્યાર્થીઓ પાસ થતાં ગ્રૂપ-૨નું ૧૭.૪૮ ટકા પરિણામ રહ્યું છે.

**• ધો.૧૨ સામાન્ય પ્રવાહની જૂના કોર્સ મુજબની ખાસ પરીક્ષા ૨૩મી ઑક્ટોબરથી લેવામાં આવશે.**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ઑક્ટોબરમાં લેવાનારી ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની જૂના કોર્સ મુજબની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ ૨૩ ઑક્ટોબર ૨૦૧૭થી આ પરીક્ષા શરૂ થશે અને ૩ નવેમ્બર સુધી ચાલશે.

ધો.૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉત્તર બુનિયાદી પ્રવાહમાં નવો અભ્યાસક્રમ લાગુ થઈ જતાં નાપાસ થનારા વિદ્યાર્થીઓની ખાસ પરીક્ષા લેવાનો સરકારે નિર્ણય કર્યો છે. જે અંતર્ગત શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ઑક્ટોબર માસમાં આ પરીક્ષા લેવાશે.

આ પરીક્ષામાં જૂના કોર્સમાં નાપાસ થયેલા અંદાજે ૨ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

**• ગ્રાન્ટેડ સ્કૂલોના ૭૦ હજાર કર્મચારી માટે સાતમા પગારપંચનો ઠરાવ કરવામાં આવ્યો.**

ગુજરાત રાજ્યમાં આવેલી ગ્રાન્ટેડ માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને સાતમા પગારપંચના લાભ માટે સરકારના શિક્ષણ વિભાગ દ્વારા વિધિવત્ ઠરાવ કરવામાં આવ્યો છે. આ ઠરાવને લીધે ૭૦ હજાર કર્મચારીઓને નવા પગારપંચનો લાભ મળશે.

આ ઠરાવ મુજબ પહેલી ઑગસ્ટ ૨૦૧૭ થી આ પગાર સુધારણાનો લાભ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક કર્મચારીઓને મળશે. તેમજ ૧-૧-૨૦૧૬થી તારીખ ૩૧-૭-૨૦૧૭ સુધીના સમયગાળાનો તફાવત સરકાર દ્વારા સરખે ભાગે ચૂકવવામાં આવશે તેવો નિર્ણય થયો છે.

**● એમ.કોમ.માં તમામ ગ્રાન્ટેડ કૉલેજોમાં યુનિવર્સિટીએ ૨૫-૨૫ બેઠકો વધારી.**

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ૩૩ એમ.કોમ કૉલેજો પીજી સેન્ટરમાં આ વર્ષે ૧૦૦ બેઠક પ્રમાણે ૩૪૫૦ બેઠક પર ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. બે રાઉન્ડને અંતે હજી ઘણા વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત છે. આથી યુનિવર્સિટીએ દરેક ગ્રાન્ટેડ કૉલેજોમાં ૨૫-૨૫ બેઠકો વધુ ભરવાની મંજૂરી આપતા ૮૦૦ જેટલી બેઠકો વધશે.

યુનિવર્સિટી સંલગ્ન એમ.કોમ.ની તમામ કૉલેજો અને પીજી સેન્ટરમાં ગ્રાન્ટ ઈન એઈડ કૉલેજો છે. જેમાં ૧૨૫ બેઠકો અને છે અને ૧૦૦ બેઠકો ગ્રાન્ટેડની તેમજ ૨૫ બેઠકો સેલ્ફ ફાઈનાન્સની છે.

બે રાઉન્ડને અંતે હાલ ૮૯૧ બેઠકો ખાલી છે જેની સામે ૨૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ હજી પ્રવેશ વગરના છે. આ ઉપરાંત બી.કોમ. સેમેસ્ટર-૨ અને બી.કોમ. સેમેસ્ટર ૪ના એટીકેટીના પાસ થયેલા ૪૦૦ વિદ્યાર્થીઓ નવા આવતા ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ થશે. જેથી યુનિવર્સિટી દ્વારા દરેક એમ.કોમ. કૉલેજમાં ગ્રાન્ટેડની ૨૫-૨૫ બેઠકો વધુ ભરવા માટેની મંજૂરી આપી છે.

**● વિદ્યાસહાયકોનો પગાર ૧૧૫૦૦થી વધારીને રૂ. ૧૯,૯૫૦ કરવામાં આવ્યો.**

ગુજરાત સરકારે વિદ્યાસહાયકોને પગાર માસિક રૂપિયા ૧૧૫૦૦થી વધારીને રૂ. ૧૯૯૫૦ કર્યો છે. આ નિર્ણય મુજબ જિલ્લા શિક્ષણ સમિતિ, નગર શિક્ષણ સમિતિમાં ફરજ બજાવતાં ૨૧૩૦૦થી વધુ વિદ્યાસહાયકોને અત્યારે ફિક્સ પગારના ધોરણે ૧૧૫૦૦નો પગાર ચૂકવાય છે. હવે તેઓને ૧૯૫૦૦ રૂપિયા પગાર પેટે ચૂકવવામાં આવશે. સરકારશ્રીના આ નિર્ણયને કારણે સરકારને વર્ષે ૨૦૫ કરોડનો બોજો પડશે. આ નિર્ણયનો અમલ ૧ ફેબ્રુઆરી ૨૦૧૭ થી કરાશે.

**● મેડિકલ ડેન્ટલમાં સરકારી બેઠકો પર પ્રવેશ**

મેડિકલ, ડેન્ટલ અને પેરામેડિકલમાં પ્રવેશ માટની ઓનલાઈન સેન્ટ્રલાઈઝ્ડ પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત મેરીટમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓમાંથી ભાગ લઈને ચોઈસ કરનારા ૩૧૬૭૯ વિદ્યાર્થીઓના એલોટમેન્ટમાં મેડિકલ, ડેન્ટલ અને પેરામેડિકલની તમામ બ્રાન્ચના મળીને દસ કોર્સમાં ૧૫૩૦૪ બેઠકો પર હંગામી પ્રવેશ થયો છે એક પણ કોર્સમાં એક પણ કૉલેજની એક પણ બેઠક ખાલી રહી નથી.

---

**શિક્ષકને સૌથી વધારે જરૂર છે અખૂટ ધીરજની. વિદ્યાર્થી આડો થાય, હઠીલો થાય, કહ્યું માને નહિ, ઊંધું કરે, ગાળો બોલે કે બીજાને મારવા પણ દોડે - તોયે જે શિક્ષક ધીરજ ગુમાવતો નથી અને વિદ્યાર્થીના સ્વભાવની નિર્દોષતામાં અને તેના હૃદયના સૌજન્યમાં અખંડ વિશ્વાસ રાખી શકે છે તે જ સાચો શિક્ષક છે.**

**ઘરશાળા' સપ્ટેમ્બર-૧૯૪૦**

## સંસ્થા સમાચાર

# સરસ્વતી નાગરિક સમાજ દ્વારા સૌ પ્રથમ સમાજસેવી કાર્યક્રમ

# સ્વૈચ્છિક રક્તદાન શિબિર -૬ ઑગસ્ટ ૨૦૧૭

સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓમાં અભ્યાસ કરી ગયેલ વિદ્યાર્થીઓના સંગઠન **''સરસ્વતી નાગરિક સમાજ''**ની એપ્રિલ માસના છેલ્લા રવિવારના રોજ સારસ્વતોની મળેલ મીટિંગના એજન્ડામાં સરસ્વતી નાગરિક સમાજ દ્વારા એક સમાજને સેવાકીય કામ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે સૌ પ્રથમ સમાજ સેવી કાર્યક્રમ સિવિલ હૉસ્પિટલના દર્દીઓના લાભાર્થે સ્વૈચ્છિક રક્તદાન શિબિર, શ્રી ચંદ્રપ્રસાદ દેસાઈ હૉલ, બાપુનગર, અમદાવાદ ખાતે તા. ૬ ઑગસ્ટ ૨૦૧૭ રવિવારના રોજ નક્કી કરવામાં આવ્યું હતું.

અમો અરવિંદ મિલ સંચાલિત શ્રી ચંદ્રપ્રસાદ દેસાઈ મેમોરિયલ ફાઉન્ડેશન હૉલ ઉપર બુકિંગ કરાવવા ગયા ત્યારે શ્રી કાન્તિભાઈ પટેલ દ્વારા સરસ્વતી વિદ્યામંડળની પ્રતિષ્ઠાને ધ્યાનમાં રાખીને શ્રી ચંદ્રપ્રસાદ દેસાઈ હૉલને આમાં સહયોગી બનાવવાની ઑફર કરવામાં આવી જે અમોએ સ્વીકારી લીધી હતી. અને હૉલ તથા ડેકોરેશનનો સંપૂર્ણ ખર્ચ શ્રી ચંદ્રપ્રસાદ દેસાઈ મેમોરિયલ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવશે તેવી અમને જાણ કરવામાં આવી હતી. જયારે સિવિલ હૉસ્પિટલની જનરલ બ્લડબેન્કમાં મળવા ગયા ત્યાં અમોને શ્રી સંદીપભાઈ મિશ્રા તથા ડૉ. જયમીનભાઈ ભટ્ટ મળ્યા એમને અમને કાર્યક્રમ કેવી રીતે કરવો તેની સંપૂર્ણ માહિતી આપી હતી.

રક્તદાન શિબિરના કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરી તેમાં વધુમાં વધુ સારસ્વત મિત્રો એકત્રિત થાય તે અંગે જરૂરી માધ્યમો દ્વારા સંપર્ક કરવાનું નક્કી કરવામાં આવ્યું. ફેસબુક, વૉટસઅપ, પર્સનલ સંપર્ક, ગ્રુપ સંપર્ક કરી વધુમાં વધુ સારસ્વત મિત્રો એકત્રિત કરવામાં આવ્યા. જેઓ સક્રિય રહી શકે તેવા લગભગ ૬૦ સારસ્વત ભાઈઓ-બહેનોને સ્વયંસેવકોની ટીમ બનાવી તેઓને વધુમાં વધુ મિત્રો એકત્રિત કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. ઘણા સારસ્વત મિત્રો વિદેશમાં હોવા છતાં પણ ત્યાંથી જૂના મિત્રોનો સંપર્ક કરી તેમની વિગતો આપી હતી.

કાર્યક્રમ સફળ બનાવવા માટે મે માસથી ઑગસ્ટ માસના દરેક રવિવારે સારસ્વતો દ્વારા મીટિંગો કરવામાં આવી હતી. અંતે કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો. છેલ્લા ૨ દિવસે વરસાદે બંધ રહ્યો અને તેણે સૌથી મોટો ફાળો નોંધાવ્યો હતો.

**સરસ્વતી નાગરિક સમાજ તથા શ્રી ચંદ્રપ્રસાદ દેસાઈ મેમોરિયલ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે સિવિલ હૉસ્પિટલના દર્દીઓના લાભાર્થે સિવિલ હૉસ્પિટલ બ્લડ બેન્કના સહયોગથી સ્વૈચ્છિક રક્તદાન શિબિર તા. ૬ ઑગસ્ટ ૨૦૧૭, રવિવાર**ના રોજ આયોજન કરવામાં આવેલ હતું.

કાર્યક્રમનું શરૂઆતમાં મંગલગીત તથા પધારેલ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પધારેલ **મહેમાનોનો આવકાર તથા પરિચય સારસ્વત શ્રી દિલીપસિંહ સોલંકી** દ્વારા તથા **સારસ્વત ડૉ. પરીન્દા પટેલ** તથા **સારસ્વત કિંજલ જાદવ** દ્વારા પધારેલ આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. **સારસ્વત તથા પ્રાથમિક વિભાગની શિક્ષિકા શ્રી અમીષાબેન ભાવસારે** મહેમાનશ્રીઓને પ્રકાશન વિભાગનું પુસ્તક ભેટ કર્યું હતું.

રક્તદાન મહાદાન તેમજ રક્તદાન કરવાથી શું ફાયદા થાય છે તથા ૧ રક્તદાતાના લોહીથી ૪ દર્દીઓને જીવનદાન મળે છે તેની વિસ્તૃત માહિતી **સિવિલ હૉસ્પિટલ બ્લડ બેન્કના મોટીવેટર્સ શ્રી સંદીપભાઈ મિશ્રા** દ્વારા આપવામાં આવી હતી. **અતિથિ વિશેષશ્રી સંજયભાઈ ધાનાણી (એડિશનલ કલેકટર પોરબંદર તથા સરસ્વતી વિદ્યામંડળના સારસ્વત)**એ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. **સ્ટાર હૉસ્પિટલના ચૅરમૅન તથા સરસ્વતી વિદ્યામંડળના સારસ્વત તથા સહયોગી એવા ડૉ. ભાવેશભાઈ ઠક્કરે** ખૂબ જ સરળ ભાષામાં દર્દીઓને લોહી ન મળવાથી થતી તકલીફની તથા રક્તદાતાઓને થતા લાભની વાત કરી હતી. કાર્યક્રમના **મુખ્યમહેમાન શ્રી બી. એમ. શાહ (ટ્રસ્ટી શ્રી ચંદ્રપ્રસાદ દેસાઈ મેમોરિયલ ફાઉન્ડેશન, ડાયરેક્ટર - અમદાવાદ એજ્યુકેશન સોસાયટી, રજિસ્ટાર તથા સી.એફ.ઓ.-અમદાવાદ યુનિવર્સિટી)**એ ખૂબ જ સુંદર માહિતી આપી હતી. અતિથિ વિશેષશ્રી **ડૉ. મનસુખભાઈ કોટડિયા** તથા **પૂર્વ મેયર અસીતભાઈ વોરા, શેઠશ્રી પુનિતભાઈ, શ્રી કાન્તિભાઈ પટેલ, શ્રી નિરજકુમાર લાડ, શ્રી ઉપેન્દ્રભાઈ પટેલ** તથા અમેરિકાથી **શ્રી જ્યોતીન્દ્રભાઈ દવે**એ સૌ રક્તદાતાઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

છેલ્લે **સરસ્વતીના સારસ્વત તથા સરસ્વતી કુમારશાળાના આચાર્યા શ્રી મીતાબહેન મહેતા**એ સૌ સહયોગી તથા સારસ્વતોનો આભાર માની આભારવિધિ કરી હતી.

**તારક મહેતાના ઉલ્ટા ચશ્માના ટીવી સ્ટાર શ્રી મયુરભાઈ વાંકાણીએ (સુન્દર)** કાર્યક્રમમાં હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી. સૌ રક્તદાતાઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

અમો ખાસ આભારી છીએ જેઓએ કાર્યક્રમને સફળતાના શીખર સુધી પહોંચાડનાર એવા સહભાગી તથા માર્ગદર્શક એવા સૌ પ્રથમ **શ્રી કાન્તીભાઈ પટેલ (ચીફ મૅનેજર, ચંદ્રપ્રસાદ દેસાઈ મેમોરિયલ ફાઉન્ડેશન)** જેઓએ હૉલનો સંપૂર્ણ ખર્ચના સહયોગી રહ્યા. **સરસ્વતી વિદ્યામંડળના સારસ્વત ડૉ. ભાવેશભાઈ ઠક્કર (ચૅરમૅન, સ્ટાર હૉસ્પિટલ)** દ્વારા લિપીડ પ્રોફાઈલનો ટેસ્ટ ફીમાં તથા સંપૂર્ણ ચા-નાસ્તો તથા ભોજનના સહયોગી રહ્યા હતા, સારસ્વત **શ્રી જિજ્ઞેશભાઈ પટેલ (ડાયરેકટર, પાર્ક એન્ડ ગાર્ડન વિભાગ, અમ. મ્યુ. કૉર્પોરેશન, અમદાવાદ)** દ્વારા દરેક રક્તદાતાઓને તુલસીનો છોડ અપાવવામાં સહયોગ આપ્યો હતો. **શ્રી અશોકભાઈ (ગણેશ સાઈકલ)**એ રક્તદાતાનો રક્ત આપતો ફોટો તથા ફ્રેમ આપી હતી. સરસ્વતી વિદ્યાલયમાં સને **૧૯૮૫-સાયન્સમાં અભ્યાસ કરી ગયેલા સારસ્વત મિત્રો**એ રક્તદાતાઓને ગીફ્ટ આપી હતી. **શ્રી સજુભા ઝાલા (સહમંત્રી, સરસ્વતી નાગરિક સમાજ), શ્રી ઉપેન્દ્રભાઈ પટેલ (ટ્રસ્ટીશ્રી સરસપુર સેવા ટ્રસ્ટ), શ્રી નવીનભાઈ બારોટ (સારસ્વત તથા પૂર્વ શિક્ષક)** જેઓએ આર્થિક સહયોગ આપ્યો હતો. તદ્‌ઉપરાંત **રક્તદાનના બેનર્સના સહયોગી મિત્રો તથા અન્ય સહયોગી મિત્રોનો તથા સ્વયંસેવક ભાઈઓ-બહેનોનો આભાર.**

**સરસ્વતી નાગરિક સમાજે સૌ પ્રથમ વખત સમાજ સેવાકીય કાર્યક્રમમાં ૧૬૧ રક્તદાતાઓએ સ્વૈચ્છિક રક્તદાન કરી લગભગ ૬૫૦ જેટલા દર્દીઓને નવજીવન આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.** પધારેલ મહેમાનો, આયોજક તથા સારસ્વતો દ્વારા રક્તદાન કરી સમાજમાં એક સુંદર મેસેજ આપ્યો હતો.

**શરૂઆતથી સમગ્ર કાર્યક્રમનું આયોજન સારસ્વત શ્રી કલ્પેશભાઈ પટેલ (કે.ડી.પટેલ), સારસ્વત શ્રી મનીષ પટેલ તથા તેમની ટીમ દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું.**

**દરેક સ્વયંસેવક ભાઈબહેનોને સજુભા સાહેબના હસ્તે રક્તદાન શિબિરમાં સેવા આપવા બદલ પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કર્યા હતા.**

## સરસ્વતી નાગરિક સમાજ તથા શ્રી ચંદ્રપ્રસાદ દેસાઈ મેમોરીયલ ફાઉન્ડેશન દ્વારા તા. ૬ ઓગસ્ટ ૨૦૧૭ના રોજ સ્વૈચ્છિક રક્તદાન શિબિર



Registered under RNI No. GUJ GUJ / 1976 / 33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550/2016-2018 Valid upto 31st December 2018
ઘરશાળા ● સપ્ટેમ્બર - ૨૦૧૭ PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/-● વાર્ષિક લવાજમઃ રૂ. ૧૫૦/-

સમગ્ર અસ્તિત્વનો આધાર પ્રેમ છે. પ્રેમ જગતને જોડવાની કડી છે. પરિવારના સભ્યો વચ્ચે એ સ્નેહને સલામત રાખે છે. માત્ર એક જ પ્રેમ જો ઘટી જાય તો આખોય સમાજ લાગણીહીન અને કઠોર થઈ જાય.

પ્રેમના અભાવે માણસ બીજાનું સૌથી મોટું નુકસાન કરે છે. હત્યા, લુંટફાટ, ઘર સળગાવવું આ બધું પ્રેમના અભાવે થાય છે. પ્રેમાળ મનુષ્ય કદી કોઈનું નુકસાન ન કરી શકે. પ્રેમાળ માણસ કોઈની હત્યા કરે ? સંભવ નથી.

જે બાળકને જીવનની શરૂઆતમાં પ્રેમ નથી મળતો તે બાળક મોટો થઈ આ સમાજમાં આતંક મચાવી, જીવનને નષ્ટ કરવામાં રસ લેતા હોય છે. આતંકવાદને નષ્ટ કરવો હશે તો પ્રેમનો વિસ્તાર કરવો પડશે. બહાર બહારથી દેખાતા ભેદભાવોને ભૂલવા પડશે. ઈંટ અને દીવાલોથી ઊભા થયેલાં મંદિરો, દેવાલયો, ચર્ચો કે મસ્જિદોના મિનારા કદી પણ માણસને એક નહીં કરી શકે. એ માટે તો ઈર્ષ્યાની દીવાલો તોડી પ્રેમના જીવંત અને ખુલ્લા મંદિરો ઉભાં કરવાં પડશે.

જે ધર્મ પ્રેમને બદલે નફરત શીખવતો હોય તે ધર્મ નથી. આવા ધર્મના નામે જીવન બરબાદ કરવાનો કોઈ અર્થ નથી. જીવ માત્ર પ્રત્યે જે પ્રેમ અને આત્મીયતાનો અનુભવ આપે, એ માટે પ્રેરિત કરે તે જ ખરો ધર્મ છે. પરમાત્મા ઈંટ પત્થરના કોઈ મંદિરમાં નહીં, મનુષ્યના હૃદયમાં વસે છે. જગતમાં હવે આવા ભેદભાવો વધારનારા સંપ્રદાયોને જલ્દીથી ભૂંસી નાખવા જોઈએ. સંપ્રદાય એ વિષ છે, પ્રેમ એ અમૃત છે. સૃષ્ટિ ઉપર હવે ધર્મોની નહીં, હૃદયમાં પ્રેમ ધરાવતી હોય એવી ધાર્મિકતાની જરૂર છે. ધાર્મિક કટ્ટરતા માણસ-માણસ વચ્ચે પારદર્શક દીવાલ છે. એ દીવાલ તોડવાનો સમય પાકી ગયો છે.

જીવન એ જ ઉપવનમાંથી સાભાર...

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.